આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૩૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકાના હવાઈ હુમલા વચ્ચે તણાવની પરિસ્થિતિ

## વાપીના ઉદ્યોગોમાં પીએનજી ગેસ પુરવઠામાં ૫૦ ટકા કાપ મુકતા મુશ્કેલી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** ગુજરાત ગેસ કંપની દ્વારા ઉદ્યોગોને પુરા પાડવામાં આવતાં પીએનજી ગેસના પુરવઠામાં તાત્કાલિક અસરથી મુકાયેલા ૫૦ ટકા કાપને દસ દિવસ મુલતવી રાખવા માંગ કરવામાં આવી છે. યુદ્ધનાકારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે ઉદ્યોગોએ અગાઉથી લીધેલા ઓર્ડર પુરા કરવામાં આ સ્થિતિ મોટું વિઘ્ન ઊભું કરી શકે તેમ હોવાથી સરકાર દ્વારા ગેસના વિકલ્પ તરીકે અન્ય સ્ત્રોતના ઉપયોગની મંજુરી આપવામાં આવે તેવી ઉદ્યોગકારો આશા રાખી રહ્યા છે.

ઈઝરાયેલ ઈરાન અને અમેરિકા દ્વારા હવાઈ હુમલા તેમજ યુદ્ધમાં અખાતી દેશો પર પણ તેની અસર જોવા મળી છે. જેના કારણે એક્સપોર્ટની સાથે લોજિસ્ટિક તેમજ ઈમ્પોર્ટ પર પણ તેની વિપરિત અસર પડી રહી છે. યુદ્ધ લંબાઈ શકે તેવી સંભવિત અસરને જોતાં ગુજરાત ગેસ સાથે કોન્ટ્રાક્ટ કરાયેલા ઉદ્યોગોને પુરા પાડવામાં આવતાં પીએનજી ગેસના પુરવઠામાં તાત્કાલિક અસરથી ૫૦ ટકાનો કાપ મુકી દેવામાં આવ્યો છે. જેનો અમલ તા.૬ માર્ચથી લાગુ થયો છે જેમાં ફેબ્રુઆરીમાં ઉપયોગમાં લેવાયેલા વપરાશના ૫૦ ટકા જ ગેસ પુરવઠો આપવામાં આવશે. ગુજરાત ગેસના આ નિર્ણયથી વાપી જીઆઈડીસી તેમજ વલસાડ જિલ્લામાં આવેલા ઈન્ડસ્ટ્રીઝ ધરાવતા ઉદ્યોગકારોમાં ભારે ચિંતા ફેલાઈ ગઈ છે.

ઉદ્યોગકારોનું માનવું છેકે તાત્કાલિક અસરથી મુકાયેલો આ કાપ તેમના ઉત્પાદન પર વિપરિત અસર પાડી શકે છે. આ અંગે ઉદ્યોગકારો વતી ગેસ કંપનીને ઈમેલ કરી તાત્કાલિક અમલ ન કરવા તેમજ ૫૦ % કાપના સ્થળે ૧૦ % કાપ મુકવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

જોકે વાપી જીઆઈડીસી ખાતે આવેલા કેટલાક ઉદ્યોગોમાં સ્ટીમ આધારિત ઉત્પાદન થાય છે. તેમાં પણ ભાવ વધારો કરવામાં આવતા ઉદ્યોગકારો મુશ્કેલીમાં મુકાયા છે તો કેટલાક ઉદ્યોગ બોઈલર આધારિત હોય છે. તેમાં પણ કોલસાનો ભાવ વધતા તેઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે જોકે આ અંગે વાપીમાં આવેલી કેમિકલ ઉત્પાદન કરતી કંપનીઓને રો મટીરીયલનો ભાવ વધારો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાનો તેમજ ઉત્પાદન ખર્ચ પણ વધી જતા બહુ વધારો થવાની શક્યતા ને લઈ મુશ્કેલીમાં પણ મુકાયા છે અને જો માલ તૈયાર થઈ ગયો હોય તેને વિદેશોમાં મોકલાવવા માટે પણ યુદ્ધના કારણે બંધ થાય તો ઉદ્યોગ કરો ખૂબ જ મુશ્કેલીમાં મુકાશે.

## ઉમરગામના ૨૫થી વધુ માછીમારો ઈરાનના કિસ્ટ ટાપુ પર ફસાયા

### ઈરાનમાં ફસાયેલા પરિવારના સભ્યોને હેમખેમ ભારત લાવવા સરકાર પાસે મદદની માંગ કરી છે

**ઉમરગામ, તા.૬ :** ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધને લઈ સમગ્ર ખાડીના દેશોમાં અત્યારે યુદ્ધ જેવી પરિસ્થિતિ છે. ત્યારે ઉમરગામના મરોલી ગામના ૨૫ થી વધુ માછીમારો ઈરાનના કિસ્ટ ટાપુ પર ફસાતા મુશ્કેલીમાં મુકાયા છે. પરિવારજનો સાથે છેલ્લા પાંચ-છ દિવસથી સંપર્ક નહીં થતા ચિંતા મુકાયા છે. પરિવારે ઈરાન માછીમારી કરવા ગયેલા લોકોને હેમખેમ ભારત પરત લાવવા સરકારને સહયોગ કરવા અપીલ કરી છે.



ફસાયેલા માછીમારોને હેમખેમ પરત લાવવા સરકારને અપીલ કરી છે. ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધને લઈ સમગ્ર ખાડીના દેશોમાં અત્યારે યુદ્ધ જેવી પરિસ્થિતિ છે. ત્યારે આ યુદ્ધની સીધી અસર વલસાડ જિલ્લાના ઉમરગામના દરિયા કિનારે આવેલા મરોલી ગામના અનેક પરિવારોને થઈ રહી છે કારણ કે આ ગામના ૨૫ થી વધુ લોકો માછીમારી કરવા ઈરાનના કિસ્ટ ટાપુ પર ગયા હતા. જો કે યુદ્ધના માહોલ વચ્ચે પરિવારજનોનો છેલ્લા પાંચ-છ દિવસથી સંપર્ક તુટી ગયો છે. સ્વજનોની કોઈ માહિતી નહીં મળતા પરિવારજનો ચિંતામાં મુકાયા છે. મરોલી ગામે રહેતા પરિવારની મહિલાઓએ જણાવ્યું કે ઈરાનમાં યુદ્ધના માહોલને કારણે અમારી ચિંતા વધી ગઈ છે. માછીમારી કરવા ગયેલા પરિવારના સભ્ય સાથે હાલમાં કોઈ સંપર્ક થતો નથી. માછીમારો યુદ્ધને કારણે કિસ્ટ ટાપુથી અન્યત્ર દરિયામાં જીવ બચાવવા જતા રહ્યા છે. ઈરાનમાં ફસાયેલા પરિવારના સભ્યોને હેમખેમ ભારત લાવવા સરકાર પાસે મદદની માંગ કરી છે. ગામના આગેવાનો દ્વારા ઈરાનમાં ફસાયેલા માછીમારોને પરત લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

## અબ્રામાની સોસાયટીમાં ગેરકાયદે દુકાનો સામે જીલ્લા મેજીસ્ટ્રેટને ફરિયાદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ નગરપાલિકાના અબ્રામા આવેલ દર્પણ કો.ઓ. હાઉસિંગ સોસાયટીમાં ગેરકાયદેસર રીતે દુકાનો તાણી બાંધતા વોર્ડ નંબર ત્રણના જાગૃત સભ્યોએ જે અંગે વલસાડ જિલ્લા રજીસ્ટાર વલસાડ પાલિકા અને કલેકટરને લેખિત રજૂઆત કરી આ દુકાન બંધનારા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા અબ્રામાના અંબાજી નગર સોસાયટીના રહીશ અને વોર્ડ નં.૩ ના નગરપાલિકા ભાજપના સભ્ય જીજ્ઞેશ ડાહ્યાભાઈ પટેલે વલસાડ જિલ્લા રજીસ્ટાર કચેરી, વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસર અને વલસાડ જિલ્લા કલેકટરને લેખિતમાં રજૂઆત તરીકે વલસાડના પોલીસ હેડ ક્વાર્ટર્સ પાસે આવેલી દર્પણ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ. દર્પણ સોસાયટી ને માત્ર રહેણાંક હેતુ માટે ફાળવવામાં આવેલી જમીન છે. તેમ છતાં, સોસાયટીના પોલીસ હેડ ક્વાર્ટર્સ રોડને અડીને આવેલા કેટલાક સભ્યોએ પોતાની રહેણાંક જમીનમાં શરતભંગ કરીને પાકી દુકાનો તાણી બાંધી છે. આ દુકાનોમાં સભ્યો જાતે ધંધો કરવા ઉપરાંત અન્ય વ્યક્તિઓને ભાડે આપી વ્યાપારી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. આ બાબતે સોસાયટીના પ્રમુખને અગાઉ જાણ કરવામાં આવી હતી, પરંતુ તેમના દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન કરવામાં આવતા આખરે તંત્ર સમક્ષ ન્યાયની માંગ કરવામાં આવી છે. આ ગેરકાયદે કોમર્શિયલ પ્રવૃત્તિઓને કારણે રોડ પર ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે. આ દુકાનો મુખ્ય માર્ગને અડીને આવેલી હોવાથી ગ્રાહકો પોતાના વાહનો રોડ ઉપર આડેધડ પાર્કિંગ કરતા હોય જેને લઈ અકસ્માત નો ભય સતાવી રહ્યો છે. તો આ ઉપરાંત રહેણાંક વિસ્તારમાં અજાણ્યા લોકોની અવર-જવર વધતા સ્થાનિક રહેશો માટે મોટો ન્યુસન્સ ઊભું થઈ રહ્યું છે. નગરપાલિકા સભ્યએ રહેણાંક હેતુની જમીનમાં થયેલ આ ગેરકાયદે બાંધકામ સામે તાત્કાલિક શરતભંગની કાર્યવાહી કરવામાં આવે અને સોસાયટીના પ્રમુખને સૂચના આપી આ પ્રવૃત્તિઓ સત્વરે બંધ કરાવવામાં જો તંત્ર દ્વારા આ બાબતે કડક પગલાં લેવામાં નહીં આવે તો રહીશોની સુરક્ષા અને સુવિધા જોખમાશે તે નક્કી છે.

## સેલવાસમાં જીલ્લા કક્ષાના રમતોત્સવનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૬ :** દાદરા નગર હવેલી પ્રશાસન અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે સેલવાસ સ્થિત સ્ટેડિયમ ગ્રાઉન્ડ ખાતે ડિસ્ટ્રિક્ટ લેવલ ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્ઘાટન જિલ્લા પંચાયતના સીઈઓના હસ્તે કરવામાં આવ્યું હતું.આ ખેલ મહોત્સવમાં જિલ્લાના વિવિધ શાળાના વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્પર્ધામાં તેવા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે જેઓ અગાઉ સ્કૂલ લેવલ અને ઝોન લેવલની સ્પર્ધાઓમાં વિજેતા બની જિલ્લા સ્તર સુધી પહોંચ્યા છે.જિલ્લા સ્તરની આ રમતોત્સવ સ્પર્ધામાં નગરપાલિકા વિસ્તારની શાળાઓ તેમજ જિલ્લા પંચાયત હેઠળ આવતી શાળાઓના બે હજારથી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ખેલ મહોત્સવ દરમિયાન એથ્લેટિક્સ સહિત વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાશે, જેથી વિદ્યાર્થીઓને પોતાની રમતગમત પ્રતિભા પ્રદર્શિત કરવાની તક મળશે.આ અવસરે શાળાના આચાર્યો, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતુ.

## વાપીમાં વિકસિત ભારત યુથ પાર્લામેન્ટનો શુભારંભ

### વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા યુવાનો રાષ્ટ્રનિર્માણમાં જોડાય : મંત્રી કનુભાઈ દેસાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલયના ફ્લેગશિપ પ્રોગ્રામ અંતર્ગત 'માય ભારત' (MY Bharat) વલસાડ દ્વારા આજે ૬ માર્ચ, ૨૦૨૬ના રોજ વાપીની કે.બી.એસ. કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના કેબિનેટ નાણા મંત્રી કનુભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કર્યા બાદ ઉપસ્થિત યુવા સંસદીયોને સંબોધતા નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના 'વિકસિત ભારત @૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવામાં યુવાનોની ભૂમિકા સૌથી મહત્વની છે. તેમણે સહભાગી યુવાનોને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય ફાળો આપવા અને વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થવા પ્રેરિત કર્યા હતા.

આ યુથ પાર્લામેન્ટમાં વલસાડ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આવેલા યુવાનોએ રાષ્ટ્રીય મહત્વના વિષયો પર ગહન ચર્ચા કરી હતી. સ્પર્ધાના અંતે નિર્ણાયકો દ્વારા વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. આ જિલ્લા કક્ષાના વિજેતાઓ હવે આગામી સમયમાં યોજાનારી રાજ્ય કક્ષાની યુથ પાર્લામેન્ટમાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

આ પ્રસંગે ભારત સરકારના માય ભારત વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર સચિન શર્માએ યોજનાની રૂપરેખા આપી હતી. વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ સતીશભાઈ પટેલે ઔદ્યોગિક વિકાસમાં યુવા શક્તિના મહત્વ પર ભાર મૂક્યો હતો. ભાજપ વાપી શહેર પ્રમુખ મનીષભાઈ દેસાઈએ યુવાનોને સંગઠિત થઈ દેશસેવામાં જોડાવા આહવાન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન માય ભારતના સ્વયંસેવક ગણપત સિંહ રાઠોડ અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ ખુશ્બુબેન દેસાઈ અને એમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે ગણપત સિંહ રાઠોડે અગાઉ 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ૨૦૨૬' માં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી ગૌરવ વધાર્યું છે. આ કાર્યક્રમમાં હરિયા એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી એ. કે. શાહ અને કે.બી.એસ. કોલેજના પ્રિન્સિપાલ શ્રીમતી પૂનમબેન ચૌહાણ સહિત અન્ય મહાનુભાવો, અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વણગામમાં દીપડાએ હુમલો કરતાં ૧૦ બકરાંના મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૬ :** ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારમાં વણગામ ગામના આહીરવાસમાં દીપડાનો આતંક જોવા મળ્યો હતો. શુક્રવારે વહેલી સવારે દીપડાએ પશુપાલકના ઘર લગોલગ બકરાંની વાયણીમાં હુમલો કરતા ૧૧ બકરાંનો શિકાર કર્યો હતો. જેમાં ૧૦ બકરાંના ઘટનાસ્થળે મોત થયા હતા જ્યારે એક બકરો ગંભીર રીતે ઘાયલ હાલતમાં છે. ઘટનાને પગલે વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.



મળતી માહિતી મુજબ બીલીમોરા કોસ્ટલ હાઈવે નજીક વણગામ આહીરવાસમાં રહેતા પશુપાલક સુરેશભાઈ જોગીભાઈ આહીરે પોતાના પાલતું બકરાં માટે શેડમાં વાયણી બનાવી હતી, જ્યાં રોજ રાત્રે બકરાં રાખવામાં આવતા હતા. શુક્રવારે વહેલી સવારે દીપડો વાયણીમાં ઘૂસી ગયો હતો અને એક બાદ એક બકરાં પર હુમલો કર્યો હતો. ભારે હાહાકાર વચ્ચે દીપડાએ ૧૧ બકરાંને નિશાન બનાવ્યા હતા. જેને પગલે પશુપાલક ને લાખો રૂપિયા ની નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ પશુપાલકએ ગણદેવી વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. દીપડાને પકડવા માટે મૃત બકરાંનું મારણ મૂકી પાંજરું ગોઠવવામાં આવ્યું છે. વણગામ અને આસપાસના વિસ્તારમાં દીપડાના વધતા આતંકને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે અને વન વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

પ્રોડક્સન સુપરવાયઝર જોઈએ છે.
SDA PRODUCT કંપનીમાં
SARIGAM, VAPI માં
બીએસસી 1 વર્ષના અનુભવી / ફ્રેશર
મેલ જોઈયે છે
રેહવાની સગવડ પણ આપવામાં આવશે
Call : 9930160151, 9137849839
Email : sales@sdagroup.in

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
WWW.DAMANGANGATIMES.COM

CIRCUS
માત્ર વિદેશી કલાકારો દ્વારા ભજવાતું ભારતનું એકમાત્ર ભવ્ય સર્કસ
શો સમય ગાળો 2 કલાક
OLYMPIAN CIRCUS PRESENTS
ઈન્ટરનેશનલ સર્કસ ફેસ્ટીવલ
રશીયન, મેક્સીકન, યુથોપીયન, આફ્રિકન, મેંગોલીયન કલાકારો સાથે કદી ન જોયા હોય તેવા જબરદસ્ત સ્ટંટ
વાપીમાં પહેલી જ વાર એનિમલ હૉલોગ્રામ શો અને ભવ્ય લેસર શો
વાપી-ચલા મુક્તાનંદ માર્ગ મહાદેવ મંદિરની બાજુમાં
દરરોજ 2 શો 6.00 9.00
શનિ-રવિ 3 શો 3.00 6.00 9.00
ટીકીટ બુકીંગ સ્થળ ઉપર સવારે ૧૦ થી આખો દિવસ
Online Tickets on : bookmyshow
સંપર્ક : 7990555636
Follow us : @suratjanta

VIMAL POWERS
V-GUARD
ઘર હોય કે ઓફિસ
સ્ટાઈલ અને ડીઝાઈનર પંખા તો
V- GUARD ના જ
ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

# વાંસદા તાલુકામાં વિકાસકામોના ભૂમિપુજન અને લોકાર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૬ :** વાંસદા તાલુકાના સર્વાંગી વિકાસને વેગ આપતા આજે રસ્તા અને મકાન વિભાગ અંતર્ગત રાણીફળીયા, કુરેલીયા, કુકડા,ધરમપુરી, વાંદરવેલા અને ચાપલધરા ગામે વિવિધ જનહિતલક્ષી પ્રકલ્પોનું ભવ્ય લોકાર્પણ અને ખાતમુહૂર્ત/ ભુમિપુજન કાર્યક્રમ યોજાયા હતા. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના માનનીય કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, આદિજાતી વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત સરકાર અને માન.લોકસભા દંડક તથા સંસદસભ્ય (૨૬- વલસાડ, ડાંગ) ધવલભાઈ એલ. પટેલ ના વરદ હસ્તે કુલ રકમ રૂ. ૭૦.૯૩ કરોડના રસ્તા અને મકાનોના કુલ ૭૧ કામોનું જનતા માટે લોકાર્પણ અને ખાતમુહૂર્ત/ભુમિપુજન કરી ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવામાં આવી હતી. જેમાં પરેશભાઇ દેસાઇ પ્રમુખ જિલ્લા પંચાયત નવસારી, બાલુભાઇ પાડવી અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ, અંબાબેન એન. માહલા ઉપપ્રમુખ જિલ્લા પંચાયત, દિપ્તીબેન પટેલ પ્રમુખ તાલુકા પંચાયત વાંસદા ઉપસ્થિત રહ્યા હતા. વાંસદા તાલુકાના અંતરિયાળ આદિવાસી અને ડુંગરાળ વિસ્તારને તાલુકાના મુખ્ય મથક તથા જિલ્લા મથકને જોડતા મુખ્ય માર્ગોનું કંન્સ્ટ્રકશન અને નવીનીકરણ થવાથી વાહનવ્યવહાર વધુ સુગમ બનશે અને ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થશે. ખાતમુહૂર્ત કરવામાં આવેલા નવા માર્ગો ગ્રામ્ય અને શહેરી વિસ્તાર વચ્ચેનું અંતર ઘટાડશે, જે આર્થિક અને સામાજિક રીતે પથપ્રદર્શક સાબિત થશે. અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જે બનવાથી સ્થાનિક ગ્રામજનોને વહીવટી કામોમાં સરળતા રહેશે.તથા ગામના બાળકોના ભવિષ્યના પાયારૂપ આંગણવાડી મકાનનું બાંધકામ થવાથી સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય અને પોષણની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્ય અતિથિઓ એ જણાવ્યું હતું કે, સરકાર છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવા કટિબદ્ધ છે. મજબૂત રોડ નેટવર્ક એ કોઈ પણ પ્રદેશના વિકાસની જીવાદોરી હોય છે અને આજના આ કામોથી સ્થાનિક રોજગારી અને સુખાકારીમાં મોટો વધારો થશે. આ કાર્યક્રમમાં માર્ગ અને મકાન વિભાગ જિલ્લા પંચાયત નવસારીની પેટા કચેરી વાંસદાના અધિકારીઓ / કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે પેટા વિભાગીય કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા કામની વિગતો આપવામાં આવી હતી.

ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા

# ગણદેવીમાં બે દિવસીય 'સંવાદ બેઠક' યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૬ :** ખાંડ સહકારી મંડળીઓ વધુ સક્ષમ બને તેમજ સહકારી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન મળે તે હેતુસર બે દિવસીય સંવાદ બેઠકનું આયોજન નવસારી જિલ્લાના ગણદેવી સ્થિત ગણદેવી ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ. ખાતે કરવામાં આવ્યું હતું. આ બેઠકનું આયોજન નિયામક (ખાંડ તંત્ર), ગાંધીનગર તથા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી, નવસારી દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

આ સંવાદ બેઠકનો મુખ્ય હેતુ ખાંડ સહકારી ક્ષેત્રના વિકાસ અંગે માર્ગદર્શન આપવું, મંડળીઓની કાર્યક્ષમતા વધારવા અંગે ચર્ચા કરવી તેમજ વિવિધ પ્રશ્નો અને પડકારોને લઈને વિચાર વિમર્શ કરવો રહ્યો હતો. બેઠક દરમિયાન ખાંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રશાસકીય અને તકનીકી મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે નિયામક (ખાંડ તંત્ર), ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી નવસારી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી વલસાડ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી સુરત તથા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી નર્મદા ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાંત ગણદેવી, મહુવા, કોપર, વ્યારા, નર્મદા, બારડોલી, ચલથાણ, વડોદરા, સાયણ, મઢી અને પંડવાઈ સહિત વિવિધ સુગર મિલોના મેનેજિંગ ડાયરેક્ટર તથા એગ્રીકલ્ચર ઓફિસરો પણ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન ખાંડ સહકારી મંડળીઓની કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવવાના માર્ગો, ખેડૂતોને વધુ લાભદાયી યોજનાઓ સાથે જોડવાના પ્રયાસો તેમજ ખાંડ ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે સંકલિત પ્રયત્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ સંવાદ બેઠક સહકારી ખાંડ ઉદ્યોગને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે તેવી લાગણી ઉપસ્થિતોએ વ્યક્ત કરી હતી.

# ડાંગમાં હોળી પર્વે પરંપરા અને આધુનિકતાનો અનોખો સંગમ રચાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૬ :** હોળીના પવિત્ર પર્વ બાદ સમગ્ર ડાંગ જિલ્લામાં ધૂળેટી પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. ડાંગના મુખ્ય મથક આહવાથી લઈને વઘઈ, સુબિર અને અંતરિયાળ ગામડાઓમાં વસતા લોકોએ એકબીજાને ગુલાલથી રંગીને ભાઈચારાનો સંદેશ પાઠવ્યો હતો.ડાંગની સંસ્કૃતિમાં હોળી-ધૂળેટીનું વિશેષ મહત્વ છે. આહવા, વઘઈ અને સુબિર પંથકના ગામડાઓમાં વહેલી સવારથી જ યુવાનો અને બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.અનેક ગામોમાં ઢોલ-નગારાના તાલે પરંપરાગત ડાંગી નૃત્યોની રમઝટ બોલી હતી. ગ્રામજનોએ એકબીજા પર કુદરતી રંગો અને ગુલાલ છાંટીને પર્વની મજા માણી હતી. ખેતીકામમાંથી વિરામ લઈને લોકોએ આ તહેવારને ધામધૂમથી




વધાવ્યો હતો. ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે ધૂળેટીની ઉજવણી પરાકાષ્ઠાએ જોવા મળી હતી.

હોળી-ધૂળેટીના મિની વેકેશનનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. સાપુતારાની વિવિધ ખાનગી હોટલો અને રિસોર્ટ દ્વારા પ્રવાસીઓ માટે ખાસ રેઈન ડાન્સ અને મ્યુઝિકલ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસીઓએ ઠંડા આહલાદક વાતાવરણમાં ડાંગી સંસ્કૃતિની ઝલક સાથે આધુનિક મ્યુઝિકના તાલે રંગોત્સવની ઉજવણી કરી હતી. સાપુતારાના માર્ગો જાણે રંગબેરંગી ગુલાલથી રંગાઈ ગયા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.સમગ્ર જિલ્લામાં ધૂળેટી પર્વ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ખાસ કરીને પ્રવાસન સ્થળો અને સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું હતુ.

ડાંગ જિલ્લામાં ૮ માર્ચે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી અંતર્ગત

# આહવામાં આજે મહિલા સંમેલન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૦૬ :** ડાંગ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે તારીખ ૮ મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ - ૨૦૨૬ નિમિત્તે આહવા ના ડાંગ દરબાર હોલ ખાતે મહિલા સંમેલનઌનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓના સશક્તિકરણના પ્રયત્નો અંગે જાગૃતિ ફેલાવવાનો તથા વિવિધ સરકારી યોજનાઓનો લાભ છેવાડાની મહિલાઓ સુધી પહોંચાડવાનો છે.

સંયુક્ત રાષ્ટ્ર સંગઠન દ્વારા જાહેર કરાયેલ વર્ષ ૨૦૨૬ માટેના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ "Rights, Justice, Action For All Women and Girls" અન્વયે મહિલાઓના અધિકાર, ન્યાય અને સશક્તિકરણ અંગે જાગૃતિ ફેલાવવાનો મુખ્ય હેતુ ધ્યાને રાખી પ્રમુખ, જિલ્લા પંચાયતના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

મહિલા સંમેલનમાં મહિલા ઉદ્યોગ સાહસિકનું સન્માન, મહિલા સરપંચ/બાલિકા પંચાયતની દીકરીઓનું સન્માન, વ્હાલી દીકરી કીટ/મંજુરી હુકમ, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓને મંજુરી હુકમ વિતરણ, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ અને મહિલા સ્વાવલંબન યોજનાના લાભાર્થીઓને ચેક/સહાય વિતરણ તેમજ અન્ય વિભાગોની મહિલાલક્ષી યોજનાઓના લાભ વિતરણ કરવામાં આવશે.

જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકની કચેરી, નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા પુરવઠા અધિકારી, કાર્યપાલક ઈજનેર, (સ્ટેટ અને પંચાયત), જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, મેનેજરશ્રી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પ્રોગામ ઓફિસર આઈ.સી.ડી.એસ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, લીડ બેંક મેનેજર, જિલ્લા રોજગાર અધિકારી તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારી વગેરે કચેરીઓ સહભાગી બની મહિલા સંમેલન સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

તે ઉપરાંત વિવિધ વિભાગો દ્વારા માહિતીપ્રદ સ્ટોલનું આયોજન કરવામાં આવશે. જેમાં પોલીસ સ્ટેશન, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો યોજના, ડીસ્ટ્રીક્ટ ચાઈલ્ડ પ્રોટેક્શન યુનિટ, લીડ બેંક, આંગણવાડી કેન્દ્રોમાં અપાતા ફૂડ પોષણનું પ્રદર્શન, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમનો સ્ટોલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ડિજિટલ સાક્ષરતા, સાયબર સિક્યોરિટી વગેરે સ્ટોલ મારફત મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવશે.

જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાના પદાધિકારી, સામાજિક આગેવાનો, મહિલાઓ, કિશોરીઓ, જાહેર જનતા, મહિલા ઉદ્યોગ સાહસિકો, મહિલા ખેડૂત, મહિલા અને બાળ વિકાસ વિભાગની યોજનાઓના લાભાર્થી બહેનોને આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં હાજર રહેવા જિલ્લા મહિલા અને બાળ અધિકારી આહવા ડાંગની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# નવસારી મનપા વિસ્તારની શાળાઓ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ માટે અરજી કરી શકશે

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૦૬ :** સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન નવસારી જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) શરૂ કરવાની યોજના હાથ ધરવામાં આવી છે. તે અનુસંધાને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નવસારી દ્વારા આ સ્પોર્ટ્સ સ્કૂલ શરૂ કરવા માટે રસ ધરાવતી શાળાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. શાળાની પસંદગી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નિયમ મુજબ કરવામાં આવશે. નવસારી જિલ્લામાં મહાનગરપાલિકા વિસ્તારમાં આવતી શાળાઓનો જ સમાવેશ કરવામાં આવશે.

જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ માટે શાળામાં ઉચ્ચતર માધ્યમિક સ્તર સુધીની શિક્ષણ સુવિધા હોવી જરૂરી છે. સાથે જ રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૩ એકર જમીન તથા શાળામાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોર રમત માટે જરૂરી માળખાકીય સુવિધાઓ હોવી આવશ્યક છે. વધુમાં ઓછામાં ઓછા ૨૦૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ. છેલ્લા ત્રણ વર્ષમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ પરીક્ષામાં સાતત્યપૂર્ણ સારા પરિણામ સાથે લઘુત્તમ ૭૦ ટકા પરિણામ હોવું પણ જરૂરી ગણાશે. પ્રાથમિક ખેલ સુવિધા તથા વિકસિત મેદાન ઉપલબ્ધ હોય તેવી શાળાઓને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે. આ મુજબ માપદંડ ધરાવતી શાળાઓએ તા. ૧૧ માર્ચ- ૨૦૨૬ના રોજ કચેરી સમય દરમિયાન સાંજે ૦૬:૧૦ કલાક સુધીમાં જરૂરી આધાર-પુરાવા સાથે અરજી જિલ્લા રમત વિકાસ અધિકારી, ઓફિસ નં. ૧/૨, બીજો માળ, જવાહરલાલ નેહરુ શોપિંગ સેન્ટર, મોંઢ ઘાચી પંચની વાડી સામે, ગુજરાત સમાચારની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી-૩૯૬૪૪૫ ને રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટ દ્વારા અથવા રૂબરૂ પહોંચાડવાની રહેશે. વધુ માહિતી માટે જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નવસારીનો સંપર્ક કરવો. આ અગાઉ અરજી કરી હોય તે શાળાઓએ પણ ફરજિયાત ફરી અરજી કરવાની રહેશે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ડાંગ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો સાથે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઇ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૬ :**ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર પ્રેરિત અને પ્રયોશા પ્રતિષ્ઠાન સંચાલિત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી થીમ આધારીત રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી ૩ જી ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન તજજ્ઞોના વ્યાખ્યાનો, વિજ્ઞાન પ્રદર્શન, આકાશ દર્શન, ફન વિથ સાયન્સ, સાયન્સ કવીઝ, સાયન્સ ફિલ્મ શો, હેન્ડ્સ ઓન એક્ટિવિટી જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી.ઉપરોક્ત તમામ પ્રવૃત્તિઓનું આયોજન પ્રયોશા લોક વિજ્ઞાન કેન્દ્ર તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કરી વિધાર્થીઓની વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે તે માટે ના ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા. ડૉ. સી.વી. રામનના જીવન અને શોધ કાર્ય આધારિત ફિલ્મ શો નો ખાસ આયોજન કરી તેમના જીવન અને શોધ કાર્ય વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. હેન્ડસ ઓન એક્ટિવિટી અંતર્ગત વિવિધ પ્રયોગોનું નિદર્શન કરી તેના પાછળના વૈજ્ઞાનિક સિધ્ધાંતોની સમજ કો- ઓર્ડીનેટર રતિલાલ સૂર્યવંશી દ્વારા આપવામાં આવી હતી.

# આજથી આહવા પંથકમાં સેવાસેતુ કાર્યક્રમો યોજાશે

**આહવા, તા. ૦૬ :** રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તથા વહીવટમા કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા અને જવાબદારીપણાની બાબત રાજ્ય સરકાર માટે હાર્દ સમાન છે. જેને ધ્યાને લઈ પ્રજાજનોના વ્યક્તિગત પ્રશ્નો અને સેવાઓ તેમના રહેઠાણ નજીકના સ્થળે તે જ દિવસે ઉકેલાઈ શકે તેવા ઉમદા હેતુને ધ્યાને લઈ તારીખ ૭ થી ૧૩ માર્ચ ૨૦૨૬ દરમિયાન આહવા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને તાલુકા કક્ષાએ સેવાસેતુના કાર્યક્રમ યોજનાર છે.

જેમાં આહવા તાલુકામાં આગામી તારીખ ૭/૩/૨૦૨૬ રોજ પ્રાથમિક શાળા ગાડવિહિરમા સેવાસેતુનો કાર્યક્રમ યોજાશે, જેમાં ગાડવિહિર, ચિંચલી, ટાંકલીપાડા, હારપાડા, ગડદ, મોરઝીરા, ડોન, નાંદનપેડા અને કડમાળ ગ્રામ પંચાયતોનો સમાવેશ કરાયો છે. તારીખ ૯/૩/૨૦૨૬ ના રોજ પ્રાથમિક શાળા ચિકટીયા ખાતે સેવાસેતુનો કાર્યક્રમ યોજાશે. જેમાં હનવંતચોંડ, પિંપરી, ચિકટીયા અને ભવાનદગડ ગ્રામ પંચાયતોનો સમાવેશ કરાયો છે.

તા. ૧૧/૩/૨૦૨૬ ના રોજ બોરખલ પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુનો કાર્યક્રમ યોજાશે, જેમાં લહના ચર્યા, ચૌક્યા, બોરખેત, લીંગા, કામદ, વાસુર્ણા અને ઉમરપાડા ગ્રામ પંચાયતનો સમાવેશ કરાયો છે. તેમજ તારીખ ૧૩/૩/૨૦૨૬ ના રોજ પ્રાથમિક શાળા શામગહાન ખાતે સેવાસેતુનો કાર્યક્રમ યોજાશે. જેમાં શામગહાન, બારીપાડા, ચિખલી, પિપલપાડા, ગોટીયામાળ, સોનુનિયા, ભાપખલ, જાખાના, ગલકુંડ, અને માંલેગામ ગ્રામ પંચાયતનો સમાવેશ કરાયો છે. સેવાસેતુના કાર્યક્રમ દ્વારા ઘરઆંગણે જ લોકોને સરકારની વિવિધ યોજનાઓ લાભ આપવામાં આવશે જેથી આ તમામ ગ્રામ પંચાયતના લોકોને સેવા સેતુ કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

આ તમામ સેવાસેતુના કાર્યક્રમો સવારે ૯ થી સાંજના ૫ વાંગ્યા સુધી યોજાશે. મહેસુલી સેવાઓનો ઘર આંગણે જ લાભ મળશે.

# વાપીની ઝેવિયર્સ શાળામાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપ,ી તા. ૦૬ :** શાળામાં વિદ્યાર્થીઓને ભવિષ્યના કરિયર અંગે માર્ગદર્શન આપવા માહિતીસભર સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૯ બેચની પૂર્વ વિદ્યાર્થીની યશસ્વી ટૈંક મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં તેઓ 21st Century Hospitals ખાતે જુનિયર એમ્બ્રાયોલોજિસ્ટ તરીકે સેવા આપી રહ્યા છે. સત્ર દરમિયાન તેમણે ક્લિનિકલ એમ્બ્રાયોલોજી અને Assisted Reproductive Technology (ART) ક્ષેત્ર વિશે સરળ ભાષામાં માહિતી આપી. સાથે જ IVF પ્રક્રિયા અને એમ્બ્રાયોલોજિસ્ટની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે પણ વિદ્યાર્થીઓને સમજાવ્યું. આ સત્ર દ્વારા વિદ્યાર્થીઓને મેડિકલ સાયન્સમાં MBBS સિવાય ક્લિનિકલ એમ્બ્રાયોલોજી, બાયોટેકનોલોજી, જેનેટિક્સ અને રિસર્ચ જેવા કરિયર વિકલ્પોની માહિતી મળી. સત્ર માહિતીસભર અને પ્રેરણાદાયક સાબિત થયું હતુ.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૦૭-૦૨-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** ફાગણ, ચોથ **સૂર્યોદય :** ૦૬ : ૫૯ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૧, **ચંદ્રોદય** - ૧૦:૨૦ **ચંદ્રાસ્ત** - ૦૯:૩૩ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - ચિત્રા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે અમુક મુદ્દાઓ પર બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો.
**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે લાગણીની દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો.
**મિથુન(ક.છ.ઘ) :** આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે.
**કર્ક(ડ.હ) :** આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે.
**સિંહ(મ.ટ.) :** એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે.
**કન્યા(પ.ઠ.ણ.) :** આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ.
**તુલા (ર.ત.) :** જો તમે ધૂમ્રપાન ની ટેવ હોયતો છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.
**વૃશ્ચિક(ન.ય.) :** આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો.
**મકર(જ.ખ) :** આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.
**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.
**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારીને ખર્ચ કરોનહીંતરધન હાનિ થયી શકે છે.

## દમણ રેડિયો

102.3 FM

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ — નં.૫૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 1 | | | 9 | 7 | 4 | | | 2 |
| 4 | 8 | | 1 | | 3 | | 5 | 7 |
| | | 4 | | 3 | | 7 | | |
| 6 | 2 | | | | | | 1 | 5 |
| | | 1 | | 9 | | 2 | | |
| 5 | 9 | | 3 | | 8 | | 7 | 1 |
| 2 | | | 7 | 1 | 5 | | | 8 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેકબોક્સમાંએકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૫૨૬નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 3 | 5 | 8 | 7 | 6 | 1 | 2 |
| 5 | 7 | 6 | 1 | 3 | 2 | 4 | 8 | 9 |
| 2 | 1 | 8 | 6 | 4 | 9 | 7 | 5 | 3 |
| 1 | 8 | 4 | 2 | 9 | 3 | 5 | 6 | 7 |
| 3 | 6 | 9 | 4 | 7 | 5 | 8 | 2 | 1 |
| 7 | 5 | 2 | 8 | 1 | 6 | 9 | 3 | 4 |
| 4 | 2 | 7 | 3 | 6 | 8 | 1 | 9 | 5 |
| 6 | 3 | 1 | 9 | 5 | 4 | 2 | 7 | 8 |
| 8 | 9 | 5 | 7 | 2 | 1 | 3 | 4 | 6 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Vapi Page - 03

Saturday 07, March 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


# વાપી નહેરુ સ્ટ્રીટના શ્રી લબ્ધિસૂરિજી જ્ઞાન મંદિરમાં ધર્મસભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વાપી ટાઉન નહેરુ સ્ટ્રીટ ખાતે આવેલ શ્રી લબ્ધિસૂરિજી જ્ઞાનમંદિરમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પૂ. મુનિશ્રી પ્રેમદર્શનજી મહારાજની પાવન નિશ્રામાં ધર્મસભાનું આયોજન થયું હતું. આ રૂડા અવસરે પૂ. આચાર્ય શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જ્યાં જવાનું હોય તેની આપણે તૈયારી કરતા હોઈએ છીએ એ જ રીતે અહીંથી જ્યાં જન્મ લેવાનો છે. ત્યાંની પણ તૈયારી કરવી જોઈએ. વર્તમાનનો જ વિચાર કરવાનો નથી, ભવિષ્યની પણ વિચારણા કરવી જોઈએ. પુણ્યનો બગાડ ન કરવો જોઈએ અને તમારા પ્રભાવનો પણ બગાડ ન કરવો જોઈએ. વર્તમાનને સેટ કરવા પુણ્યથી મળેલી સંપત્તિનો બેફામ ઉપયોગ કરવાથી ભવિષ્ય ધૂંધળું બની જશે. તમારા સંતાનો અને પરિવાર સંબંધી ભવિષ્યની વિચારણા કરવી જરૂરી છે. અત્યારે તો સંસ્કાર કરતાં પણ સંપત્તિની વધુ ચિંતા થઈ રહી છે. સંસ્કારધનએ શ્રેષ્ઠ કક્ષાનું ધન છે. સંસ્કારોની હોળી થશે તો જીવન ઉદ્યાનને બદલે ઉકરડો બની જશે.

જીવનને નંદનવન બનાવવા માટે જે કાર્ય તમે કરી રહ્યા છો તેમાં પુરા રસ સાથે કામ કરો. દરેક વ્યક્તિએ પોતાની જે ડ્યુટી હોય તે બરાબર બજાવવી જોઈએ.

સમર્પિત વ્યક્તિ જ જીવનમાં સફળ થાય છે. અર્જુન શ્રીકૃષ્ણને સંપૂર્ણ સમર્પિત હતા માટે જ કુરુક્ષેત્રના મેદાનમાં વિજય થયો હતો. નાના માણસોએ વડીલોની મર્યાદા જાળવવી જોઈએ. સાસુ-વહુ કે બાપ-દીકરા વચ્ચે સમર્પણ હોય તો સંઘર્ષ કે સંક્લેશને કોઈ અવકાશ નથી. જ્યાં સમર્પણ છે ત્યાં સિદ્ધિ છે. શંબૂક પોતાની માને સમર્પિત રહ્યો નહીં માટે સાધના નિષ્ફળ ગઈ અને મૃત્યુ થયું.

# ધરમપુરમાં રાજસ્થાન સમાજ દ્વારા હોળી સ્નેહમિલન સમારોહ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૬ :** વલસાડ જિલ્લાના ધરમપુર પંથકમાં ધૂળેટી પર્વ નિમિત્તે રાજસ્થાન સમાજ તથા પોલીસ કર્મીઓ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ઉત્સાહ અને આનંદ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

ધરમપુરમાં ખારવેલ બી.આર. ઈન્ટરનેશનલ સ્કૂલના મેદાન ખાતે શ્રી રાજસ્થાન મિત્ર મંડળ, ધરમપુર દ્વારા ધૂળેટી પર્વની રંગબેરંગી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ડીજેના તાલે યુવાનો તથા સમાજના લોકો રંગોત્સવમાં ઝૂમી ઉઠ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, પાલિકા પ્રમુખ મયંક મોદી, બાંધકામ ચેરમેન સમીપ રાચં સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં પર્વની આનંદમય ઉજવણી કરવામાં આવી હતી. તે ઉપરાંત ધરમપુર પોલીસ મથકે પણ પોલીસ કર્મીઓ દ્વારા ધૂળેટી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પીઆઈએન ઝેડ ભોયા, પીએસઆઈ વસાવા એએસઆઈ મહેશ પટેલ સહિત પોલીસ કર્મીઓએ એકબીજાને રંગ લગાવી પરસ્પર શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સૌએ પરસ્પર સૌહાર્દ અને ભાઈચારો જળવાઈ રહે તેવી શુભેચ્છાઓ સાથે ધૂળેટી પર્વની આનંદમય ઉજવણી કરી હતી.

# વલસાડના વલંડીમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ તાલુકાના વલંડી ગામમાં પ્રાકૃતિક ખેતી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટીપીએમ શિવાની ગઢવી, ટીના પટેલ અને પ્રગતિશિલ ખેડૂત નિતેશભાઈએ ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી હતી. પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત અને ઘન જીવામૃતના ઉપયોગથી થતા ફાયદા વિશે ખેડૂતોને સમજાવવામાં આવ્યું હતું.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં દેશી અળસિયાઓની ભૂમિકા બહુ જ મહત્વપૂર્ણ હોય છે. દેશી ગાય આધારિત ખેતી કરવાથી જમીનને ફળદ્રુપ અને તંદુરસ્ત બનાવી શકાય છે. દેશી ગાય આધારિત ખેતી કરવાથી આપણે ઝેર મુક્ત ઉત્પાદન લઈ શકીએ છીએ તે અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેત પેદાશોનું વેલ્યુ એડિસન કરી તેનું મૂલ્ય વર્ધન કરીને વધુ આવક મેળવી શકાય તે માટેની માહિતી આપવામાં આવી હતી

# ડુંગરીમાં કોળી સમાજ ક્રિકેટ ટુર્ના. દરમ્યાન ઉત્તમભાઈ પટેલનું સન્માન



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૬ :** દક્ષિણ વિભાગ કોળી સમાજના નેજા હેઠળ ગુજરાત કોળી પટેલ પ્રિમીયર લીગ સિઝન ૬નું મેગા ઓપનિંગ રવિવારના રોજ શ્રીરામ ક્રિકેટ ગ્રાઉન્ડ ડુંગરી ખાતે શરૂઆત કરવામાં આવી હતી. જેમાં કોળી સમાજના પ્રમુખ હરિશભાઈ પટેલ તેમજ સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ ટુર્નામેન્ટ ના ઉદ્ઘાટન પ્રસંગે સેલ્યુટ તિરંગાના રાષ્ટ્રીય મહામંત્રી ઉત્તમભાઈ પટેલે શ્રીફળ વધારી ક્રિકેટ ટુર્નામેન્ટનું ઓપનીંગ કરાવ્યું હતું. તે દરમિયાન દક્ષિણ ગુજરાત કોળી સમાજ તરફથી ઉત્તંભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં દક્ષિણ ગુજરાતની તેમજ વલસાડ જિલ્લાની અનેક ટીમો ભાગ લઈ રહી છે. ટુર્નામેન્ટનો ફાઇનલ મેચ તારીખ ૮-૩-૨૦૨૬ના રોજ રમાશે જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે પ્રયાસ કરશે.

# અટગામમાં નાગદેવી માતા મંદિરનો ત્રીજો પાટોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ તાલુકાના અટગામ માલવણ ફળિયા ખાતે ઈષ્ટદેવતા નાગદેવી માતાજી મંદિરનો ત્રીજો પાટોત્સવ નિમિત્તે સમુહ સત્યનારાયણ ભગવાનની મહાપૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક ભક્તો એ ભાગ લીધો હતો.મંદિરની ધ્વજાનું પૂજન ધાર્વીબેન તેજલભાઈ પટેલ પરિવાર દ્વારા સંપન્ન થયું હતું. ખેરગામના કર્મકાંડ આચાર્ય શૈલેષભાઈ રાજ્યગુરૂ દ્વારા પૂજન વિધિ સંપન્ન થઈ હતી. અંતમાં સૌ માઈભક્તોએ મહાપ્રસાદ લીધો હતો. દર વર્ષે દિલીપભાઈ, રામુભાઈ, ભાણાભાઈ, ભરતભાઈ અને આયોજકો દ્વારા પાટોત્સવ ઉજવણીનું સુંદર આયોજન કરવામાં આવે છે.

# વાપીના આર.એસ.એસ. ના કાર્યકર્તા શ્રીકૃષ્ણદેવ ચૌબેનું નિધન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વાપી પંથકના રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના અદના કાર્યકર્તા અને વાપી નગરના પૂર્વ નગર કાર્યવાહક શ્રીકૃષ્ણ દેવ સત્યનારાયણ ચૌબે બાળપણથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કર્યામાં જોડાયેલા હતાં. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ધ્વારા ચાલતા વિવેક સાપ્તાહિકનું વાપીનું કામ તેવો સાંભળતા હતાં. સામાજિક સેવાના કાર્યમાં હંમેશા અગ્રેસર રહેતા. રાષ્ટ્ર સેવા એજ પ્રભુ સેવામાં માનતા હતાં. તેઓએ દેશમાં અને ગુજરાત રાજ્યમાં કુદરતી હોનારત કે ભૂકંપ જેવા કપરાકારમાં પણ લોકોની સેવા કરી હતી ઉતર ભારતીય બ્રમ સમાજના કાર્યમાં પણ જોડાયેલ હતાં. સંઘઠને શક્તિ મંત્રને ચરિતાર્થ



કરવાના કાર્યમાં નિરંતર કાર્ય કરતા હતાં. શ્રીકૃષ્ણ ચૌબેજીનું ગત તા.૫ - ૩-૨૦૨૬ને ગુરૂવારના રોજ અચાનક હાર્ટ અટેક આવતા તેમનું નિધન થયું હતું. તેઓ સમગ્ર વાપીના આનંદ નગર છરવાડા રોડ તેમજ સમગ્ર વાપી અને તેની આજુબાજુના વિસ્તારોમાં પણ ખૂબ જ જાણીતા હતાં.

## વલસાડના કવયિત્રી ભાવનાબહેન મિસ્ત્રી 'અભય' દ્વારા લિખિત

# હિન્દનો હીરલો- નરેન્દ્ર મોદી પુસ્તકનું વિમોચન થયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬:** દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઉદ્દેશીને લખાયેલ હિન્દનો હીરલો - નરેન્દ્ર મોદી નામના સહિયારા પુસ્તકનું વડોદરામાં કવિઓના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ સહિયારા પુસ્તકમાં ગુજરાત, મહારાષ્ટ્ર રાજ્યના અને વિદેશમાં વસતાં ૨૬ ગુજરાતી કવિઓએ કવિતા લખી છે. વલસાડના કવયિત્રી ભાવનાબહેન મિસ્ત્રી અભય દ્વારા લિખિતને સંપાદિત આ પુસ્તક શોપિઝન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ભાવનાબેન મિસ્ત્રીએ મોદીના વ્યક્તિત્વ અને કાર્યોને ઉદ્દેશીને "હીરાબાનો હીરલો નામનું પુસ્તક લખ્યું હતું. મુંબઈના લેખિકા માયાબહેન દેસાઈ, વડોદરાના લેખિકા જયશ્રીબહેન પટેલે આ પુસ્તક તૈયાર કરવામાં સહકાર આપ્યો હતો. લોકસભાના દંડક તથા વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ અને સમસ્ત પ્રજાપતિ સમાજ ગુજરાત તેમજ દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટે આ પુસ્તક માટે શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતાં.

# વલસાડમાં સ્વ. મોરારજી દેસાઈની ૧૩૦ મી જન્મજયંતી ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** ભારતના પૂર્વ વડા-ધાન અને વલસાડ શહેરની નજીકમાં આવેલા ભદેલી ગામની ધરતી પર જન્મેલા પૂ. મોરારજી દેસાઈની ૧૩૦મી જન્મ જયંતી ભદેલી ખાતે શ્રી મોરારજી દેસાઈ સ્મારક હોલમાં સાદગી અને શિસ્તપૂર્વક ઉજવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, સ્વ. મોરારજી દેસાઈની જન્મ તારીખ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે લિપિયર મુજબ તારીખ ૨૯મી ફેબ્રુઆરીએ આવે છે. પરંતુ ગુજરાતી કેલેન્ડર મુજબ તેમનો જન્મ ધૂળેટીના દિવસે થયેલ હોઈ તેમની જન્મજયંતી અંગ્રેજી કેલેન્ડર મુજબ નહી પરંતુ ગુજરાતી કેલેન્ડર મુજબ તિથિ પ્રમાણે દર વર્ષે ધુળેટીને દિવસે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે મોરારજી દેસાઈ સ્મારક સમિતિના કાર્યકારી અધ્યક્ષ અને આ ગામના વતની તથા નિવૃત કલેકટર (આઈએએસ) આર.જે. પટેલે આ સમિતિના ગઠન પાછળના હેતુઓ સમજાવ્યા હતાં. મુંબઈથી પધારેલ



જાણીતા પત્રકાર વિનીત શુકલે એક પત્રકાર તરીકે તેઓના સાક્ષાત્કાર (ઈન્ટરવ્યુ) અંગેના સંસ્મરણો જણાવ્યા હતાં. તથા આ મહા માનવની સ્મૃતિઓ જાળવી રાખવાનો જે પ્રયાસ થયો છે તે માટે સમિતિ અને ગ્રામજનોને હૃદયપૂર્વકના અભિનંદન આપ્યા હતાં. આ પ્રસંગે શાળાના આચાર્ય અલ્પેશભાઈ લાડ તેમજ શાળાની બાળાઓ અને શિક્ષકોએ પૂજ્ય મહાત્મા ગાંધીજીના ભજન વૈષ્ણવ જન તો તેને રે કહીએ ગાઈને પ્રસંગને પ્રેરણાદાયી બનાવ્યો હતો. કાર્યક્રમમાં ગામના મોહનભાઈ ટંડેલ અને શાળાની બાળાઓએ પ્રાસંગિક પ્રવચન અને માછી સમાજના અગ્રણી જગુભાઈ ટંડેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. ગામના અગ્રણી અને ગાંધીવાદી નટુભાઈ દેસાઈએ તેમની જૈફ ઉમર હોવા છતાં ઉપસ્થિત રહીને સૌને આશીર્વચન આપ્યા હતાં. વલસાડના માજી મદદનીશ તિજોરી અધિકારી સુરેશભાઈ લાડે સમગ્ર કાર્યક્રમનું સંકલન અને આભારવિધિ શાળાના આચાર્ય અલ્પેશભાઈ લાડે કરી હતી.

આ પ્રસંગે ભદેલીના સરપંચ અને ભદેલી દેસાઈ પાટીના ઉપસરપંચ તથા વિશાળ સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં રાષ્ટ્રગીત ગાઈને સમારંભને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# વલસાડ બીડીસીએ દ્વારા અન્ડર-૨૩ તથા સીનીયર ટીમ ક્રિકેટ સિલેક્શન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** ગુજરાત ક્રિકેટ એસોશીએસન દ્વારા આયોજિત ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ટુર્નામેંટ માટે વલસાડ જિલ્લાની ક્રિકેટ ટીમ માટે બલસાર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસીએશન દ્વારા અન્ડર-૨૩ ટીમ તથા સીનીયર ટીમનાસીલેક્શનનું આયોજન તારીખ ૦૭-૦૩-૨૦૨૬ ને શનિવારના રોજ કરવામાં આવ્યું છે. જે ખેલાડીની જન્મતારીખ ૩૧-૮-૨૦૦૭ કે તે પહેલા હોય તેવા ખેલાડીઓજ ભાગ લઇ શકશે. ઉપરોક્ત સીલેક્શનમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓએ તારીખ ૦૭/૦૩/૨૦૨૬ને શનિવારે ક્રિકેટ યુનીફોર્મ (સફેદ)માં પોતાના કીટ સાથે સરદાર પટેલ સ્ટેડિયમ, વલસાડ ખાતે સવારે ૮:૦૦ કલાકે હાજર રહેવા બીડીસીએના મંત્રી જનકભાઈ દેસાઈ એક અખબાર યાદીમાં જણાવે છે.

## કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે

# મોટાપોંઢા રાતા ખાડી પર માઈનોર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૬ :** વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના મોટાપોંઢા ગામ નજીક ઓમકચ્છ રોડ પર આવેલી રાતા ખાડી ઉપર માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિર્માણ કરાયેલ માઈનોર બ્રિજનું લોકાર્પણ કપરાડા વિસ્તારના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું. આ બ્રિજના લોકાર્પણ સાથે સ્થાનિક ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ગામડાઓમાં રોડ, પાણી, ખેતી, શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે અને વિકાસના કાર્યો ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહ્યા છે.




મોટાપોંઢા ખાતે રાતા ખાડી ઉપર બનેલો આ બ્રિજ ગુજરાત અને દાદરા નગર હવેલી સંઘ પ્રદેશ વચ્ચેના વાહનવ્યવહાર માટે મહત્વપૂર્ણ સાબિત થશે. ખાસ કરીને ચોમાસાના દિવસોમાં ભારે વરસાદને કારણે ખાડીમાં પાણીનો પ્રવાહ વધતા વાહન વ્યવહાર ખોરવાઈ જતો હતો અને ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે આ બ્રિજ બનતા ગ્રામજનો, કામદારો અને ખેડૂતોને આવનજાવનમાં મોટી રાહત મળશે.ગામના સરપંચ રણજીતભાઈ પટેલ તેમજ અન્ય ગ્રામજનોએ જણાવ્યુ હતું કે આ બ્રિજના નિર્માણથી વર્ષોથી ચાલતી આવતી સમસ્યાનો અંત આવ્યો છે. ગામમાં આ કામ પૂર્ણ થતા ખુશીની લહેર જોવા મળી હતી. લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોએ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીનું ભવ્ય સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં સ્થાનિક કાર્યકરો અને ગ્રામજનો હાજર રહી આ વિકાસકાર્યની સરાહનીય કાર્યને બિરદાવ્યું હતું.

# નારીશકિત : કુટુંબનું પાવરહાઉસ




મેં કદાચ હંસાબેન જીવરાજ તેમહેતાનું નામ નહીં સાંભળ્યું હોય ! સ્વતંત્ર ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાના ધર્મપત્ની, ૧૯૪૭-૪૮માં વિશ્વ માનવ અધિકાર પંચની અગત્યની બેઠકમાં ભારતના પ્રતિનિધિ, જેના પ્રમુખ હતાં. એલીઆન રુઝવેલ્ટ... જેમાં એક મુસદ્દો હતો ઓલ મેન આર બોર્ન ફ્રિ એન્ડ ઈક્વલ જેને વિરોધ આપણા હંસાબેન મહેતાએ કર્યો અને કહ્યું, આમાં મેન શબ્દ સામે વિરોધ છે. વુમન પણ કેમ ન હોવો જોઈએ ? છેવટે એમનો મુદ્દો સમિતિએ ગ્રાહ્ય રાખવો પડ્યો અને મુસદામાં ફેરફાર કરી ઓલ હ્યુમન શબ્દ રાખવો પડ્યો હતો. જય હો નારીશક્તિનો ! એક ગરીબ માણસ ભગવાન પાસે પૈસાની તંગીની ફરિયાદ માટે આજીજી કરવા ગયો. નારદજી એને જોઈ ગયા. કહ્યું, તને શું જોઈએ છીએ ? પૈસા ને ! તો પછી લક્ષ્મીજી પાસે જા. બીજો એક કલા-વિદ્યા- સંગીતનો ભગત હતો. એને નારદજીએ કહ્યું, ભલા માણસ, યોગ્ય જગ્યાએ એપ્લિકેશન કરો ! દેવી શારદા અને સરસ્વતીજી ત્યાં બિરાજમાન છે, તમે ત્યાં જાવ ! ત્રીજા ભાઈની અરજ હતી અમને રક્ષસોથી-દુષ્ટોથી બચાવો. નારદજીએ નારાયણ... નારાયણ... કહીને એમને દેવી દુર્ગા અને દેવી કાલકાની ઓફિસે મોકલી દીધા! તરત આવું ફક્ત જગતમાં જ છે એવું નથી-આપણા શરીરમાં પણ સૌથી વધુ કાર્ય કરનાર અવયવો છે મગજ-હૃદય-ફેફસાં-લિવર અને સ્નાયુઓ. આ બધાને શક્તિ-પાવર આપનાર પાવરપ્લાન્ટનું નામ છે માઈરોક્રોન્ડ્રીઆ-દરેક કોષોમાં એમની પાવરની શક્તિની જરૂરિયાત મુજબ પાવર પ્લાન્ટો કુદરતે રાખ્યા છે-કોઈમાં ઓછા-કોઈમાં વધુ- આ પાવર પ્લાન્ટ બંધ થઈ જાય અથવા ઓછું કાર્ય કરે તો...? શરીરરૂપી ફેક્ટરીને તાળાં મારવાં પડે ! સી.ઇ.ઓ. જે એનું સંપૂર્ણપણે સંચાલન કરે છે એ છે ૩૭જીન્સ ? જે ફક્ત અને ફક્ત માતામાંથી આવે છે. આમાં પિતાના કોઈ પણ ક્રોમોજેન્સની દખલગીરી સહન કરવામાં આવતી નથી-હોતી પણ નથી ! એટલે સંપૂર્ણપણે નારીશક્તિથી ચાલતું સંચાલન થતુ પાવરહાઉસ ! આપણા શરીરમાં અબજો-અબજો કોષો છે અને દરેકમાં કેટલા બધા પાવરહાઉસો-આમાં કુલ આ દરેક (નાના એક્મો પાવરહાઉસના) ભેગા મળીને કુલ ૧૨૦૦ વોટ ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરે છે ! આટલી વિદ્યુત ઉત્પન્ન કરવા માટે કેટલો કોલસો જોઈએ અને કેટલી ગંદકી-કાર્બન હવામાં ફેલાવીએ ? કેટલો ગેસ વપરાય. કેટલો ન્યુક્લિઅર જથ્થો વપરાય ? આ પાવરહાઉસ આપણે ખોરાકમાં લીધેલ ગ્લુકોઝના એક અણુમાંથી ઓક્સિજનની હાજરીમાં ૩૪ પાવર પેકડ એટીપી બનાવે છે અને ઓક્સિજનની ગેરહાજરીમાં ફક્ત બે-ત્રણ જ ! એટલે આ પાવરહાઉસને ગ્લુકોઝ ઓક્સિજનની એમ બંનેની જરૂર પડે જ છે.

ઉંમર થવાની સાથે આ પાવરહાઉસોની સંખ્યા ઘટે છે. જો કે, એને ઉંમરની સાથે સંબંધ નથી પણ મોટી ઉંમરેએક્ટિવ ન રહેવાના કારણે એનો ઉપયોગ ઓછો થાય છે, એટલે પોતાની સંખ્યામાં ધીમે-ધીમે ઘટાડો કરે છે, જેને કારણે થાક લાગવો, સ્ફૂર્તિ ઓછી થવી, હલન-ચલનમાં તકલીફ થવી, યાદશક્તિ ઓછી થવી, આંખોની અને કાનની શક્તિઓમાં પણ ઘટાડો થવો, કબજિયાત, ગેસ જેવા પ્રોબ્લેમ્સ થવા, હૃદયને લગતા પ્રોબ્લેમ્સ જેવા કે ધબકારા ઘટી જવા, હૃદય પહોળું



## ડૉક્ટર કહે છે

- ડો. યોગેશ વેલાણી

થઇ જવું, હૃદયનું કાર્ય સુચારુરૂપે (કાર્ડિયોમાયોપેથી) તમે જોયું હશે કે આ બધા કાર્યો માટે શક્તિ-પાવરની જરૂર પડે છે, જે પાવરહાઉસ ઉપર આધારિત છે. પાવરહાઉસને થવું પણ કેટલાક રોગો લાગુ પડે છે, જે એની કાર્યશક્તિ ઉપર અસર કરે છે, જેમાં પહેલો છે-જન્મજાત માતા તરફથી વારસામાં મળેલ ભેટ ! આ રોગથી બાળકની વૃદ્ધિ રોકાય છે, હલન-ચલનમાં તક્લીફ વગેરે બાબતો નાનપણમાં જ દેખાય છે. ક્યારેક એવું પણ બને કે, પાવરહાઉસ જન્મજાત ઓછું અસરગ્રસ્ત હોય, તો મોટી ઉંમરે એની અસરો પણ દેખાડી શકે છે. વિશ્વમાં કુલ વસ્તીમાં આનું પ્રમાણ જો કે, ઓછું છે. દર પાંચ હજારે એક વ્યક્તિમાં ! બીજો પ્રકાર છે - જેમાં માતાનો કોઈ જ રોલ નથી હોતો. આપણે જાતે જ (પેટ ચોળીને પીડા ઊભી કરી અથવા થઈ ગઈ) પાવરહાઉસને ભગાડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય. જેમ કે, વાયરલ ઈન્ફેક્શનમાં, વાયરસ, પાવરહાઉસને હાઈજેક કરીને એ પરિસ્થિતિમાં શરીરને વધુ પાવરની જરૂર હોય છે. ક્યારેક એવું બને છે કે, વાયરસ હુમલો જતો રહે, છતાં પણ પાવરહાઉસ ફરીથી એમાં કાર્યરત નથી થઈ શક્તા જેટલા પહેલાં હતા. આવું આપણે કોરોનાકાળ પછી નોંધ્યું છે. ડાયાબિટીસમાં પણ પાવરહાઉસના કાર્ય ઉપર અસર પડે છે અને અમુક કેન્સરમાં -કેન્સરના કોષો પોતાના સ્વાર્થ માટે પોતાની વૃદ્ધિ માટે પાવરહાઉસને વાપરે છે અને સમગ્ર શરીરને ભલે એના કારશે ક્રુપાવરની તંગીં સહન કરવી પડે-વજન ઘટે - અશક્તિ આવે ?...

શર કોષોનું, પાવર હા શક્તિથી એની કદ ??

પાવરહાઉસને વધુ નબળું બનાવવા માટે રોજિંદા જીવનની કેટલીક ભૂલો પણ કારણભૂત હોઈ શકે. તમાકુ ખાવ -ધુમ્રપાન કરો - સૂંઘો, દારૂ તમારા લિવરની મજબૂતીને બગાડે, મેંદો પચાવવા માટે તમારા આંતરડાંને બહુ કામ કરવું પડે, પ્રોસેસ્ડ ફૂડ-તૈયાર ખાવાનું, ફાસ્ટ ફૂડ અને જકફૂડ - જીભને તો મજા આવે પણ... રાત્રે મોડે સુધી જાગવું અને પછી મોડે સુધી ઘોરવું ! કસરતનો અભાવ અને પેટ ઉપર ચરબીના થર થવા, વધુ સાકરવાળા તૈયાર બજારમાં મળતા કોલ્ડસ, એક કરતાં વધુ વખત તળવાના ઉપયોગમાં લેવાતું તેલ તેમજ વેજિટેબલ તેલ - આ બધું જ આપણા પાવરહાઉસ માટે ખતરારૂપ છે. આમ પણ આપણે થોડાક સૈકાઓ પહેલાં સુધી આપણા કુટુંબના, સમાજના, રાષ્ટ્રના પાવરહાઉસ નારીશક્તિને બીજા દરજ્જાના જ ગણતા હતા ને ! બાળવિવાહ, સતી-થા, ભણતરનો અભાવ, વિધવાઓ માટે સમાજમાં અણગમો - મિલક્તમાં ભાગ નહીં, સમાજ કે કુટુંબમાં એનો કોઈ અવાજ જ નહીં... વોટિંગ કરવાનો હક્ક પણ વિશ્વમાં બીજા વિશ્વયુદ્ધ પછી કહેવાતા સુધરેલા દેશોમાં મહિલાઓને મળ્યો છે.

ગાર્ગી અને મંત્રેથી જેવી વિદૂષીઓથી ભારતવર્ષ ગૌરવંત છે, પણ વચ્ચે કેટલાક કુરિવાજોએ પાવરહાઉસની અને સમાજની હાલત બદતર કરી દીધી હતી. રાજા રામમોહનરાયે સતી પ્રથા બંધ કરાવી, પણ વિધવાઓને સમાજમાં સ્થાન તો હતું જ નહીં-ત્યાર બાદ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા વિવાહની વાત કરી, પણ સ્વામી દયાનંદ સરસ્વતીએ બાળ વિવાહ, સતી પ્રથા નિષેધ અને વિધવા પુનઃ વિવાહ તેમજ સ્ત્રીઓ માટે શિક્ષણ, જેથી એ સમાજમાં આર્થિક રીતે પણ પગભર થઈને ઊભી રહી શકે અને સ્વમાનપૂર્વક જીવી શકે. સમાજ, કુટુંબના પાવરહાઉસને તંદુરસ્ત કરવા માટે આપણે આપણા આદ્ય સુધારકોના ઋણી છીએ.

પણ આપણા કોષોના - શરીરના પાવરહાઉસને તો આપણે જ સ્વસ્થ રાખવું પડશે, કઈ રીતે ? જમવામાં લીલા શાકભાજી, સિઝનલ ફળો, સલાડ, દૂધ, દહીં-છાસ, નાયેસીન (વિટામીન બી-૩) એરોબીક કસરતો- ખાસ કરીને ચાલવાનું તેમજ અઠવાડિયે બેવાર સ્નાયુઓ મજબૂત બને તે માટેની કસરતો આપણા કોષોને પાવરહાઉસની સંખ્યામાં વધારો તેમજ કાર્યક્ષમતામાં પણ વધારો કરશે.

કુટુંબના પાવર હાઉસને સ્વસ્થ રાખવા માટે પ્રિય વચનો એપ્રિસીયેટ કરવાનો સ્વભાવ રાખો અને થરનાં દરેક કાર્યો ગૃહલક્ષ્મીને પૂછીને કરો- જ્યારે સ્ત્રીઓએ સસ્મિત-પ્રસન્નવદન રાખવું (ઊતરેલી કઢી જેવું નહીં !) વિશ્વમાં સૌથી કિંમતી પ્રવાહી આંસુ છે, જેમાં એક ટકો પાણી અને નવાણુ ટકા લાગણીઓ હોય છે !

# પંડિત શિવ નારાયણ ફોતેદાર





ભગવદ્ ગીતા અને જીવનનું તત્વજ્ઞાનમાં ચોક્કસ વિશ્વાસ ધરાવનાર કાશ્મીરી પંડિત શિવ નારાયણ ફોતેદાર એક વિશિષ્ટ પ્રતિભા ધરાવનાર સજ્જન, ધાર્મિક, સમાજ સુધારક, શિક્ષણશાસ્ત્રી, ક્રાંતિકારી વિચાર ભગવદ્ ગીતા હિંદુ તત્વજ્ઞાનના સારને દર્શાવે છે જે કર્મના સિદ્ધાંત પર ભાર મૂકે છે. તે આપણને આપણી ખામીઓ અને નિષ્ફળતાઓને કેવી રીતે દૂર કરવી તે શીખવે છે. જેમ મીઠું ખોરાકની વિવિધ વાનગીઓને વધુ સ્વાદિષ્ટ અને રુચિકર બનાવે છે, તેવું જ જીવનનું છે. ગીતા જીવનને એવો જ સ્વાદ આપે છે જેવો મીઠું ખોરાકને આપે છે. ગીતાનું તત્વજ્ઞાન શરીર અને મન બંનેની વૃદ્ધિ અને વિકાસમાં અસરકારક ભૂમિકા ભજવે છે. તે વ્યક્તિના જીવનનું એક મહત્વપૂર્ણ અંગ છે.

ગીતા તમને તમારા આંતરિક વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. બુદ્ધિ, જે તર્ક અને ભેદ પારખે છે, અને મન, જે લાગણીઓ અને આવેગોનું કેન્દ્ર છે. તેથી જ્યારે બુદ્ધિ તમારા નિયંત્રણમાં હોય ત્યારે જ તમે તે જ્ઞાન સુધી પહોંચી શકો છો જે તમે આટલી મહેનતથી પ્રાપ્ત કર્યું છે. તે તમારા સમગ્ર વ્યક્તિત્વના રિમોટ કંટ્રોલની જેમ કાર્ય કરે છે જેના વિના બધું અર્થહીન અને નિયંત્રણ બહાર થઈ જાય છે. તેથી શૈક્ષણિક જ્ઞાન પ્રાપ્ત કરવાની સાથે જીવનમાં સફળતા માટે બુદ્ધિનો વિકાસ પણ સમાન રીતે મહત્વપૂર્ણ છે. ગીતા સ્પષ્ટપણે વર્ણવે છે કે વ્યક્તિએ આવેગથી નહીં પરંતુ દ્રષ્ટિથી પ્રેરિત થવું જોઈએ, અહંકારથી નહીં પરંતુ ત્યાગની ભાવનાથી કાર્ય કરવું જોઈએ. ઊંડી અને વધુ અર્થપૂર્ણ આકાંક્ષાઓ રાખો કારણ કે ઉચ્ચ આદર્શો મનને અરાજકતા અને નબળી ગુણવત્તાવાળા કાર્ય તરફ જતા અટકાવે છે અને તમને જીવનમાં નવા લક્ષ્યો હાંસલ કરવા માટે પ્રગતિના માર્ગ પર લઈ જાય છે. જે વ્યક્તિએ પોતાના જીવનમાં આ ઉચ્ચ આદર્શોને વ્યવહારુ સ્વરૂપ આપ્યું અને કર્મના સિદ્ધાંતને અક્ષરશઃ અપનાવ્યો તે પંડિત શિવ નારાયણ ફોતેદાર હતા, જેઓ માત્ર એક અથાક લડવૈયા જ ન હતા પરંતુ માનવીય મૂલ્યોના હિમાયતી પણ હતા. ગીતાના સિદ્ધાંતો અને આદર્શોને સુંદર રીતે ચરિતાર્થ કરતાં હતાં.

**પારિવારિક પૃષ્ઠભૂમિ અને પ્રારંભિક જીવન**

પં. શિવ નારાયણ ફોતેદારના પૂર્વજો કાશ્મીર ખીણના શ્રીનગર જિલ્લાના રૈનાવારી મહોલ્લાના દત્તાત્રેય કૌલ હતાં. ડોગરા શાસન (૧૮૪૬-૧૯૪૭) દરમિયાન કાશ્મીર ખીણનો વહીવટ વિવિધ પરગણાઓમાં વહેંચાયેલો હતો અને દરેક પરગણાના વડા પરગણાદાર કહેવાતા. દરેક પરગણાદાર હેઠળ થાણેદાર, શિકદાર, પટવારી, કાનૂનગો, ફોતેદાર વગેરે જેવા તાબાના સરકારી કર્મચારીઓ રહેતા.

પં. શિવ નારાયણ ફોતેદારના એક પૂર્વજને મહારાજા રણબીર સિંહ (૧૮૫૭-૧૮૮૫)ના શાસન દરમિયાન ફોતેદાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતાં, તેથી તેમના વંશજોએ મૂળ અટક કૌલઁના સ્થાને તેમની નવી અટક તરીકે ફોતેદાર લખવાનું શરૂ કર્યું.

પં. શિવ નારાયણ ફોતેદારનો જન્મ ૧૯૦૪માં રૈનાવારીના એક મધ્યમ વર્ગના કાશ્મીરી પંડિત પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ પં. પ્રકાશ જૂ ફોતેદાર હતું જેઓ નીચલી કક્ષાના સરકારી કર્મચારી હતા. તેમની માતાનું નામ પદ્માવતી હતુ .જેઓ પં. હરગોપાલ કૌલ ખસ્તાની પુત્રી હતાં. જોકે તેમણે કોઈ ઔપચારિક શિક્ષણ લીધું ન હતું, પરંતુ કોઈક રીતે ઘરે સંસ્કૃત, ઉર્દૂ અને ફારસી ભાષા પર પ્રભુત્વ મેળવ્યું હતું. તે સમયે ખીણમાં રૂઢિચુસ્તતાને કારણે કન્યા કેળવણી લગભગ અસ્તિત્વમાં ન હોવાથી, તેમણે નવાકદલમાં સમુદાયની યુવાન છોકરીઓને કલા અને હસ્તકલાની તાલીમ અને શિક્ષણ આપવા માટે એક કન્યા શાળા ખોલી, જે બાદમાં બાના મહોલ્લામાં ખસેડવામાં આવી. તેમણે યુવાન કાશ્મીરી પંડિત વિધવાઓ અને અનાથ બાળકોની પણ સંભાળ લીધી. આ ગતિશીલ અને દૂરંદેશી મહિલા તેમના વિવિધ પરોપકારી અને ચેરિટેબલ કાર્યો માટે સમુદાયમાં નાની તરીકે લોકપ્રિય બન્યા.

પં. શિવ નારાયણ ફોતેદારે તેમના બાળપણના દિવસો ઘરે આવા જાગૃત વાતાવરણમાં તેમની માતાની પ્રેમાળ સંભાળ હેઠળ વિતાવ્યા, જેનાથી સ્વાભાવિક રીતે જ તેમનામાં સામાજિક સેવાની જ્યોત પ્રગટી. તેમની માતાએ ધ્યાન રાખ્યું કે પરિવારની પરંપરાઓ મુજબ તેમના પુત્રને શ્રેષ્ઠ શિક્ષણ મળવું જોઈએ.

**'શિક્ષણ અને કારકિર્દીની શરૂઆત શાળાકીય શિક્ષણ'**

તેમણે તેમનું પ્રારંભિક શિક્ષણ ક્રિશ્ચિયન મિશનરી સ્કૂલમાંથી મેળવ્યું જ્યાંથી તેમણે ૧૯૨૦ માં ખૂબ જ સારા ગુણો સાથે મિડલ પરીક્ષા પાસ કરી. ત્યારબાદ તેમણે શ્રી પ્રતાપ હાઈસ્કૂલમાં પ્રવેશ લીધો જ્યાંથી તેમણે ૧૯૨૨માં પ્રથમ વર્ગમાં મેટ્રિકની પરીક્ષા પાસ કરી.

**કોલેજ જીવન**

તેઓ શ્રી પ્રતાપ કોલેજમાં જોડાયા અને ૧૯૨૪માં એફ.એ. અને ૧૯૨૬ માં બી.એ. અનુક્રમે પ્રથમ વર્ગમાં પૂર્ણ કર્યું. એક આઈરિશ વિદ્વાન પ્રો. વિલિયમ મેકડોરમેટ તે સમયે કોલેજના આચાર્ય હતા જેઓ ખૂબ કડક શિસ્તપાલક હતાં. પં. શિવ નારાયણ ફોતેદાર કોલેજની ઈત્તર પ્રવૃત્તિઓમાં, ખાસ કરીને ચર્ચાઓમાં સક્રિય ભાગ લેતા હતા કારણ કે તેઓ એક સારા વક્તા હતા અને તેથી તેમના શિક્ષકોના સૌથી પ્રિય વિદ્યાર્થી હતા.

ઉચ્ચ અભ્યાસઁ પં. શિવ નારાયણ ફોતેદાર પછી ઉચ્ચ અભ્યાસ માટે ૧૯૨૬માં લાહોર ગયા અને ૧૯૨૮માં લાહોરની ફોરમેન ક્રિશ્ચિયન કોલેજમાંથી ઈતિહાસમાં પ્રથમ વર્ગમાં એમ.એ. કર્યું.

નોકરી ત્યારબાદ તેઓ શ્રીનગર પાછા ફર્યા અને ૧૯૨૯માં જમ્મુની તત્કાલીન પ્રિન્સ ઓફ વેલ્સ કોલેજમાં ઈતિહાસના પ્રોફેસર તરીકે જોડાયા. તેમણે લગભગ અઢી વર્ષ સુધી આ કામ કર્યું.

**સામાજિક સેવા અને રાજકીય પ્રવેશ**

પં. શિવ નારાયણ ફોતેદારના મનમાં તેમના બાળપણના દિવસોથી જ સામાજિક સેવા પ્રત્યે તીવ્ર ઈચ્છા હતી. તેઓ કાશ્મીરી પંડિત સમુદાયના બે દિગ્ગજો, કશ્યપ બંધુ અને જસ્ટિસ જિયા લાલ કિલમના પ્રભાવ હેઠળ આવ્યા, જેઓ સામાજિક સુધારાઓ લાવવાની ચળવળનું નેતૃત્વ કરી રહ્યા હતા. આ નેતાઓ દહેજ -થા અને લગ્નમાં થતા ઉડાઉ ખર્ચ જેવા દૂષણો નાબૂદ કરવા માંગતા હતા. કશ્યપ બંધુ ખાસ કરીને મહિલાઓને પરંપરાગત પોશાક (ફિરેન અને તરંગા) છોડી સાડી અને બ્લાઉઝ પહેરવા પ્રોત્સાહિત કરતા હતા. આ નેતાઓથી પ્રભાવિત થઈને, પં. શિવ નારાયણ ફોતેદારે સનાતન ધર્મ યુવક સભાનું સભ્યપદ લીધું અને ટૂંક સમયમાં જ તેની કારોબારીમાં ચૂંટાયા.

જમ્મુ અને કાશ્મીર રિયાસતના મહારાજા હરિ સિંહે ૧૯૩૧ માં તેમને રાજ્યમાં વસ્તી ગણતરીની કામગીરીના પ્રાંતીય વડા બનાવ્યા. તેમણે આ વિશાળ કાર્ય રેકોર્ડ સમયમાં અને અત્યંત કુશળતાથી પૂર્ણ કર્યું. ત્યારબાદ સમુદાયના સભ્યોએ તેમને ડૉ. સર તેજ બહાદુર સપ્રુ, પં. મદન મોહન માલવિયા જેવા રાષ્ટ્રીય નેતાઓ સમક્ષ તેમનો દૃષ્ટિકોણ રજૂ કરવા માટે એક પ્રતિનિધિમંડળના નેતા તરીકે પસંદ કર્યા. આ સફળતાએ તેમને રાજ્યના રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ અપાવ્યો.

તેઓ ૧૯૩૩માં શ્રીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્ય બન્યા અને આરોગ્ય, સ્વચ્છતા અને શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરી લોકોમાં અત્યંત લોકપ્રિય બન્યા. તેમની ગતિશીલતાને કારણે ૧૯૩૫ માં તેઓ સનાતન ધર્મ યુવક સભા (હવે ઓલ સ્ટેટ કાશ્મીરી પંડિત કોન્ફરન્સ)ના પ્રમુખ તરીકે ચૂંટાયા.

(આ સમયગાળામાં ૧૧મી ડિસેમ્બર ૧૯૩૬ના રોજ બ્રિટનમાં એક ઐતિહાસિક ઘટના બની હતી જ્યાં રાજા એડવર્ડ આઠમાએ પોતાની પસંદગીની અમેરિકન મહિલા મિસ વોલિસ વોરફિલ્ડ સિમ્પસન સાથે લગ્ન કરવા માટે ગાદીનો ત્યાગ કર્યો હતો.)



## ચસ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

પં. શિવ નારાયણ ફોતેદાર ૧૯૩૭માં ફરીથી શ્રીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાયા અને ત્યારબાદ તેના ચેરમેન બન્યા, જે પદ પર તેમણે ૧૯૫૫ સુધી કાર્ય કર્યું. તેઓ ૧૯૩૪, ૧૯૩૮ અને ૧૯૪૭ એમ સતત ૧૪ વર્ષ સુધી પ્રજા સભા (હાલની જમ્મુ અને કાશ્મીર વિધાનસભા)ના સભ્ય પણ રહ્યા. આ પણ તેમની લોકચાહના દર્શાવે છે. પ્રજાકીય કાર્ય તેમણે પુષ્કળ કર્યા હતાં. લોકોની સાથે સ્નેહથી જોડાયા હતાં અને લોકોના દરેક પ્રશ્નોના ઉકેલમાં તેમને રસ હતો. પ્રજા માટે તેઓ દિન રાત ખડેપગે ઊભા રહેતાં હતાં.

**સ્વતંત્રતા અને સંસદીય સફર**

૧૯૪૭ અને ૧૯૪૯ વચ્ચે કાશ્મીર ખીણમાં ઝડપી રાજકીય હિલચાલ જોવા મળી. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દેશનું વિભાજન થયું. ૨૨ ઓક્ટોબર ૧૯૪૭ના રોજ કાશ્મીર પર આદિવાસીઓનો હુમલો થયો, ત્યારબાદ મહારાજા હરિ સિંહે ભારત સાથે જોડાણ ખત પર હસ્તાક્ષર કર્યા અને શેખ મોહમ્મદ અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના વડાપ્રધાન બન્યા.

વિચારશીલ અને દૂરદંશી હોવાથી તેઓ તમામ પાસાઓ વિચારીને પં. શિવ નારાયણ ફોતેદાર શેખ મોહમ્મદ અબ્દુલ્લાની નેશનલ કોન્ફરન્સ પાર્ટીમાં જોડાયા. ત્યારબાદ રાજ્યની બંધારણ સભાએ તેમને સંસદ સભ્ય તરીકે નામાંકિત કર્યા. તત્કાલીન વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુએ તેમનામાં એક મહાન નેતા બનવાની ક્ષમતા જોઈ હતી અને તેમનામાં અપાર કાબેલિયત પણ હતી. જ .એક નિપુણતા પણ અપાર હતી .નેતૃત્વનું કૌશલ્ય પણ અફાટ હતું.સંસદમાં તેમના વકતૃત્વ કૌશલ્ય, ભાષાકીય પ્રભુત્વ અને તેજસ્વી સ્મરણશક્તિના ભારે વખાણ થતા.


તેમણે ડૉ. બી.આર. આંબેડકર, લાલ બહાદુર શાસ્ત્રી, મૌલાના અબુલ કલામ આઝાદ જેવા તમામ વિચારધારાના રાષ્ટ્રીય નેતાઓ સાથે સારા સંબંધો વિકસાવ્યા. તેમણે અનેક મહત્વપૂર્ણ સંસદીય સમિતિઓમાં સેવા આપી, જેમાં નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) સલાહકાર સમિતિ, સંરક્ષણ સમિતિ અને વિદેશ નીતિ સમિતિનો સમાવેશ થાય છે. આ તેમની અપાર સિદ્ધિ ગણાય છે. તેમના વ્યક્તિત્વનો સદૈવ વિકાસ થતો રહ્યો અને તેઓ નિત્ય પોતાની જાતને ખીલવી રહ્યાં હતાં.જીવનનું આ એક સર્વશ્રેષ્ઠ પાસું ગણાય છે.

૧૯૫૪ માં તુર્કી અને મધ્ય પૂર્વના દેશોના સંસદીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે તેમની પસંદગી થઈ, જ્યાં તેમણે ભારતની બિનજોડાણવાદી નીતિનો પ્રચાર કર્યો. ૧૯૫૫ અને ૧૯૫૬માં તેઓ કામદાર યુનિયનોના પ્રમુખ પણ બન્યા. કામદારો પ્રત્યે તેમને અપાર સંવેદના રહી હતી. જેથી તેમના કલ્યાણ માટે સતત મથતાં રહ્યાં જે તેમની સામાજિક નિસ્બતતા -ગટ કરે છે. છેક શિખર ઉપર રહીને પણ છેવાડાના લોકો માટે વિચારવું ,કંઈક રચનાત્મક કાર્ય કરવું એ સહુથી મોટી ભાવના કહેવાય અને જીવનની આ સહુથી મોટી અમીરાત ગણાય છે.

**ધારાસભા અને શૈક્ષણિક -દાન**

૧૯૫૭ માં દિલ્હીથી પરત ફર્યા બાદ તેઓ જમ્મુ અને કાશ્મીર વિધાન પરિષદના સભ્ય અને ત્યારબાદ સર્વાનુમતે તેના અધ્યક્ષ બન્યા.

સને ૧૯૫૯માં તેઓ ફરીથી અધ્યક્ષ બન્યા અને ગૃહની ગરિમા જાળવી રચનાત્મક ચર્ચાઓને પ્રોત્સાહન આપ્યું. તેઓ બજેટ પ્લાનિંગ કમિટી, શિક્ષણ અને નાણાં સમિતિઓ સહિત અનેક બોર્ડના સભ્ય રહ્યા.





શૈક્ષણિક ક્ષેત્રે તેમનું યોગદાન અમૂલ્ય હતું.તેઓ કાશ્મીર એજ્યુકેશનલ સોસાયટી અને સોશિયલ રિફોર્મ્સ ઓર્ગેનાઈઝેશનના સ્થાપક હતાં. ગાંધી મેમોરિયલ કૉલેજ ટ્રસ્ટના નેજા હેઠળ તેમણે સાત શાળાઓ સ્થાપી. તેઓ માર્તંડ નામના અંગ્રેજી દૈનિકના મુખ્ય સંપાદક હતા અને હઝારા રાહત સમિતિના પ્રમુખ પણ રહ્યા હતા. કાશ્મીર યુનિવર્સિટીના સેનેટર તરીકે તેમણે શૈક્ષણિક વાતાવરણ સુધારવામાં મહત્વનો ભાગ ભજવ્યો.

વ્યક્તિત્વ અને મૂલ્યોમાં તેનો લાજવાબ સ્પર્શ રહ્યો જેથી આજે પણ કશ્મીરી સમુદાય તેમને દિલથી યાદ કરે છે.

પં. શિવ નારાયણ ફોતેદારે તેમના ક્રાંતિકારી પૂર્વજ પં. હરગોપાલ કૌલ ખસ્તા (જેઓ શેર-એ-કાશ્મીર તરીકે લોકપ્રિય હતા)ની મહાન પરંપરા જાળવી રાખી.

તેઓ અહંકાર મુક્ત વ્યક્તિ હતા અને સમાજના દરેક વર્ગના લોકો સાથે સમાન સ્નેહથી મળતા. તેઓ જન્માષ્ટમીના સરઘસનું અચૂક નેતૃત્વ કરતા અને મહેમાનોની ખૂબ આગતાસ્વાગતા કરતા. તેઓ સામાજિક પરંપરામાં પણ ખૂબ વિશ્વાસ કરતાં અને સામાજિક ઢાંચાને વ્યવસ્થિત રીતે બાંધવામાં તત્પર રહેતાં હતાં. મિલનસાર સ્વભાવના લીધે સહુના લાડીલા બની ચૂક્યા હતાં. તેઓ હંમેશા લાવણ્યથી સજ્જ રહેતા અને તેમને બહુરંગી પટ્ટાઓવાળી પાઘડી પહેરવાનો શોખ હતો. સુંદર તો હતાં જ પણ સાથે સાથે સુઘડતા અને શાલીનતાથી, સુંદરતાથી સજ્જ રહેવું એમને પ્રિય હતું.તેમના સંપૂર્ણ વ્યક્તિત્વમાં એક શિષ્ટ, મૃદુતા, નખશીખ સજ્જનતા વ્યક્ત થતી રહેતી. ૨૭ મે ૧૯૬૪ના રોજ પં. જવાહરલાલ નહેરુના અવસાન પર તેમણે શોકસભામાં કહ્યું હતું કે મહાન માણસો ક્યારેય મરતા નથી. તેઓ સનાતન હિન્દુ ધર્મને માનતા હતાં અને ધર્માંતરણ -ક્રિયાને ધિક્કારતા હતાં.

૧૯૬૭માં શ્રીનગરમાં પરમેશ્વરી હાંડુ નામની યુવતીના કથિત અપહરણ અને ધર્માંતરણના વિરોધમાં કાશ્મીરી પંડિતોના આંદોલનને તેમણે સંપૂર્ણ ટેકો આપ્યો હતો. જોકે, આંદોલન આંતરિક મતભેદો અને રાજકીય કાવાદાવાને કારણે નિષ્ફળ ગયું હતું.

અંતિમ વર્ષો અને વારસો

જીવનના અંતિમ તબક્કામાં ગંભીર રીતે બીમાર પડ્યા બાદ સારવાર માટે તેમને જમ્મુ ખસેડવામાં આવ્યા, જ્યાં ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૭૬ ના રોજ આશરે ૭૨ વર્ષની વયે માતૃભૂમિના આ મહાન સપૂતનું અવસાન થયું.

તેમના નેતૃત્વ ગુણોનો સમૃદ્ધ વારસો ભવિષ્યની પેઢીઓ માટે હંમેશા દીવાદાંડી સમાન રહેશે. થોમસ એડિસન ખૂબ જ સાચા હતા જ્યારે તેમણે કહ્યું હતું કે, જીવનમાં નિષ્ફળ જનારા ઘણા લોકો એવા હોય છે જેમને ખબર જ નથી હોતી કે જ્યારે તેમણે હાર માની ત્યારે તેઓ સફળતાની કેટલી નજીક હતાં.

પંડિત શિવનારાણ ફોતેદારનું નામ એક વિશિષ્ટ રહેશે કેમ કે પંડિત સમુદાયમાં તેમનું ઉત્તમ યોગદાન રહ્યું હતું.

# થેન્ક્યુ મમ્મી...

મોટી દીકરીનું નામ રાશિ અને રીતી એટલે રાશિની પ્યારી છોટી બહેના...! બંને દીકરીઓની વહાલી મમ્મી એટલે ઝંખના...! વર્તમાન પ્રગતિશીલ ટેકનોલોજીના સમયમાં ઝંખનાએ બંને દીકરીઓને ફક્ત ભણવા માટે જ નહીં પરંતુ રમતગમત, સંગીત, કલા, વિજ્ઞાન, પ્રવાસ અને ઈતર સાત્વિક પ્રવૃત્તિઓ માટે પણ સંપૂર્ણ સ્વતંત્રતા આપી હતી. એક જવાબદાર મોમ તરીકે ઝંખના દીકરીઓને ફક્ત શ્રેષ્ઠ કક્ષાનું શિક્ષણ મળે તે માટે જ નહીં પરંતુ એમના સર્વાંગી વિકાસ થાય એ માટે પૂરેપૂરું પ્રોત્સાહન આપવામાં આવતું. દીકરીઓનો આત્મવિશ્વાસ વધે તથા તેઓ સ્વમાનભેર જીવી શકે તે માટે ઝંખના સતત પ્રયત્નશીલ રહેતી. ઝંખના દ્રઢપણે માનતી કે દીકરા અને દીકરી વચ્ચે ક્યારેય ભેદભાવ હોવો જોઈએ નહીં. દીકરીઓમાં પણ પોતાના સ્વપ્નો અને એ સાકાર કરવાની અપાર ક્ષમતા હોય છે.

બંને દીકરીઓ ડોક્ટર કે એન્જિનિયર જ બને એ માટે ઝંખનાએ ક્યારે દુરાગ્રહ રાખ્યો નહીં. બંને દીકરીઓ જવાબદાર નાગરિક બને અને પોતાની આગવી ઈમેજ ઊભી કરે એ મમ્મીને મન ખૂબ જ મહત્વનું હતું. દીકરીઓને ફક્ત ભરપૂર પ્રેમ જ નહીં પૂરેપૂરો ક્વોલિટી સમય આપવા ઉપરાંત એમને સમાન તક અને અધિકાર મળે તે માટે હંમેશા ધ્યાન રાખ્યું. એક જવાબદાર માતા તરીકે ઝંખના મક્કમપણે માનતી હતી કે દીકરો હોય કે દીકરી શિક્ષણ એ દરેક બાળકનો અધિકાર છે. દીકરીઓ હવે દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહી છે. દીકરા અને દીકરી વચ્ચે ભેદભાવભર્યું વર્તન રાખવામાં આવે તો દીકરીઓની પ્રતિભા બરાબર ખીલતી નથી. દીકરીઓના સોનેરી સ્વપ્નને કુંઠિત કરવા જોઈએ નહીં એવા પ્રગતિશીલ વિચારો ઝંખના ધરાવતી હતી. ઝંખના પોતાની સહેલીઓ અને સગાસંબંધીઓ આગળ એની દીકરીઓની વાત નીકળે ત્યારે અચૂક જણાવતી કે મારી બંને દીકરીઓ મારી શાન છે હું મારી દીકરીઓ અંગે કોઈ પણ નિર્ણય લઉં ત્યારે મારી દીકરીઓની ઈચ્છાઓને પણ હંમેશા માન આપું છું.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે બંને દીકરીઓ વ્હાલસોયી મમ્મીને થેન્ક્યુ મમ્મી કહીને આશીર્વાદ લેવા પગે લાગે છે. આશીર્વાદ લેતી વખતે મોટી દીકરી રાશિ કહે છે કે અમે બંને બહેનો રોજેરોજ તારો આદર કરીએ જ છીએ. અમારા માટે દરેક દિવસ મહિલા દિવસ જ છે. અમે બંને બહેનોએ ક્યારેય એવું અનુભવ્યું નથી કે અમે છોકરી છે તેથી અમારા પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. રાશિ અને રીતી સ્કૂલમાં પોતાની બહેનપણીઓને ગર્વભેર કહે છે કે અમારી મમ્મી અમારી સૌથી મોટી તાકાત છે. અમે છોકરીઓ છે એમ કહીને બિનજરૂરી અમને રોકટોક કરવામાં નથી આવતી. અમારી મમ્મી અમારી સાથે લંચ અને ડિનર લેતી વખતે અમારા અભ્યાસ અંગે તથા સામાજિક રીતભાત કે વ્યવહારો અંગે પણ ચર્ચા કરે છે. અમને ઈતર સાત્વિક વાંચન માટે હંમેશા પ્રોત્સાહિત કરીને સારી સારી બુક પણ ખરીદી આપે છે. ખુલ્લા આકાશમાં ઉડવા માટે અમને અમારી ઈચ્છા મુજબ અમને મોકળું મેદાન આપ્યું છે. ડીયરેસ્ટ મમ્મી, આ સુંદર વિશ્વમાં અમને જન્મ આપ્યો તે માટે દરરોજના વ્યવહારમાં પણ તારા પ્રત્યે પ્રેમ અને લાગણી અમે

## પ્રાસંગિક



ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

વ્યક્ત કરીએ જ છીએ પરંતુ વિશ્વ મહિલા દિવસે તારા જેવી પ્રેમાળ માતા અમને મળી તે માટે પરમકૃપાળુ પરમાત્માનો પણ આભાર માનીએ છીએ. અમે ગર્વથી કહીએ છીએ કે અમારી સફળતાનું રહસ્ય ફક્ત અમારી મહેનત નથી પરંતુ અમને મુક્ત આકાશમાં વિહરવા માટે આપેલી સ્વતંત્રતા અને ભરપૂર તકો છે.અમારી વ્હાલી મોમ , તું જ અમારી રોલ મોડેલ



છે. તું જ અમારી પ્રેરણાસ્ત્રોત છે. જીવનની પાઠશાળામાં પણ અમો સફળ થઈએ તે માટે તે અમારું જીવન ઘડતર તેં સુપર્બ રીતે કર્યું છે. અમારા મન અને હૃદયમાં ભરપૂર સ્વપ્નાઓનું વાવેતર કર્યું છે. હસતા હસતા અમારી બધી જરૂરિયાતો પૂર્ણ કરી છે. પ્રેમાળ મમ્મી, તું અમારી જન્મ આપનારી માતાથી પણ વિશેષ છે. તું જ અમારી દુનિયા છે. તું જ અમારી શક્તિ છે. તું અમારી મમ્મી કરતા પણ વિશેષ અમારી મિત્ર છે. તારા બિનશરતી અપરંપાર પ્રેમ માટે થેન્ક્યુ મમ્મી શબ્દો પર્યાપ્ત નથી. પ્રગતિશીલ માતાઓ જ પ્રગતિશીલ સમાજનું ભવિષ્યનું ઘડતર કરી શકે છે. વિશ્વ મહિલા દિવસે તમામ સન્નારીઓને શુભકામના પાઠવીને આ વાર્તા તમામ મહિલાઓને અર્પણ કરું છું.

# આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ



દર વર્ષે આઠમી માર્ચે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ મનાવવામાં આવે છે. મહિલાઓના શિક્ષણ અને આરોગ્યના હક્કો, કાર્ય સ્થળ પર સમાન તક અને મહિલાઓ સામેના ભેદભાવ અને હિંસા વિષે જાગૃત લાવવાનો છે.

નારી જ્યારે નવ માસ સુધી શિશુને પોતાના ગર્ભમાં ઉછેરે છે ત્યારે તો આપણને આ જીવન પ્રાપ્ત થાય છે. જો આપણને બાળપણમાં માતાનો સહારો તથા તેનું સંરક્ષણ ન મળ્યુ હોત તો કદાચ આપણું અસ્તિત્વ જ રહ્યું ન હોત. આપણે નિરાધાર તથા અનાથ બની ગયા હોત આમ આપણા અસ્તિત્વનો આધાર જ સ્ત્રી વર્ગ પર રહેલો છે. જો આપણે નારીઓનું સન્માન કરીએ અને તેમની સર્વાંગી ઉન્નતિ માટે બધી જ રીતે આપણે સ્ત્રીઓનું આપણી ઉપર જે ઋણ છે તેને ચુકવી શકીશું. આથી આપણે નારીઓને આગળ લાવવા માટે પ્રયાસો અવશ્ય કરવા જોઈએ.

એનું કારણ એ છે કે, જો નારીઓ દરેક ક્ષેત્રમાં આગળ આવશે તો ઉજ્વળ ભવિષ્યની સંભાવવાનાં દ્વાર ખુલશે. અત્યારનો સમય તેમના સર્વાંગી ઉત્થાનનો છે. આર્થિક, સામાજીક, રાજનૈતિક, તથા આધ્યાત્મિક ક્ષેત્રમાં તેમને આગળ લાવવી જોઈએ. તેમને સ્વતંત્રતા આપવી જોઈએ. જો આપણે નારીઓનું સન્માન કરતાં અને તેમને ગૌરવ આપતા શીખવીશું તો જ આ શક્ય બનશે. માનવ જાતિની ઉન્નતિમાં નારીઓનું બધું મહત્વનું યોગદાન છે. તેથી તેમને દરેક ક્ષેત્રમાં આગળ આવવાની તક આપવી જોઈએ.

હકીકતમાં નર અને નારી વચ્ચે કોઈ સ્પર્ધાની વાત નથી. કારણ કે બંને સમાજના અંગ છે. અને જીવનરચના બે પૈંડા છે. ચર્ચાનો

## પ્રાસંગિક

હર્ષદ દેસાઈ, વટાર

વિષય એ છે કે, આજની નારીમાં અનાધરશક્તિ છે. તેનું મુલ્ય કોઈપણ ક્ષેત્રે અવગણવા જેવું નથી. પ્રાચીન કાળમાં પણ ગાર્ગી મૈત્રયી, લોયામુદ્રા જેવી ઋષિ પત્ની અને વિદુષી થઈ ગઈ. વિશ્વભરની ઘણી મલ્ટીનેશનલ કંપનીઓમાં સીઈઓના સ્થાન પર બિરાજમાન આવી મહિલાઓ ઐતિહાસિક આર્ષિક જાગૃતિ કરતી જોવા મળે છે.

આજે પણ ભારતમાં તો ઘરનું કેન્દ્રબિંદુ એટલે ઘરને સક્ષમ બની જ છે. આવી સ્ત્રીઓની બાયોગ્રીફ કે કહાની સંભવિતને ત્યારે ગર્વથી માથું ઉંચુ થઈ જાય છે. નાનપણથી એ એક એક મુશ્કેલીઓનો સામનો કરતી આગળ સુનિયોજીત કદમ લઈને વધતી જાય છે. તો એક પુત્રી, બહેન, પત્ની, પુત્રવધુ, માતા દાદી બધા જ રોલ કુનેહથી અદા કરે છે. ક્યારેક થાકે પણ છે અને સત્વરે ઉભી થઈ જાય છે.

ભગવાને તેમને વિવિધ શક્તિઓ આપી છે. નારી સમાજની જનની તથા નિર્માત્રી પણ છે, નારીઓથી જ સમાજના શોભા છે.

નારીઓ સમાજને એક રાખી શકે છે અને પુરુષોના મનોબળમાં વધારો પણ કરી શકે છે. ઈશ્વર પાસેથી તેને વિશેષ ગુણ મળ્યો છે. નારીઓ જ પુરુષોનું શરીરનું નિર્માણ કરે છે. એટલું જ નહી પરંતુ તે પુરુષનો સાચો મિત્ર અને માર્ગદર્શક પણ છે. ક્ષેત્રનામાં વિશિષ્ટ કુશળતા અને પ્રતિભા હોય છે. એનાથી તો પોતાના પરિવારનું સારી રીતે સંચાલન કરી શકે છે. તેને ભગવાને જે વિશેષ ગુણો આપ્યા છે તે જોતાં એવું લાગે છે કે, આજે સમાજને નારીઓની મદદની બહુ જરૂર છે.

તેમના ભાવનાત્મક પોષણ મળે એવો વ્યવહાર તેમની સાથે કરવો જોઈએ. તેમને કદાચિ અનાદાર ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. જો પુરુષો નારી પ્રત્યે આવી ભાવ સંવેદના રાખશે તો આશ્ચર્યજનક રીતે ઘરનું તથા સમાજનું વાતાવરણ બદલાઈ જશે. સ્ત્રીઓએ પોતે પણ પોતાની મહાનતા સમજીને સમાજના ઘડતરમાં પોતાની યોગ્ય ભૂમિકા નિભાવવી જોઈએ.

# શું મહિલાઓ શક્તિશાળી નથી?




દર વર્ષે આઠમી માર્ચનો દિવસ વિશ્વ મહિલા દિવસ તરીકે ઉજવાય ત્યારે મહિલા સશક્તિકરણ અંગે ખૂબ જ ચર્ચા વિવિધ પ્લેટફોર્મ પરથી થતી હોય છે. ફક્ત ભારતમાં જ નહીં દુનિયાના અન્ય દેશોમાં પણ વર્ષોથી મહિલાઓના ઉત્થાન માટે અનેક પ્રયત્નો થયા છે અને થતા રહેશે. સાચી વાત તો એ છે કે ૨૧ મી સદીમાં બહેનો હવે ભણીગણીને આગળ વધી રહી છે જેને પરિણામે લગભગ દરેક ક્ષેત્રમાં એઓ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. શિક્ષણ, રમતગમત, તબીબી, રાજકારણ, સાહિત્ય, કલા, સંશોધન... એમ દરેક ક્ષેત્રમાં આજની સન્નારીઓ અગ્રેસર માલૂમ પડે છે. આજની મહિલાઓ નોકરી કરવાની સાથે ફેમિલીની જવાબદારી પણ સુપેરે નિભાવે છે. આજની નારી વર્ક લાઈફ બેલેન્સ સારી રીતે કરી શકે છે.

આજની મહિલાઓ અબળા કે નિર્બળ રહી નથી. મહિલાઓ સતત પ્રવૃત્તિશીલ રહે છે તેથી આજની સન્નારીઓ ઉદ્યમી પણ છે. નાના મોટા નિર્ણયો લેવા માટે પણ સ્ત્રી શક્તિમાન છે. ઘરના, ગામના કે સમાજનો વહીવટ કરવામાં પણ મહિલાઓ કુશળ પુરવાર થઈ રહી છે. મારા વ્યક્તિગત અભિપ્રાય મુજબ નબળા લોકો માટે સશક્તિકરણની આવશ્યકતા હોય છે ફક્ત સ્ત્રીઓ માટે જ નહીં...! ફક્ત વિશ્વ મહિલા દિવસની ઉજવણીના પ્રસંગે જ નહીં પરંતુ દરેક દિવસ મહિલાને આદર અને સન્માન મળે તે જોવાની આપણી ફરજ છે.

કોઈ એક દિવસને નહીં પરંતુ દરેક દિવસ મહિલા દિવસ તરીકે મનાવવો જોઈએ. મહિલાઓ પ્રત્યે દ્રષ્ટિકોણ બદલવાની જરૂર છે. આપણે સ્ત્રી સમાનતાની વાત કરીએ છીએ ત્યારે એ વિચારવું જોઈએ કે એ ફક્ત કોઈ એક ખ્યાલ નથી એ સમજવાની આપણે જરૂર છે. વિશ્વ મહિલા દિવસે તમામ શક્તિશાળી, સાહસિક, શૂરવીર, સક્ષમ અને દ્રઢ નિર્ણયશક્તિ ધરાવનાર તમામ સન્નારીઓને મહિલા દિવસની શુભકામના પાઠવું છું.

# રાજ્યમાં આજથી ૫ દિવસ હિટવેવની આગાહી

(જી.એન.એસ),તા.૦૬

અમદાવાદ : માર્ચ મહિનાની શરૂઆત સાથે જ રાજકોટમાં આકરી ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. હવામાન વિભાગ દ્વારા અલગ અલગ શહેરોમાં આગામી પાંચ દિવસ સુધી હિટવેવની શક્યતા વ્યકત કરવામાં આવી છે. ભાવનગરમાં આજે હિટવેવની આગાહી વચ્ચે તાપમાનનો પારો ૩૮ ડિગ્રી આસપાસ પહોંચવાની શક્યતા વ્યકત કરવામાં આવી છે. ૮મી માર્ચે જ્યારે અમદાવાદમાં -૨૦ વર્લ્ડકપની ફાઈનલ રમાવાની છે ત્યારે શહેરમાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને પાર પહોંચવાની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, બે દિવસ બાદ પોરબંદર, દીવ, સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં યેલો અલર્ટ સાથે હિટવેવની શક્યતા છે. આજે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૭.૭ ડિગ્રી નોંધાયું છે. આજે અમદાવાદના તાપમાનમાં ઘટાડો થતા ૩૫ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. જોકે ૨૪ કલાક બાદ ફરી તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. ભાવનગરમાં સૌથી વધુ ૩૮ ડિગ્રી નોંધાયું છે. ૨૦ વર્લ્ડ કપ સમયે અમદાવાદમાં ગરમીનો અનુભવ થઈ શકે છે. ૮ માર્ચે અમદાવાદનું તાપમાન ૩૭ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. આવતીકાલે ભાવનગરના કેટલાક ભાગોમાં હિટવેવની શક્યતા છે. એકાએક ૪.૫ ડિગ્રી અને તેનાથી વધારો થશે..

હાલમાં ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ૧૫ થી ૨૦ નોટ્સ રહેવાની સંભાવના છે. ખાસ કરીને ઉત્તર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે પવનની અસર વધુ જોવા મળશે. ગાંધીનગર અને અમદાવાદમાં પણ ગરમીનું જોર યથાવત છે.

# આચરણ



## વીણેલા ફૂલ

- આશા વીરેન્દ્ર - વલસાડ

અમારે ત્યાં ઘરકામ કરવા આવતી શાંતિબાઈ મોટે ભાગે દર શનવારે પોતાની પાંચ-છ વર્ષની દીકરી નીનાને પણ સાથે લઈ આવતી કેમ કે શિનવારે નીનાની સવારની સ્કૂલ હોય અને એ સ્કૂલેથી આવે ત્યારે ઘરે કોઈ ન હોય. ડાબા હાથ અને પગની ખોડ સાથે જન્મેલી નીના વધુ ભાગદોડ ન કરી શકતી, એટલે એક બાજુ બેઠી બેઠી કંઈને કંઈ રમ્યા કરતી અથવા પાટી-પેન લઈને પોતાનું લેસન કર્યા કરતી. એની કંઈ કચકચ નહીં કે કોઈને નડવાનું નહીં. પણ તો યે મારા બે પૌત્રો છોટુને મોટુ એની સાથે અટકચાળા કરીને એને હેરાન કર્યા કરતા. 'નીના, ચાલ, અમારી સાથે લંગડી રમવું છે ?' હજી તો નીના કંઈ બોલે એ પહેલાં મોટુ નીનાની મજાક કરતો, એને લંગડી રમવાની શું જરૂર? એ તો આમ પણ લંગડી જ છેને? દુઃખથી નીનાનું મન વિલાઈ જતું, પણ એ કશું બોલતી નહીં. હું કે મારી પુત્રવધૂ રંજના હાજર હોઈએ તો એમને આવું ન કરવા સમજાવતાં પણ ચાલાક છોકરાઓ અમારી ગેરહાજરીનો લાભ લઈને એને રંજાડતા અને અમારી દેખતાં ડાહ્યા-ડમરા થઈ જતા. એક દિવસ બંને છોકરાઓ નીનાની કનગડગત કરતા હતા એ રંજનાએ નજરોનજર જોયું અને કાનોકાન સાંભળ્યું. મોટુ નીનાની સામે જ છોટુને પૂછતો હતો, 'છોટુ, એક અને અડધો એટલે કેટલા?

પ્રશ્નો.' છોટુએ શબ્દ લંબાવીને જવાબ આપ્યો. મોટુએ આગળ ચલાવ્યું, 'શાબાશ, અને જે દોઢ પગે ચાલે એને શું કહેવાય ? 'લંગડા..' છોટુએ હસતાં હસતાં કહ્યું અને પોતે લંગડી ચાલે ચાલતાં બોલ્યો, 'લંગડી ઘોડીને લાલ લગામ. યોગાનુયોગ નીનાએ તે દિવસે લાલ ફ્રોક પહેરેલું, ચૂપચાપ પોતાનું લેસન કરતી બેઠેલી એ છોકરીની આંખોમાંથી ટપટપ આંસુ પડવા લાગ્યાં. છોકરાઓની મમ્મીને આ જોઈને બહુ ખરાબ લાગ્યું. એ મારી પાસે આવીને કહેવા લાગી, 'મમ્મી, છોકરાઓને આ રીતે હસતાં અને બોલતાં જોઈને મને એટલી શરમ આવી ! મને થયું, આપણે આ લોકોનેશું આવા સંસ્કાર આપ્યા છે ? મને તો બેઉને ફટકારવાનું મન થયેલું. મેં કહ્યું, છોકરાઓએ આ બહુ જ ખોટું કર્યું છે પણ એમને મારીને સુધારી નહીં શકાય. એમની સાથે કળથી કામ લેવું જોઈએ. 'એમના સુધી સદવિચાર કે સદ્વર્તન એવી રીતે પહોંચાડવાં જોઈએ કે એમને જિંદગીભર યાદ રહે. તું વાર્તા દ્વારા એ સંદેશો પહોંચાડી શકે કે, કોઈ વિકલાંગની આ રીતે મજાક કરવી એ જંગલીપણું કહેવાય. ઊલટાનું પ્રભુએ આપણને સારું શરીર આપ્યું છે તો એના દ્વારા આવા લોકોને મદદરૂપ થવું જોઈએ.

હા મમ્મી, તમે બહુ સારો રસ્તો બતાવ્યો પણ તમને આવા સચોટ રસ્તા સૂઝે છે. કેવી રીતે ?


કેમ ? હું પહેલાં પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતી અને પછી આચાર્ય બનીને નિવૃત્ત થઈએ ભૂલી ગઈ? કેટલાં બધાં વર્ષો બાળકો સાથે જ તો વિતાવ્યાં? હું તો હંમેશા યાદ રાખતી કે જે આચરણમાં મૂકે તે આચાર્ય. બાળકોને ઉપદેશ ન આપવો કે શિક્ષા પણ ન કરવી, ફક્ત યોગ્ય સમયે વર્તન કરીએ તો જોઈ જોઈને એ લોકો અમલમાં મૂકે જ. મમ્મી, તમારા જીવનમાં એવો કોઈ પ્રસંગ બન્યો હોય એની વાતકરોને!

મેં કહ્યું, 'હું એવી કોઈ વાત યાદ કરું એટલી વારમાં તું છોટુ-મોટુને પણ બોલાવટ્ટ એ લોકો ય સાંભળે તો ખરા! બધા આવી ગયાં એટલે મેં વાત શરૂ કરી, મારી શાળામાં પ્રિયા નામની એક છોકરી ભણતી. એના પપ્પાનું શેરડીના રસનું કોલુ હતું. નાનકડીટ્ટ પ્રિયાએ એક દિવસ રમત રમતાં શેરડીનો સાંઠો પિલાતો હતો ત્યારે મશીનમાં પોતાનો હાથ નાંખી દીધેલો. એના એક હાથનાં બધાં આંગળાં ચગદાઈને લોચો થઈ ગયેલાં. 'હાસ્તાં, છોકરી ખૂબ ડાહી ને હોશિયાર પણ એની આ ખોડને કારણે વર્ગની બીજીટ્ટ છોકરીઓ એનાથી દૂર જ રહે, એને હંમેશા એકલી પાડી દે. 'એવું ન કરવું જોઈએ ને મમ્મી ? સાથે ભણતા કોઈ મિત્રને આવી તકલીફ હોય તો ઊલટું એને સાથે રાખીને એનુંટ્ટ કામ કરી આપવું જોઈએ. રંજના જાણીજોઈને વચ્ચે બોલી. હા, ખરેખર તો એમ જ હોવું જોઈએ પણ વર્ગની બધી છોકરીઓ રિસેસમાં એને એકલી મૂકીને પોતાના ડબ્બામાંથી ખાતી અને રમ્યા કરતી. પ્રિયા ઉદાસ ચહેરે બેઠી બેઠી જોયા કરતી.'(છોટુ-મોટુની નજર એકબીજા સાથે મળી અને પછી નીચી ઢળી પડી. મોટું બોલ્યો, 'પછી શું થયું? આગળ કહોને દાદી !

એક દિવસ રિસેસમાં મારું ધ્યાન ગયું તો પ્રિયા એક હાથમાં ડબ્બો લઈને રડમસટ્ટ થઈને બેઠી હતી. મેં પૂછ્યું, શું થયું પ્રિયા ? તું કેમ ખાતી નથી ? એની આંખમાં આંસુ ધસી આવ્યાં. એણે કહ્યું, મમ્મીએ આજે બીજો ડબ્બો આપ્યો છે. એનું લૉક મારાથી કેમેટ્ટ ખૂલતું નથી. ડબ્બો ન ખૂલે તો હું જમું કેવી રીતે ? એની વાત સાંભળીને હું ધ્રૂજી ઊઠી.ટ્ટ શાળામાં એક બાળકી ભૂખી બેઠી છે ને કોઈને એની કંઈ પડી જ નથી ? આટલું સાંભળીને છોટુથી ન રહેવાયું, 'પછી તમે બધી છોકરીઓને શિક્ષા કરી? પહેલાં તો મેં એવો જ વિચાર કર્યો હતો કે, બધાં ક્લાસમાં ભેગાં થાય એટલે એક જોરદાર ભાષણ આપુંને સૌને ઠપકો આપું પણ એકાએક હું પ્રિયાની બાજુમાં નીચે જ બેસી ગઈ. મેંટ્ટ એનો ડબ્બો ખોલી આપ્યો, મારો પણ ખોલ્યો અને કહ્યું, ચાલ, આજે આપણે બેઉ સાથે જમીએ. પહેલાં એને થોડો સંકોચ થયો પણ પછી પ્રિયા ખુશ થઈ ગઈ. જમી લીધા પછી મેં એને પાણીનો ગ્લાસ પણ આપ્યો. અને બધી છોકરીઓને મેં કંઈ પણ ન કહ્યું. બીજા દિવસે રિસેસમાં મેં જોયું કે બધી છોકરીઓ સાથે બેસીને જમતી હતી અને સૌ પ્રિયાને પોતાનામાંથી ખાવાનો આગ્રહ કરતાં હતાં. પ્રિયાને આટલી ખુશખુશાલ મેં કોઈ દિવસ નહોતી જોઈ. મને ખૂબ આનંદ થયો. બંને છોકરાઓ તાળી પાડીને કહેવા લાગ્યા, 'દાદી, હવે અમે પણ અમારા કોઈ ફ્રેન્ડ આવા હોય ને, તો એને હેલ્પ કરીશું. એની મશ્કરી નહીં કરીએ.' હું અને રંજના એકમેક સામે જોઈ હસી પડ્યાં.

**(સાયલી દેશમુખની બંગાળી વાર્તાને આધારે)**

# સ્ત્રી પોતાના અસ્તિત્વનું આખ્ખું આકાશ મુઠ્ઠીમાં સમાવી રાખે છે



## નોખી-અનોખી

- કિંજલ પંડ્યા, પારડી

સ્ત્રી પોતાના અસ્તિત્વનું આખ્ખું આકાશ મુઠ્ઠીમાં સમાવી રાખે છે.

દરેક ઘરની ભીંતોમાં જેનો શ્વાસ સંભળાય છે, અને જેના એક સ્મિત થકી આખા પરિવારનો થાક ઉતરી જાય છે, એને તો દરરોજ ઉજવવાની હોય. પરંતુ ૮ માર્ચ કંઈક અલગ છે. આ દિવસ એ શક્તિને વંદન કરવાનો છે. એવું લોકો કહે છે.

સામાન્ય રીતે આપણે સ્ત્રીને ત્યાગની મૂર્તિ કહીને એક મર્યાદામાં બાંધી દઈએ છીએ, પણ ખરેખર તો સ્ત્રી એટલે સર્જનનો સ્ત્રોત. રસોડાના મસાલાની સુગંધથી લઈને અંતરિક્ષના રહસ્યો સુધી જેની ગતિ છે, એ સ્ત્રી આજે માત્ર અબળા નથી, પણ પોતાના નસીબની પોતે જ કંડારનારી કસબી છે. સ્ત્રી હોવું એ માત્ર એક જાતિ હોવું નથી, પણ આ જીવંત સૃષ્ટિનું કેન્દ્રબિંદુ હોવું છે.

એક દીકરી તરીકે એ વહાલનો દરિયો છે, પત્ની તરીકે અડગ સાથ છે, અને માતા તરીકે ઈશ્વરનું પ્રતિરૂપ છે. પરંતુ, આ બધા સંબંધોની પેલે પાર તેની પોતાની પણ એક ઓળખ છે. વર્ષો સુધી સ્ત્રીએ પોતાની ઈચ્છાઓને પરિવારની ખુશીઓ પાછળ હોમી દીધી છે. તેના પણ સપના છે જે કદાચ કબાટના કોઈ ખૂણે સાડીની ગડીઓમાં દબાઈ ગયા હોય, અથવા રાતના અંધારામાં ઓશીકાના ખૂણે ભીના થઈને સુકાઈ ગયા હોય.આ વર્ષનો મહિલા દિવસ એ માત્ર ગુલાબ આપવાનો દિવસ નથી, પણ એ દબાઈ ગયેલા સપનાઓને ફરી પાંખો આપવાનો અવસર છે. આપણે સમજવાની જરૂર છે કે જ્યારે એક સ્ત્રી શિક્ષિત કે સક્ષમ બને છે, ત્યારે માત્ર એક વ્યક્તિ નહીં પણ આખી પેઢી જીવંત થાય છે. આજે સ્ત્રી માત્ર ઘરની ચાર દીવાલો વચ્ચે કેદ નથી. તે દેશનું અર્થતંત્ર ચલાવે છે, ન્યાયતંત્રમાં અડગ બનીને ઊભી રહે છે અને બોર્ડર પર દેશની રક્ષા પણ કરે છે. ગામડાના ખેતરમાં ધોમધખતા તાપમાં પરસેવો પાડતી શ્રમિક મહિલા હોય કે કોર્પોરેટ ઓફિસના કાચના કેબિનમાં બેસીને કરોડોના સોદા નક્કી કરતી CEO, દરેકના સંઘર્ષની વાર્તા અલગ હોઈ શકે, પણ ધ્યેય એક જ છે. સ્વમાન અને સન્માન સાથે જીવવું. સાચું સશક્તિકરણ ત્યારે જ ગણાશે જ્યારે સ્ત્રીએ પોતાની સુરક્ષા માટે કોઈની સામે જોવું ન પડે. સ્ત્રીને પગે લાગવાની જરૂર નથી, બસ તેને પગભર થવામાં નિખાલસતાથી સાથ આપો, એ જ ઈશ્વરની સાચી પૂજા છે.

આપણે ઘણીવાર પૂછીએ છીએ કે તે આખો દિવસ ઘરે શું કર્યું? પણ રવિવાર હોય કે તહેવાર, સ્ત્રીના કામને ક્યારેય રજા મળતી નથી. તેની રસોઈની સુગંધ, ઘરની સ્વચ્છતા અને બાળકોના ઉછેરમાં જે નિઃસ્વાર્થ મહેનત છે, તેની કિંમત કોઈ ચલણમાં આંકી શકાતી નથી. તેના મૌનમાં ઘણીવાર અપેક્ષાઓ કરતા જવાબદારીનો ભાર વધુ હોય છે.

સ્ત્રીના આ અનપેઇડ વર્ક અને અદ્રશ્ય સંઘર્ષને આજે ઓળખવાનો અને બિરદાવવાનો સમય છે.

આ દિવસ માત્ર સોશિયલ મીડિયા પર હેપ્પી વિમેન્સ ડે ના સ્ટેટસ મૂકવા પૂરતો મર્યાદિત ન રહેવો જોઈએ. આ દિવસ છે. એના મૌનને સમજવાનો, જે તે કહી નથી શકતી પણ અનુભવે છે. નિર્ણય પ્રક્રિયામાં હિસ્સેદારીનો તેને માત્ર સલાહ પૂછવા ખાતર નહીં, પણ તેના અભિ-નયની કદર કરવા માટે. સ્વ-સમય (Me-Time) આપવાનો તેને પોતાના માટે જીવવાની થોડીક ક્ષણો આપો, જ્યાં તે માત્ર પત્ની, માં કે વહુ ન હોય, પણ માત્ર તે પોતે હોય. સ્ત્રી એટલે શક્તિ, સ્ત્રી એટલે ભક્તિ અને સ્ત્રી એટલે જ આ સૃષ્ટિની મુક્તિ. જે સમાજમાં સ્ત્રી સુરક્ષિત અને સમૃદ્ધ છે, એ સમાજ ક્યારેય પછાત રહી શકતો નથી. ચાલો, આજે આપણે સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણે એવું વાતાવરણ બનાવીશું જ્યાં દરેક સ્ત્રી ભયમુક્ત બનીને, કોઈપણ પૂર્વગ્રહ વગર પોતાના આકાશમાં ઊંચી ઉડાન ભરી શકે. તમારી અંદર રહેલી એ સ્ત્રીને આજે જીવવા દો, જેણે દુનિયા માટે ઘણું જતું કર્યું છે.

તમામ અદભૂત, અડગ અને અજેય સ્ત્રીઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની હાર્દિક શુભેચ્છાઓ!

*ક્યારેક દીકરી બનીને*
*આંગણું મહેકાવે છે,*
*ક્યારેક પત્ની બનીને*
*સંસાર સજાવે છે,*
*મા બનીને અમૃતની*
*ધાર વહાવે છે,*
*પણ , જ્યારે એ પોતાના*
*પર આવે છે,*
*ત્યારે આખું આકાશ પોતાની*
*મુઠ્ઠીમાં સમાવે છે!*



# રંગોથી રંગાયેલી જિંદગી

## જીવનના દરેક પડાવનો એક અનોખો રંગ

### પ્રીતનું ઝરણું

જ્યોતિ ઉત્પલ પંડયા,

રંગ અને ગુલાલ ઉડી રહ્યા છે, સૌ મળીને હોળી રમી રહ્યા છે. લોકો એકબીજાને પ્રેમથી રંગે છે, અને હાસ્યના ગુંજતા અવાજોથી વાતાવરણ મહેકી ઊઠે છે. કેટલી સુંદર છે આ દુનિયા! જ્યાં લોકોના સ્નેહની સુગંધ પ્રસરે છે, ત્યાં જીવન પણ કોરું નથી રહેતું - તે ચહેકતું અને ખીલતું બની જાય છે.

બે રંગી રંગોથી જિંદગી ખીલી ઊઠે છે. જેમ વસંતમાં કેસરીયા રંગ છવાઈ જાય છે અને કૃષ્ણની સાથે રાધા પ્રેમની લહેરોમાં ઝૂમે છે, તેમ આ જગત પણ પ્રેમના રંગોથી રંગાઈ જાય છે. બેરંગ લાગતી દુનિયા પણ જ્યારે સ્નેહ અને આનંદના રંગોથી રંગાય છે, ત્યારે તે અદભૂત બની જાય છે.આ રંગોની વાત આવે ત્યારે રાધા અને કૃષ્ણનો પ્રેમ યાદ આવે છે. વૃંદાવનના કુંજોમાં કૃષ્ણની બાંસુરીના સૂર અને રાધાના નિર્મળ પ્રેમે જે રંગો રચ્યા, તે માત્ર ગુલાલના રંગો નહોતા, પરંતુ આત્માના રંગો હતા.

કહેવામાં આવે છે કે કૃષ્ણએ રમતમાં રાધાને રંગ લગાવ્યો, અને એ રંગ ફક્ત બહાર નહીં પરંતુ અંતરમાં પણ ઉતરી ગયો. એ પ્રેમ એવો હતો જેમાં સ્વાર્થ ન હતો, ફક્ત સમર્પણ હતું.

રાધા-કૃષ્ણનો સંબંધ શીખવે છે કે સાચો રંગ એ છે જે હૃદયને સ્પર્શે.હોળીનો ઉત્સવ પણ એ જ સંદેશ આપે છે. જીવનમાં ક્યારેક ખુશીના તેજસ્વી રંગો હોય છે, તો ક્યારેક વિયોગના ગાઢ રંગો. રાધા અને કૃષ્ણના જીવનમાં પણ મિલન અને વિયોગ બંને હતા. છતાં તેમનો પ્રેમ અડગ રહ્યો. આથી સમજાય છે કે જીવનમાં આવતા દરેક પડાવ - સુખ હોય કે દુઃખ - એક અનોખો રંગ છે.જોવું હોય તો જીવન પણ હોળી જેવું જ છે. દરેક પડાવ એક નવો રંગ લઈને આવે છે. ક્યારેક ખુશીના ચમકતા રંગો હોય છે, તો ક્યારેક સંઘર્ષના ગાઢ રંગો. પરંતુ દરેક રંગનું પોતાનું મહત્વ છે. સાચી ખુશી ત્યારે મળે છે, જ્યારે આપણે જીવનના દરેક રંગને સ્વીકારી લઈએ. સંઘર્ષને પણ જીવનના એક સુંદર રંગ તરીકે માનીએ, અને આનંદને પણ કૃતજ્ઞતાથી માણીએ. જેમ કૃષ્ણની બાંસુરીના સૂર રાધાના હૃદયને સ્પર્શતા, તેમ જીવનમાં આવતી મુશ્કેલીઓ આપણને આંતરિક રીતે ઘડે છે. સંઘર્ષ જીવનનો કાળો રંગ નથી, પરંતુ એ એવો ગાઢ રંગ છે જે અન્ય તમામ રંગોને વધુ ઉજ્જવળ બનાવે છે. રાધા-કૃષ્ણનો પ્રેમ એ દર્શાવે છે કે જ્યારે જીવનમાં સ્નેહ અને વિશ્વાસ હોય, ત્યારે બેરંગી ક્ષણો પણ રંગીન બની જાય છે. પ્રેમ એ એવો ગુલાલ છે, જે એક વાર લાગ્યા પછી જીવનભર ઉતરતો નથી. જીવન એક સુંદર કેનવાસ છે. તેમાં આશાનો પીળો રંગ, શાંતિનો નીલો રંગ, પ્રેમનો લાલ રંગ અને સંઘર્ષનો ગાઢ રંગ - બધું જ જરૂરી છે.

જેમ રાધા અને કૃષ્ણના પ્રેમે વૃંદાવનને પવિત્ર અને રંગીન બનાવ્યું, તેમ આપણે પણ આપણા જીવનને પ્રેમ, દયા અને વિશ્વાસના રંગોથી રંગી શકીએ. ચાલો, જીવનના દરેક રંગને રાધા-કૃષ્ણના પ્રેમ જેવી નિર્મળતા સાથે સ્વીકારીએ અને પ્રેમની લહેરોથી ...ાવીએ.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

# કોઈ પણ અડશો નહીં રે... વીજળી છે છોકરી



*આજ પાછી સ્વપ્ન પહેરી નીકળી છે છોકરી;*
*શ્વાસ માફક બસ અચાનક સળવળી છે છોકરી.*
*મોસમો ટહુકા કરે છે રોજ એને જોઈને;*
*એ જ કારણ ભીતરેથી ખળભળી છે છોકરી.*
*કેમ ના ઉલ્લાસ હો આ ખોરડાની ભીંતને!*
*સાવ પથ્થર થઈ ગયેલી પીગળી છે છોકરી.*
*મોગરાની મ્હેક જેવી યાદ લઈ એકાન્તમાં;*
*ક્ષણક્ષણેક્ષણ આગ વચ્ચે ટળવળી છે છોકરી.*
*ગામ તો અંધાર ઓઢી નીંદમાં ડૂબી ગયું;*
*રાત આખી આ ગલીમાં ઝળહળી છે છોકરી.*
*એક ઝટકે વાયરો પણ દૂર જઈ બોલી પડ્યો;*
*કોઈ પણ અડશો નહીં રે... વીજળી છે છોકરી.*

- શ્યામ ઠાકોર

## સંવેદન

- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

શ્યામ ઠાકોરની આ કવિતા એક એવી છોકરીનું સંવેદનાત્મક ચિત્રણ કરે છે, જે માત્ર વ્યક્તિ નથી, પરંતુ ભાવના, સૌંદર્ય, ઉર્જા અને સ્વપ્નોની પ્રતીક બનીને પ્રગટે છે. કવિએ દરેક પંક્તિમાં છોકરીના વ્યક્તિત્વને કુદરતી ઉપમાઓ, ભાવુકતા અને જીવંત ચિત્રો દ્વારા રજૂ કર્યું છે. આ કવિતા માત્ર એક યુવતીનું વર્ણન નથી, પરંતુ યુવાવસ્થાની ઊર્જા, નિર્દોષતા, આંતરિક તીવ્રતા અને સમાજમાં તેની અસરનું પ્રતિબિંબ છે.

કવિતાની શરૂઆતની પંક્તિ — આજ પાછી સ્વપ્ન પહેરી નીકળી છે

છોકરી; શ્વાસ માફક બસ અચાનક સળવળી છે છોકરી. — ખૂબ જ કલાત્મક છે. અહીં કવિ છોકરીને 'સ્વપ્ન પહેરેલી' તરીકે રજૂ કરે છે. તેનો અર્થ એ થાય છે કે આ યુવતીના જીવનમાં આશાઓ, કલ્પનાઓ અને સપનાઓનો રંગ છે. તે માત્ર બહારથી સુંદર નથી, પરંતુ તેની અંદર આશાની અને સંવેદનાની દુનિયા વસે છે. શ્વાસ માફક અચાનક સળવળી કહેતાં કવિ દર્શાવે છે કે તેની હાજરી એટલી સ્વાભાવિક અને જીવંત છે કે તે હવામાં ફેલાયેલી શ્વાસ જેવી અચાનક અનુભવાય છે.

આગળ કવિ કહે છે — કેમ ના ઉલ્લાસ હો આ ખોરડાની ભીંતને! સાવ પથ્થર થઈ ગયેલી પીગળી છે છોકરી. અહીં એક ખૂબ જ શક્તિશાળી ઉપમા આપવામાં આવી છે. 'ખોરડાની ભીંત' એટલે સાદું અને ગરીબ ઘર. છતાં એ ઘરની દીવાલો પણ ખુશી અનુભવે છે, કારણ કે એ ઘરમાં એવી છોકરી છે જે પથ્થર જેવી કઠોર સ્થિતિમાંથી પીગળી છે. આ પંક્તિ દર્શાવે છે કે જીવનમાં મુશ્કેલીઓ હોવા છતાં છોકરીએ પોતાની સંવેદના અને સૌમ્યતા ગુમાવી નથી. તે કઠિન પરિસ્થિતિઓમાંથી પસાર થઈને પણ પ્રેમ અને ભાવનાઓથી ભરેલી રહી છે.

કવિ આગળ લખે છે — મોગરાની મ્હેક જેવી યાદ લઈ એકાન્તમાં; ક્ષણક્ષણેક્ષણ આગ વચ્ચે ટળવળી છે છોકરી. અહીં છોકરીની યાદને મોગરાની સુગંધ સાથે સરખાવવામાં આવી છે. મોગરાની મ્હેક ખૂબ જ મીઠી અને લાંબા સમય સુધી રહેતી હોય છે. એ રીતે આ છોકરીની યાદ પણ મનમાં વસીને રહે છે. પરંતુ સાથે જ આગ વચ્ચે ટળવળી કહેતા કવિ દર્શાવે છે કે તે જીવનના સંઘર્ષોમાંથી પસાર થઈ રહી છે. આગ એટલે મુશ્કેલીઓ અને પડકારો. છતાં તે તેમાં ઝળહળતી રહે છે.

પાંચમી પંક્તિમાં — ગામ તો અંધાર ઓઢી નીંદમાં ડૂબી ગયું; રાત આખી આ ગલીમાં ઝળહળી છે છોકરી. — કવિ એક દૃશ્ય ઉભું કરે છે. આખું ગામ સૂઈ ગયું છે, અંધકાર છવાઈ ગયો છે, પરંતુ આ ગલીમાં એક છોકરી ઝળહળી રહી છે. આ પંક્તિમાં છોકરીને પ્રકાશના સ્ત્રોત તરીકે દર્શાવવામાં આવી છે. તેની હાજરીથી અંધકારમાં પણ પ્રકાશનો અનુભવ થાય છે. આથી સમજાય છે કે છોકરી માત્ર પોતાનું જીવન જ પ્રકાશિત કરતી નથી, પરંતુ આસપાસના લોકોના જીવનમાં પણ પ્રકાશ લાવે છે.

કવિતાની છેલ્લી પંક્તિ ખૂબ જ પ્રભાવશાળી છે — એક ઝટકે વાયરો પણ દૂર જઈ બોલી પડ્યો; કોઈ પણ અડશો નહીં રે... વીજળી છે છોકરી. અહીં છોકરીને વીજળી સાથે સરખાવવામાં આવી છે. વીજળી તેજસ્વી, શક્તિશાળી અને પ્રભાવશાળી હોય છે. વાયરો પણ દૂર થઈ જાય છે એટલે તેની તીવ્રતા એટલી વધારે છે કે કુદરત પણ તેને માન આપે છે. કોઈ પણ અડશો નહીં એ સૂચવે છે કે છોકરી માત્ર નાજુકતા નહીં, પરંતુ શક્તિ અને સ્વાભિમાનનું પ્રતીક પણ છે. જો કોઈ તેને હળવાશથી લેવાનો પ્રયાસ કરે તો તે વીજળીની જેમ પ્રતિક્રિયા આપી શકે છે.

આ કવિતાની ખાસિયત એ છે કે કવિએ છોકરીને માત્ર નરમાઈ અથવા સૌંદર્યથી જ નહીં, પરંતુ ઊર્જા, સ્વાભિમાન અને શક્તિથી પણ જોડીને રજૂ કરી છે.

સામાન્ય રીતે સાહિત્યમાં છોકરીઓને નાજુક અને કોમળ તરીકે દર્શાવવામાં આવે છે, પરંતુ અહીં કવિએ તેને મોગરાની મ્હેક પણ બનાવી છે અને વીજળીની તીવ્રતા પણ આપી છે. આ દ્વંદ્વ તેના વ્યક્તિત્વને વધુ જીવંત બનાવે છે.

ભાષા દૃષ્ટિએ પણ કવિતા ખૂબ જ સંગીતમય છે.

'સળવળી', 'ખળભળી', 'પીગળી', 'ટળવળી', 'ઝળહળી' જેવા શબ્દોનો પુનરાવર્તન એક લય સર્જે છે. આ લય કવિતાને ગાનિય બનાવે છે અને વાંચકને ભાવનાત્મક રીતે જોડે છે.

અંતમાં કહી શકાય કે આ કવિતા માત્ર એક છોકરીનું વર્ણન નથી, પરંતુ યુવાવસ્થાની તાજગી, લાગણીઓની ઊંડાઈ અને સ્ત્રી શક્તિનું કાવ્યાત્મક પ્રતિક છે.

કવિએ કુદરતી ઉપમાઓ અને ભાવસભર શબ્દો દ્વારા એક એવી છબી ઉભી કરી છે, જે વાંચકના મનમાં લાંબા સમય સુધી જીવંત રહે છે. આ છોકરીમાં સ્વપ્નો છે, સંવેદનાઓ છે, સંઘર્ષ છે અને સાથે સાથે વીજળી જેવી તેજસ્વી શક્તિ પણ છે. તેથી આ કવિતા યુવતીના વ્યક્તિત્વને સુંદરતા, સંવેદના અને શક્તિના સંગમ રૂપે રજૂ કરે છે.

# શબ્દ સાગરમાં દીવાદાંડી બનીને ઊભો છું



## શબ્દથી શબ્દ સુધી

રમેશ પટેલ, સુરત

અચાનક શબ્દ સર્જક પાસે ક્યાંથી આવે છે એ કોઈ જાણતું નથી?! કવિ શબ્દ સાગરના અચ્છા તરવૈયા હોય છે. શબ્દ કંટક પણ બને છે અને ફૂલની માફક મહેકી પણ ઊઠે છે. જ્યારે સર્જક પાસે શબ્દ ન આવે ત્યારે સર્જક, પાણી બહાર કાઢેલી માછલીની માફક તરફડતો હોય છે ! શબ્દ ભીતર સૂરજ જેવી અગ્નિ ઝળહળતી હોય છે. કોઈ કવિનો શબ્દ સુરજનું સ્થાન લઈ શકે છે જરૂર!

કવિ પાસે શબ્દકોશની બહારના શબ્દો હોય છે. હોય છે. શબ્દઘન શબ્દોની સંવેદના અતિ તીવ્ર હોય છે.. જે ભાવક પર ધારી અસર ઉપજાવી શકે છે. શબ્દ દીપક વડે કવિ ઓરડે ઉજાસ લાવી શકે છે. શબ્દ સરોવરમાં તરતા સફેદ હંસો છે.

શબ્દ પંખીનો ટહુકો બપોરે ઠંડક લાવી શકે છે. સાંજ ક્ષિતિજને શબ્દ વિચારે રંગીન બનાવી શકે છે. બીજના ચંદ્રની હોડીમાં શબ્દ જોઈ શકે એ છે કવિ.

કવિનો શબ્દ ફૂલોથી પણ કોમળ અને સુવાસિત હોય છે. શબ્દ વૃક્ષ પર અર્થના સ્વાદિષ્ટ ફળ પ્રાપ્ત થતા હોય છે!

સર્જક શબ્દથી ધનવાન હોય છે. શબ્દ સર્જકની તાકાત હોય છે. પરિશીલનના અંતે સર્જક પાસે શબ્દ નૂતન ઓર્થો લઈને પ્રવેશતા હોય છે. સર્જકની આંખે સંવેદનાના ગગનમાં શબ્દ પંખીને ઊડતાં નિહાળી શકાય છે! કોઈક વાર શબ્દ બાળક બને રિસાઈ જતા પણ હોય છે. કોરા કાગળમાં શબ્દ વાવી કવિ કવિતા ઊગાડી શકે છે! શબ્દ જ્યોતિ સમાન છે! અસ્તુ!

# હિન્દુ તહેવારોનું નવીનીકરણ કે પછી અધઃપતન

## સતરંગી શમણાં

નીતા પી. જાદવ

ભારત એક એવો દેશ છે, જ્યાં બારેમાસ ઉત્સવો ઉજવતા હોય છે. ઋતુ અને માનવજીવન પર એની અસર એના ખાનપાન અને પોષાક પર અસર કરે છે. એટલું જ નહિ, અહીં તો તહેવારો પર પણ એની ગાઢ અસર જોવા મળે છે. શિયાળો હોય કે ઉનાળો કે ચોમાસું દરેક વ્રત અને તહેવાર વૈજ્ઞાનિક ઢબે ઉજવાતા ગ્રામીણલોકો ખરેખર તો ખૂબ દૂરદર્શી લોકો હતા. સિઝનમુજબ ખવાતા અનાજ,કઠોળ, શાકભાજીને ફળો લોકોના સ્વાસ્થ્યને મજબૂત બનાવવામાં મદદરૂપ થતા. દરેક રાજ્યમાં ત્યાંની આબોહવા અને પર્યાવરણમુજબ ધર્મને સાંકળીને તહેવારો લોકોના જીવનમાં ઉમંગ અને ઉલ્લાસભરી દેતા. વાર તહેવાર પરિવાર અને સગાસંબંધી તેમજ મિત્રો મળીનેસાથે તહેવારો ઉજવતા અને ભોજન કરતાં.જેના કારણે સંપ અને એકતા મજબૂત બનતા. લોકોમાં પરસ્પર પ્રેમ અને સહકારની ભાવના અનાયાસે ગૂંથાઈ જતી. લોકો હળીમળીને આનંદ સાથેઉત્સવો ઉજવતા ને દુઃખમાં વણકહ્યે એકબીજાને સાથ આપતા. તહેવારો ઉજવવા પાછળનું આ ગુપ્તરહસ્ય હતું. ભક્તિ સાથે આનંદ અને ઉલ્લાસને જોડીને જીવનને સુમધુર બનાવીને માનવ કલ્યાણના માર્ગે દોરી જવાનો સરળ રસ્તો એટલે પારંપરિક રીતે ઉજવાતા ભારતીય ઉત્સવો. ગત દિવસોમાં ઉજવાયેલા હોળી - ધૂળેટીના તહેવારોને આજની મોર્ડનપેઢીએ ખૂબ મોજમજા સાથે ઉજવણી કરી. મોટી હોળીનું દહન કર્યું. Rain ડાન્સ, DJ અનેરંગો સાથે યુવાનોએ ખૂબ નાચી ગાઈને મોજ કરી.પણ આ તહેવારો ઉજવવાપાછળની હિન્દુ કથા ૭૦ શ્રત્ત્કૂ યુવાનો જાણતા નથી અથવા ખોટી અને અપૂરતી માહિતી ધરાવે છે. એના સાચામૂલ્યો અને ભક્તિને અપનાવવાને બદલે પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાઈ ગયેલી યુવાપેઢી પોતાની સંસ્કૃતિને ભૂલી રહી છે. દિવાળીપર મોંઘા ફટાકડા ફોડીને મજા કરતી પેઢીનેરામનું જીવનચરિત્ર ખાલી નામમાત્ર મોઢે છે. શ્રીકૃષ્ણ જન્મોત્સવ સમયે DJ પર બોલિવૂડના અશ્લીલ ગીતો વગાડીને નાચતું યુવાધન જીવનમાં શ્રીકૃષ્ણે આપેલો ગીતાસાર ઉતારવામાં પાછા પડે છે. ગણેશજીની મોંઘી અને ઊંચી મૂર્તિ લાવીને દસદિવસ એમની સામે થાળ ધરાવી આરતી કરતા હિન્દુઓ છેલ્લે દિવસે નાચતા -ગાતા પધરાવવા જાય ત્યારે એ કોઈ કચરો ઠલવાતો હોય એમ ફેંકે તે કરુણ દ્રશ્યો જોઈ આંખો ભીની થઈ જાય. નવરાત્રિ ખરેખર નારીશક્તિ અને નારીપૂજનનો પવિત્ર તહેવારછે, પરંતુ આજે યુવાનોએ એને લવરાત્રીબનાવી માતા આધ્યશક્તિનું અપમાન કરી રહીરહી છે. હનુમાન જયંતિ પર Dj પરગંદાગીતો વગાડીને કૂદકા મારવાવાળા લોકોએ સત્યાનાશ કર્યો છે.

એ હોળીના દાહને શાંત કરવા કેસુડાના પાણીથી ઠંડક કરતાં લોકોએ ધૂળેટી ઉજવી અને ભગવાનની કૃપાને ઉમંગભેર ઉજવી હતી,પણ આજે લોકો Happy ધૂળેટીના નામ પર અસામાજિક અને વિકૃતલોકો બહેનદિકરી અને ભાભીઓને રંગલગાવવાને બહાને અશ્લીલ હરકતો કરી પવિત્ર તહેવારનું અપમાન કરતાં હોય છે. ભાંગ પીને નાચવા વાળા દારૂ પીને નાચીને ઉત્સવો ઉજવતા હોય છે, ત્યારે આવા લોકોએ તો ખરેખર પરંપરા મુજબ હોળીમાં જ બેસી જવું જોઈએ. શિવરાત્રિ પર નશો કરી, ગાંજોફૂંકીને શિવપણ આમ કરતાં એવો લૂલોબચાવ કરે ત્યારે આ લોકોએ ભગવાન શિવની જેમ વિષ પણ પી લેવું જોઈએ. સાંપ્રત સમયમાં હિન્દુ તહેવારો ખલી નાચવા ગાવા અને ખાવા પીવાની મોજમજાનું સાધનબનીને રહીગયા છે.આપણા ધર્મ અને મહાપુરુષો અને વિદૂષી તેમજ સતી નારીઓને આ પેઢી વિસરીરહીછે. બીજા ધર્મના લોકો પોતાનાધર્મપરગર્વ અનુભવે છે અને પરંપરાગત રીતે એની ઉજવણી કરે છે,જ્યારે બીજી તરફહિન્દુઓ પોતાની સંસ્કૃતિ ભૂલી પોતાના જ ધર્મ અને ભગવાનને ગાળો આપે અને ધર્મનું અપમાન કરે છે.કદાચ તહેવારો ઊજવે તો પણવિદેશી ઢબે ઉજવાતા તહેવારો માત્ર મજા કરવાનું સાધન બની ગયા છે. સદીઓ પુરાણીભારતીય સંસ્કૃતિ જાળવવા લોકોએ જાગૃત થવું પડશે.પોતાના ધર્મનાશાસ્ત્રો અને કથાઓ બાળકોને કહેવી પડશે. અંગ્રેજી શિક્ષણ પાછળ કે ખાલી ઊંચી ટકાવારી લાવીનેબાળકો જીવનને જાણી શકશે નહીં.એના માટે એની સંસ્કૃતિ અને ધર્મ અનિવાર્ય છે. ધર્મવિહોણો માણસ પશુસમાન હોય છે. હિન્દુ ધર્મ પુરુષને પુરુષોત્તમ બનાવવાસક્ષમ છે.માટે ઉત્સવો જરુર ઉજવવાપણ એના ઈતિહાસ, કથા અને હાર્દને પણસમજીને જીવનમાં ઉતારવાથી આત્મકલ્યાણ થશે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Saturday 07, March 2026

# ક્રૂડના પડકાર સામે ભારત આત્મનિર્ભરતા કેળવે

સતત વિકાસ સાધી રહેલા અને દુનિયામાં સૌથી વધુ વસ્તી ધરાવતા ભારતની સામે ફરી એક વખત ઈંધણની કટોકટીનું જોખમ ઊભું થયું છે. અમેરિકા અને ઈઝરાયલના આક્રમણની સામે વળતા હુમલા કરી રહેલા ઈરાને આસપાસના તેલ સમૃદ્ધ આરબ દેશોને જે રીતે નુકસાન પહોંચાડવું શરૂ કર્યું છે તેનાથી દુનિયામાં અને તેમાં પણ ભારતમાં ક્રૂડતેલના પુરવઠા પર અસર પડી રહી છે. ભારત સરકારે આ પડકારને પહોંચી વળવા કમર કસી લીધી છે અને મળતા અહેવાલ મુજબ રશિયા પાસેથી વધુ ક્રૂડ ખરીદીને અખાતના દેશોની ખાધને સરભર કરવાની વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. આવામાં ઈંધણના પુરવઠાને જાળવવા કાયમી વિકલ્પ હાથવગા રાખવાની સાથોસાથ ક્રૂડના મામલે આત્મનિર્ભરતા વધારવાનાં પગલાંની તાકીદની અનિવાર્યતા છતી થઈ છે. આમ તો સરકારના ટોચનાં વર્તુળોએ દાવો કર્યો છે કે, ભારત પાસે ૨૫ દિવસના ક્રૂડતેલ અને ઈંધણનો જથ્થો ઉપલબ્ધ છે. જો કે, સ્થિતિની ગંભીરતાને અનુરૂપ પેટ્રોલિયમ મંત્રાલયે ૨૪ કલાક નજર રાખવાનું શરૂ કર્યું છે. જો કે, નિષ્ણાતો માને છે કે, ભારત જેવા વિશાળ દેશમાં ૨૫ દિવસનો ઈંધણ કે ક્રૂડનો જથ્થો મધ્યમ ગણી શકાય. ખેરખર તો ક્રૂડના જથ્થાના પુરવઠાની ચેઈન, ભાવો અને રાજદ્વારી અસરો પણ આ ચક્રનો ભાગ બની રહે છે. તેવામાં પુરવઠો ઓછો થાય કે ભાવો વધે તેની અસર છેક છેવાડાના નાગરિકોના આર્થિક ગણિત પર પડી જતી હોય છે. ભારત વિશ્વમાં ક્રૂડતેલની આયાતમાં ત્રીજા ક્રમે છે. આમાંથી દેશની ૫૦ ટકા આયાત અખાતના દેશોમાંથી થાય છે. જાન્યુઆરી મહિનાના આંકડા મુજબ ભારતે રોજનું ૨૭.૪ લાખ બેરલ તેલ આ દેશોમાંથી આયાત કર્યું હતું. હાલત એવી છે કે, આ અશાંત પરિસ્થિતિમાં પુરવઠા ઉપરાંત હોર્મુઝની ખાડીમાં હુમલાના ભય તળે દરિયાઈ પરિવહન પર અસર પડી છે. આવનારા દિવસોમાં પુરવઠો અને પરિવહન ફરી પાટે ચડે એવી આશા રખાઈ રહી છે. આમ છતાં આવા સંજોગોમાં તેલના ભાવો તો વધી જશે એ વાત નક્કી મનાઈ રહી છે, તેલના ભાવો વધે તો તેની અસર સરકારનાં બજેટથી માંડીને સામાન્ય માનવીના ખીસ્સા સુધી પડશે. ભારતે ગયા નાણાકીય વર્ષ દરમ્યાન ક્રૂડતેલની આયાત પાછળ ૧૩૭ અબજ ડોલર ખર્ચ્યા હતા. ઈરાકની ઉપર અમેરિકાનું આક્રમણ હોય કે કુવૈત પર ઈરાકનો કબજો હોઈ દરેક વખતે દુનિયામાં ક્રૂડતેલની અછત અને ભાવોમાં વધારાનો પડકાર ઊભો થતો રહ્યો છે. આમાં ભારતને સૌથીવધુ વેઠવું પડતું રહ્યંક્ક છે. હવે સમય આવી ગયો છે કે, ભારતે ઊર્જાના મામલે આત્મનિર્ભર થવાના પ્રયાસોને વધારવા પર ધ્યાન આપવાની જરૂરત છે. ભારતે વૈકલ્પિક ઊર્જા, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રિક વાહનો જેવા પ્રોજેક્ટનાં ચલણનો વ્યાપ વધારીને પેટ્રોલિયમના પડકારનો માર્ગ શોધી શકાય. તેની સાથોસાથ ક્રૂડ કે પેટ્રોલિયમ પેદાશોના વ્યૂહાત્મક ભંડારનો વિસ્તાર કરીને આવી કટોકટીની સામે સજ્જતા વધારવાનાં પગલાં પર પણ સરકારે હવે ગંભીરતા સાથે ધ્યાન આપવાની જરૂરત છે.

# વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ કઈ દિશામાં જશે તે કહેવું મુશ્કેલ: રાજનાથ સિંહ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬

મિડલ ઈસ્ટમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા ભીષણ તણાવ પર ભારત સરકારે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. કોલકાતામાં આયોજિત મેરિટાઈમ સમિટ "સાગર સંકલ્પ"ને સંબોધિત કરતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ અત્યંત અસામાન્ય છે અને આ સંઘર્ષના પરિણામોની આગાહી કરવી હાલ મુશ્કેલ છે. ચેતવણી આપતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, મિડલ ઈસ્ટનો આ તણાવ માત્ર સરહદો પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વૈશ્વિક ઊર્જા સુરક્ષા માટે જોખમરૂપ છે. આ સંઘર્ષ હોર્મુઝ સ્ટ્રેટ જેવા વ્યૂહાત્મક વિસ્તારોને અસર કરી રહ્યો છે. આ ક્ષેત્રમાં જો કોઈ પણ પ્રકારનો વિક્ષેપ પડશે, તો તેની સીધી અસર વિશ્વભરના ઓઈલ અને ગેસ પુરવઠા પર થશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બદલાતા વૈશ્વિક સમીકરણો પર ભાર મૂકતા જણાવ્યું કે, આજે જૂના વિચારો અને જૂની માન્યતાઓ ઝડપથી બદલાઈ રહી છે. એક સમયે સમુદ્રને માત્ર વેપારનું સાધન માનવામાં આવતું હતું, પરંતુ આજે તે વ્યૂહાત્મક પ્રભુત્વ મેળવવાનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. વિશ્વ અત્યારે ભારે અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં જમીન, આકાશ અને સમુદ્ર એમ ત્રણેય મોરચે દેશો એકબીજા પર હુમલા કરી રહ્યાં છે. "સાગર સંકલ્પ" સમિટ દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નોંધ્યું હતું કે, દરેક ભૌગોલિક સ્થાન આજે એક અલગ પડકાર અને વાર્તા રજૂ કરી રહ્યું છે. વૈશ્વિક સ્તરે કંઈક નવું આકાર લઈ રહ્યું છે અને સ્થાપિત વ્યવસ્થાઓ તૂટી રહી છે. આપણે આ અનિશ્ચિતતાઓને ગંભીરતાથી સમજવાની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે, મિડલ ઈસ્ટમાં મિસાઈલો અને ડ્રોન હુમલાઓને કારણે સર્જાયેલી આ સ્થિતિ ભારત જેવા દેશો માટે આર્થિક અને સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વની છે, કારણ કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટાભાગે આ ક્ષેત્ર પર નિર્ભર છે.

# ગલ્ફ દેશોએ ઓઈલ-ગેસની નિકાસ બંધ કરવી પડશે! :કતારના ઊર્જા મંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)
કતાર, તા.૬ : કતારના ઊર્જા મંત્રીની વિશ્વને શાંતિની અપીલ સાથે ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું કે, જો યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા જોખમાશે, તો સપ્લાય ચેઈન તૂટી જશે. સપ્લાય ચેઈન તૂટશે તો સેમિકન્ડક્ટરથી લઈને સામાન્ય પરિવહન સુધીના તમામ ક્ષેત્રો પર અત્યંત ગંભીર રીતે નકારાત્મક અસર પડશે. જેના કારણે વૈશ્વિક રીતે અનેક પ્રકારના સંકટો પેદા થઈ શકે છે. કતારના ઊર્જા મંત્રી સાદ અલ-કાબીએ ચેતવણી આપી છે કે, જો મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ નહીં અટકે, તો મહત્તમ એક મહિનામાં ખાડી દેશોમાંથી થતી ઊર્જા નિકાસ સંપૂર્ણપણે ઠપ થઈ શકે છે. જો એવું થશે તો વૈશ્વિક સ્તરે ફ્યૂલની અછત સર્જાશે અને મોંઘવારી પણ ચરમસીમાએ પહોંચી જશે.

જો યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ ઘણાં લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા જોખમાશે, તો સપ્લાય ચેઈન જ તૂટી જશે. તે સ્થિતિમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગથી લઈને સામાન્ય પરિવહન સુધીની તમામ સેવા પર નકારાત્મક અસર પડી શકે છે. આ કારણસર વિવિધ દેશમાંથી ઉચ્ચ સ્તરીય રાજદ્વારી હસ્તક્ષેપ દ્વારા શાંતિ નહીં સ્થપાય, તો વિશ્વએ મોટા આર્થિક આંચકા માટે તૈયાર રહેવું પડશે.

# ઈરાનનો મોટો હુમલો : જૉર્ડન અને UAEમાં અમેરિકી રડાર સિસ્ટમ ધ્વસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)
તહેરાન, તા.૬ : મધ્ય-પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ભયાનક તબક્કામાં પહોંચી ગયો ચૂક્યો છે. અમેરિકા-ઈઝરાયલના સંયુક્ત હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થયા બાદ ઈરાન ભયાનક વળતો પ્રહાર કરી રહ્યું છે અને તે આરબ દેશોમાં અમેરિકી સૈન્ય મથકો પર મિસાઈલ અને ડ્રોનથી હુમલાઓ કરી રહ્યું છે.

તાજેતરમાં સામે આવેલી સેટેલાઈટ તસવીરો પુષ્ટિ કરે છે કે, ઈરાને જૉર્ડન, સંયુક્ત આરબ અમીરાત (UAE) અને કતારમાં અમેરિકાની અત્યંત આધુનિક એર ડિફેન્સ સિસ્ટમને નિશાન બનાવી છે.

સેટેલાઈટ ઈમેજ મુજબ, જૉર્ડન સ્થિત મુવાફ્ફક સાલ્ટી એર બેઝ પર તૈનાત અમેરિકાના THAAD (Terminal High Altitude Area Defense) મિસાઈલ બેટરીના રડાર સિસ્ટમને ઈરાને સફળતાપૂર્વક નષ્ટ કરી દીધી છે. રેથિયૉન કંપની દ્વારા બનાવવામાં આવેલા આ AN/TPY-2 રડારની કિંમત અંદાજે ૫૦ કરોડ ડૉલર (આશરે રૂ.૪,૧૦૦ કરોડથી વધુ) છે. તસવીરોમાં એરબેઝ પાસે રેતમાં ૧૩ ફૂટ પહોળા બે મોટા ખાડા દેખાય છે, જે સૂચવે છે કે રડારને સચોટ રીતે તોડી પાડવા માટે એકથી વધુ મિસાઈલોનો ઉપયોગ થયો હતો. પાંચ મોટા ટ્રેલર પર ગોઠવાયેલી આ આખી સિસ્ટમ હાલ સંપૂર્ણપણે બિનઉપયોગી બની ગઈ છે. જૉર્ડન ઉપરાંત, સંયુક્ત આરબ અમીરાતના રૂવૈસ અને સાદેર વિસ્તારમાં આવેલા સૈન્ય ઠેકાણા પર પણ ઈરાને હુમલો કર્યો છે. રૂવૈસમાં ૩ અને સાદેરમાં ૪ મહત્વની ઈમારતોને નુકસાન થયું હોવાના અહેવાલ છે. આ ઈમારતોનો ઉપયોગ રડાર સિસ્ટમ અને સૈન્ય વાહનો રાખવા માટે થતો હતો. નિષ્ણાતો હજુ એ તપાસી રહ્યા છે કે આ રડાર અમેરિકી સેનાના હતા કે UAEએ અમેરિકા પાસેથી ખરીદેલા હતા.

# અમેરિકા, ઈઝરાયેલ અને યુરોપના દેશોના ઓઈલ ટેન્કર નહીં પસાર થવા દઈએ: ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬

ઈરાને હોર્મુઝની ખાડીમાંથી ઓઈલ ટેન્કરના પરિવહન પર મુકેલાં પ્રતિબંધને પગલે ભારત સહિત વિશ્વના તમામ દેશોમાં ચિંતાનું મોજું પ્રસરી જવા પામ્યું હતું. જોકે હવે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, માત્ર અમેરિકા, ઈઝરાયેલ, યુરોપ તથા તેમના પશ્ચિમ સહયોગી દેશો માટે જ હોર્મુઝની ખાડી બંધ કરી છે. ઈરાનના આ નિવેદનને પગલે ભારત માટે ઓઈલની આયાત માટે નવી આશા જન્મી છે. આઈઆરજીસીએ જણાવ્યું હતું કે, અમે અગાઉ પણ એ બાબત સ્પષ્ટ કરી હતી કે, આંતરરાષ્ટ્રીય કાયદા અને સંલગ્ન ઠરાવો મુજબ યુદ્ધના સમય દરમિયાન હોર્મુઝની ખાડીમાં જહાજોનું નિયમન કરવાનો ઈરાનનો અબાધિત અધિકાર છે. આ સમુદ્રી માર્ગમાંથી પસાર થનારા અમેરિકા, ઈઝરાયેલ, યુરોપ તથા પશ્ચિમી દેશોના તેમના સહયોગીઓના જહાજોને ચોક્કસપણે તોડી પાડવામાં આવશે.જોકે, ઈરાને જણાવ્યું હતું કે, તે માત્ર ચાઈનીઝ ધ્વજ ધરાવતાં જહાજોને જ હોર્મુઝની ખાડીમાંથી પસાર થવાની મંજૂરી આપશે. વિદેશી બાબતોના નિષ્ણાતોના જણાવ્યાં અનુસાર ચીન સાથેના ઈરાનના સંબંધોને પગલે આ મંજૂરી અપાઈ છે. હોર્મુઝની ખાડી ઈરાનના અખાતમાંથી તેલના પરિવહનનો એક માત્ર માર્ગ હોવાથી ઈરાનનો આ નિર્ણય ઘણો મહત્વનો છે.અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલાં હુમલાં બાદ ઈરાને હોર્મુઝની ખાડીમાંથી ઓઈલ ટેન્કર્સના પરિવહન પર પ્રતિબંધ મુક્યો હતો. ઈરાને જણાવ્યું હતું કે, તે આ સમુદ્રી માર્ગમાંથી પસાર થતાં દરેક ટેન્કર પર હુમલો કરી તેને નષ્ટ કરશે.

# ‘હજુ તો યુદ્ધ શરૂ થયું છે’ : અમેરિકા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં હવે શાબ્દિક યુદ્ધ પણ તેજ બન્યું છે. અમેરિકાના સંરક્ષણ મંત્રીએ જ્યારે યુદ્ધ ચાલુ રાખવાનો ઈરાદો દર્શાવ્યો છે, ત્યારે ઈરાને અમેરિકાની સેનાને જમીની જંગ માટે ખુલ્લો પડકાર ફેંક્યો છે.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ અમેરિકાને ખુલ્લી ચેતવણી આપી છે કે જો અમેરિકાની સેના ઈરાનની ધરતી પર પગ મૂકશે, તો તેના પરિણામો અત્યંત ભયાનક અને ‘આપત્તિજનક’ હશે. એક ઈન્ટરવ્યુમાં અરાગચીએ સ્પષ્ટ કર્યું હતું કે ઈરાન અમેરિકાના કોઈપણ ગ્રાઉન્ડ ઓપરેશનનો સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ છે. જ્યારે તેમને સંભવિત આક્રમણ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે આક્રમક રીતે કહ્યું, “ના, અમે તો તેમની રાહ જોઈ રહ્યા છીએ. અમને પૂરો વિશ્વાસ છે કે અમે તેમનો સામનો કરી શકીએ છીએ.”

બીજી તરફ, અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે ઈરાનની ગેરસમજ દૂર કરતા જણાવ્યું હતું કે વૉશિંગ્ટને હજુ તો લડાઈની શરૂઆત જ કરી છે. તેમણે સંકેત આપ્યા કે જો ઈરાન એમ માનતું હોય કે અમેરિકા આ યુદ્ધ લાંબો સમય ચાલુ નહીં રાખી શકે, તો તે તેની મોટી ભૂલ છે. અમેરિકા પોતાના સૈન્ય અભિયાનને વધુ વેગ આપવા માટે તૈયાર છે અને તેહરાન પર દબાણ ઘટાડવાનો તેમનો કોઈ ઈરાદો નથી.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ‘ઓપરેશન એપિક ફ્યુરી’ વિશે વાત કરતા દાવો કર્યો છે કે ઈરાન પાસે હવે ન તો વાયુસેના બચી છે કે ન તો કોઈ મજબૂત એર ડિફેન્સ સિસ્ટમ. ટ્રમ્પના મતે, ઈરાનના ૬૦% થી ૬૪% સૈન્ય સંસાધનો, મિસાઈલો અને લોન્ચર્સ નષ્ટ થઈ ચૂક્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે અમેરિકી સેનાએ માત્ર ત્રણ દિવસમાં ઈરાનના ૨૪ જહાજોને દરિયામાં જળમગ્ન કરી દીધા છે.

# યોગી સાથે RSSની બંધબારણે બેઠક થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
લખનૌ, તા.૬ : બિહારમાં ૧૦ વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા નીતીશ કુમારના રાજ્યસભામાં જવાના નિર્ણયે આખા દેશના રાજકારણમાં ખળભળાટ મચી ચુક્યો છે. દરમિયાન ઉત્તર પ્રદેશમાં પણ બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગાઝિયાબાદમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના ટોચના પદાધિકારીઓ સાથે અઢી કલાક સુધી લાંબી ચર્ચા કરી છે.

ગુરુવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું પ્લેન હિંડન એરબેઝ પર લેન્ડ થયું હતું, ત્યારબાદ તેમનો કાફલો સીધો નેહરુ નગર સ્થિત સરસ્વતી વિદ્યા મંદિર પહોંચ્યો હતો. અહીં તેમણે મેરઠ પ્રાંતના સંઘના પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં શું ચર્ચા થઈ તે અંગે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. જાણકારી અનુસાર, આ બેઠકનો મુખ્ય હેતુ સરકાર અને સંઘ વચ્ચે સમન્વય સાધવાનો હતો. આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંઘના પદાધિકારીઓ સાથે રણનીતિ ઘડવામાં આવી હતી. સીએમ યોગીએ સરકારના કામકાજ અંગે સંઘ પાસેથી ગ્રાઉન્ડ લેવલનું ફીડબેક મેળવ્યું હતું. સંઘના સભ્યોએ સરકારી હોસ્પિટલો અને શાળાઓમાં માળખાગત સુવિધાઓ સુધારવા તેમજ માનવ સંસાધન વધારવા પર ભાર મૂક્યો હતો.

બેઠકમાં માત્ર વિકાસની જ નહીં, પણ વહીવટી ખામીઓની પણ ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે.

# વિશ્વપ્રસિદ્ધ ચારધામ યાત્રાનું આજથી રજિસ્ટ્રેશન શરૂ થયુ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૬ : ઉત્તરાખંડની વિશ્વપ્રસિદ્ધ ચારધામ યાત્રા ૨૦૨૬ માટેની નોંધણી શરૂ થઈ ગઈ છે. દેશ અને દુનિયાભરના શ્રદ્ધાળુઓ માટે નોંધણી કરાવાનું શરૂ કરી દીધું છે. આજે શુક્રવારે, સવારે ૭:૦૦ વાગ્યે સત્તાવાર રીતે રજિસ્ટ્રેશન ઓપન થયું. જો તમે પણ બાબા કેદાર અથવા બદ્રી વિશાલના દર્શન કરવાનું આયોજન કરી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ વર્ષે, યાત્રા એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં શરૂ થાય છે.આ યાત્રા ૧૯ એપ્રિલે ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના કપાટ ખોલવાની સાથે શરૂ થશે. કેદારનાથ મંદિરના કપાટ ૨૨ એપ્રિલે શ્રદ્ધાળુઓ માટે ખુલશે. બદ્રીનાથ મંદિરના કપાટ ૨૩ એપ્રિલે ખુલશે.ભક્તો registrationandtouristcare.uk.gov.in પર જઈને તેમના સ્લોટ બુક કરાવી શકે છે.

# ગલ્ફથી અમેરિકાનું અસ્તિત્વ ખતમ કરી દઈશું:ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬ : મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ જંગ વચ્ચે ઈરાનના વિદેશ બાબતોના ઉપ-મંત્રી ડૉ. સઈદ ખતીબઝાદેહ ભારતની મુલાકાતે છે. દિલ્હીમાં આયોજિત રાયસીના સંવાદ ૨૦૨૬માં વક્તા તરીકે હાજર રહેલા ખતીબઝાદેહે વર્તમાન યુદ્ધની સ્થિતિ પર ગંભીર ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચેની સભ્યતાના મૂળ એકબીજા સાથે જોડાયેલા છે અને ઈરાન ભારત સાથેના સંબંધોને ખૂબ જ મહત્ત્વ આપે છે. જોકે, વર્તમાન સંઘર્ષ અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે, અમેરિકાએ ઈરાનના અસ્તિત્વને જ સમાપ્ત કરવાનો નિર્ણય કરી લીધો છે, જેના કારણે ઈરાન પાસે હવે પ્રતિકાર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી.

જંગની ગંભીરતા વિશે વાત કરતાં ડૉ. સઈદ ખતીબઝાદેહે કહ્યું કે, જ્યારે આપણે અત્યારે વાત કરી રહ્યા છીએ, ત્યારે મારા દેશવાસીઓ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવતી નિરંતર બોમ્બમારોનો સામનો કરી રહ્યા છે.

તેહરાન પર સતત હુમલા થઈ રહ્યા છે. તેમણે આ લડાઈને ઈરાન માટે એક વીરતાપૂર્ણ અને રાષ્ટ્રવાદી યુદ્ધ ગણાવ્યું હતું. તેમણે હુંકાર કર્યો હતો કે, અમેરિકન અને ઈઝરાયલી અત્યાચારોને રોકવા માટે ઈરાન પોતાની છેલ્લી ગોળી અને છેલ્લા સૈનિક સુધી લડત આપશે. તેમના મતે, હુમલાખોરોને પાછળ ધકેલવા એ જ અત્યારે ઈરાનની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

# UPSC સિવિલ સર્વિસ ૨૦૨૫ નું ફાઈનલ પરિણામ જાહેર થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬ : યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ સિવિલ સર્વિસીસ મેઈન પરીક્ષા ૨૦૨૫ ના પરિણામો જાહેર કર્યા છે. પરિણામો આજે સત્તાવાર વેબસાઈટ, upsc.gov.in પર જાહેર કરવામાં આવ્યા છે. UPSC CSE 2025 પરીક્ષા આપનારા ઉમેદવારો સત્તાવાર UPSC વેબસાઈટની મુલાકાત લઈને તેમના પરિણામો ચકાસી શકે છે. આ પરીક્ષાનો ઉપયોગ IAS, IPS અને IFS માટે ઉમેદવારો પસંદ કરવા માટે થાય છે. આ વર્ષે, અનુજ અગ્નિહોત્રીએ સિવિલ સર્વિસીસ પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. રાજેશ્વરી સુવેમ બીજા સ્થાને છે અને આકાંશ ધુલ ત્રીજા સ્થાને છે.

કમિશન અનુસાર, આ વર્ષે કુલ ૯૫૮ ઉમેદવારોએ પરીક્ષા પાસ કરી છે. UPSC દ્વારા જારી કરાયેલ એક સૂચનામાં જણાવાયું છે કે નિમણૂક પ્રક્રિયા અંગેની સૂચનાઓ ટૂંક સમયમાં પસંદ કરાયેલા તમામ ઉમેદવારોને મોકલવામાં આવશે. સફળ ઉમેદવારોને ભારતીય વહીવટી સેવા (IAS), ભારતીય વિદેશ સેવા (IFS) અને ભારતીય પોલીસ સેવા (IPS) સહિત વિવિધ કેન્દ્રીય સેવાઓમાં નિયુક્ત કરવામાં આવે છે. UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫ માટેના ઈન્ટરવ્યુ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ પૂર્ણ થયા હતા. મુખ્ય પરીક્ષામાં તેમના પ્રદર્શનના આધારે, ૨,૭૩૬ ઉમેદવારોને ઈન્ટરવ્યુ રાઉન્ડ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા.

# ઈરાન યુદ્ધને કારણે પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે?

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬

પશ્ચિમી એશિયામાં વધી રહેલા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા છ દિવસથી ચાલી રહેલા સંઘર્ષના પરિણામે ક્રૂડ ઓઈલના ભાવ 15% વધીને 84 ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા છે. જો આ યુદ્ધ વધુ લંબાય તો કિંમતો 90 ડૉલર સુધી પહોંચવાની આશંકા છે, જોકે બજારમાં પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી સ્થિતિ સામાન્ય થતા જ ભાવ ઘટવાની પણ શક્યતા છે. આ વધારા વચ્ચે ભારત સરકાર દ્વારા દેશના ગ્રાહકોને આશ્વાસન આપવામાં આવ્યું છે કે સ્થાનિક બજારમાં તેલની કિંમતો પર હાલમાં કોઈ અસર પડશે નહીં.

ભારત પાસે પૂરતો તેલ અને ગેસનો સ્ટોક ઉપલબ્ધ છે અને સરકાર વૈકલ્પિક સપ્લાય માટે IEA અને ઓપેક(OPEC) જેવા સંગઠનો સાથે સતત સંપર્કમાં છે.બીજી તરફ, કતાર દ્વારા ગેસ ઉત્પાદન બંધ કરવાના નિર્ણયની ભારત પર મર્યાદિત અસર પડશે, કારણ કે ભારત તેની જરૂરિયાતનો માત્ર 30% ગેસ જ કતારથી આયાત કરે છે. સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો ગેસની અછત સર્જાય તો પણ ઘરેલું પીએનજી(PNG) અને સીએનજી(CNG) વપરાશકર્તાઓ પર તેની કોઈ અસર થવા દેવામાં આવશે નહીં. ઈરાનની હોર્મુજ જળમાર્ગ બંધ કરવાની ધમકી અંગે પણ સરકારે તૈયારીઓ કરી લીધી છે.

# UNSCનું સભ્ય બનવા ભારતને સમર્થન મળ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬

નવી દિલ્હી ખાતેના ‘રાયસીના ડાયલોગ’ના ઉદ્ઘાટન પ્રસંગે ફિનલેન્ડના પ્રમુખ એલેક્ઝાન્ડર સ્ટબે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતની કાયમી સદસ્યતા માટે મજબૂત સમર્થન જાહેર કર્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પશ્ચિમી દેશોના વર્ચસ્વનો સમય હવે પૂર્ણ થયો છે અને વર્તમાન વૈશ્વિક બદલાવમાં ભારત જેવી મહાસત્તાને સુરક્ષા પરિષદથી દૂર રાખવી તે અનુચિત છે. આ અગાઉ પણ વૈશ્વિક સ્તરે ભારતની દાવેદારીને ટેકો આપી ચૂકેલા સ્ટબના આ નિવેદનથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની વધતી જતી પ્રતિષ્ઠા અને મહત્ત્વ ફરી એકવાર સાબિત થાય છે.ભારતની વિદેશ નીતિના વખાણ કરતા ફિનલેન્ડના પ્રમુખે કહ્યું કે, ‘ભારત કોઈ પણ ભ્રમમાં રહ્યા વિના વાસ્તવિકતાના આધારે નિર્ણયો લે છે. તેમણે ભારતની ‘વ્યૂહરચનાત્મક સાવધાની’ અને પોતાની શરતો પર નિર્ણયો લેવાની આઝાદીને વિશ્વ માટે એક ઉદાહરણ ગણાવ્યું હતું. સ્ટબે વધુમાં કહ્યું કે ‘ગ્લોબલ સાઉથ’ ભવિષ્યની વિશ્વ વ્યવસ્થા નક્કી કરશે અને તેમાં ભારતની ભૂમિકા સૌથી મહત્ત્વની રહેશે. તેમના મતે, ભારત એક એવી વૈશ્વિક વ્યવસ્થા તરફ દોરી જશે જે સહયોગ, નિષ્પક્ષતા અને સમાનતા પર આધારિત હોય.’વૈશ્વિક શક્તિ સંતુલન બદલાઈ રહ્યું હોવાનું સ્વીકારતા એલેક્ઝાન્ડર સ્ટબે જણાવ્યું કે વિશ્વ અત્યારે પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ જેવી જ પરિવર્તનની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. આ બદલાવના સમયમાં ભારત અને અન્ય અગ્રણી શક્તિઓ દ્વારા લેવામાં આવતા નીતિગત નિર્ણયો ભવિષ્યની દિશા નક્કી કરવામાં નિર્ણાયક સાબિત થશે.

# ભારતીય વાયુસેનાનું SU-30MKI ફાઈટર જેટ રડારથી ગાયબ થઈ ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬ : ભારતીય વાયુસેના (IAF)નું એક સુખોઈ 30 MKI ફાઈટર વિમાનનો અસમમાં રડાર સાથે સંપર્ક તૂટી ગયો છે. સ્થિતિની ભાળ મેળવવા માટે ભારતીય વાયુસેનાની એક ટીમ મોકલવામાં આવી છે. ગુવાહાટીમાં ડિફેન્સ પબ્લિક રિલેશન ઓફિસર (PRO) લેફ્ટનેન્ટ કર્નલ મહેન્દ્ર રાવતે કન્ફર્મ કરતા કહ્યું કે ઘટના વિસે વધુ જાણકારી મેળવવાની કોશિશ થઈ રહી છે.

ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ શેર કરીને કહ્યું કે અસમના જોરહાટથી ઉડાણ ભરનારું એક સુખોઈ-30 MKI વિમાન ગુમ છે. વિમાનનો છેલ્લે સંપર્ક સાંજે ૭.૪૨ કલાકે થયો હતો. અત્રે જણાવવાનું કે સુખોઈ-30 MKI વિમાનની ભારતીય વાયુસેનાના શક્તિશાળી અને ભરોસાપાત્ર મલ્ટી રોલ ફાઈટર જેટમાં ગણતરી થાય છે. તે રશિયાના સુખોઈ ડિઝાઈન બ્યુરોએ વિકસાવ્યું છે. ભારતીય વાયુસેના આ ફાઈટર જેટની ખાસ કરીને કસ્ટમાઈઝ આવૃત્તિનો ઉપયોગ કરે છે.

# યુદ્ધને કારણે ભારતને મોટું નુકસાન!

## ફળ-શાકભાજી ભરેલા ૧૦૦૦થી વધુ કન્ટેનર દુબઈમાં ફસાયા!

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬ : મધ્ય પૂર્વમાં સંઘર્ષના કારણે મહારાષ્ટ્ર સહિત દેશભરના ખેડૂતો અને નિકાસકારોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો, મહારાષ્ટ્રથી ખેત ઉત્પાદનો સાથે ગયેલા ૮૦૦ થી ૧૦૦૦ કન્ટેનર દુબઈના જેબેલ અલી બંદર પર ફસાયા છે. ૨૮ ફેબ્રુઆરી જ્યારથી યુદ્ધ શરૂ થયું ત્યારથી જ કામકાજ ઠપ્પ થઈ ગયું છે. કન્ટેનરનું અલગ અલગ દેશોમાં એક્સપોર્ટ રોકાઈ જતાં લાખો કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. દુબઈનું જેબેલ અલી બંદર મધ્ય પૂર્વનું એક મુખ્ય પોર્ટ છે. જે ખાડી ક્ષેત્રોમાં ભારત સહિત અનેક દેશોના ખેત ઉત્પાદનોનું વિતરણનું મહત્વનું કેન્દ્ર છે. જો કે યુદ્ધ બાદ સ્થિતિ તંગ થઈ જતાં કામકાજ સંપૂર્ણ રીતે ઠપ્પ થઈ ગયું છે. જે કારણે દુબઈ પહોંચેલા કે ભારતથી જઈ રહેલા ઘણા શિપમેન્ટ બંદર પર ફસાઈ ગયા છે.

ફસાયેલા કન્ટેનરોમાં મુખ્ય રૂપે ઓછા ટકી શકે તેવા કેળા, દ્રાક્ષ, દાડમ, તરબૂચ, પાંદડાવાળા શાકભાજી અને ડુંગળીનો સમાવેશ થાય છે. જે મોટા ભાગે મહારાષ્ટ્રથી નિકાસ થાય છે. કન્ટેનરો અટવાઈ જતાં હવે તે ખરાબ થઈ જવાની ભીતિ છે. જેનો મતલબ છે કે નિકાસકારોને ભારે નુકસાન થશે, કારોબારો ઓછો થતાં જેની સીધી અસર ખેડૂતોને થશે. ઈરાનના બંદરો પર ફળફ્રૂટની નિકાસ કરતાં ૬૦૦-૭૦૦ કન્ટેનર ફસાયેલા છે

મુંબઈના જવાહરલાલ નેહરુ બંદર (JNPT) પર દુબઈ જનારી દ્રાક્ષના લગભગ ૮૦ કન્ટેનર અત્યાર સુધીમાં અનલોડ જ થયા નથી. નાસિકથી નિકાસ માટે આવી રહેલા ૨૦૦થી વધુ કન્ટેનર બંદર બહાર ફસાયેલા છે. જેથી ભારે જામ પણ લાગી ગયો છે. ખેડૂત સંગઠનોએ સરકારી સહાયની માગ ઉઠાવતા કહ્યું છે કે, પ્રતિ ક્વિન્ટલ ૧૫૦૦ રૂપિયાની સબસિડી સાથે ફસાયેલા કન્ટેનરોને બંદર વેરાથી પણ માફી આપવામાં આવે. નિકાસકારોની સહાય માટે એક અસ્થાયી ખરીદ યોજના લાગુ કરવામાં આવે જેથી તેમના આર્થિક નુકસાનમાં થોડી ભરપાઈ થાય.

આ ઉપરાંત ખાંડની નિકાસમાં પણ મોટો ફટકો પડે તેવા એંધાણ છે, કેન્દ્રએ આ સિઝન માટે ૨૦ લાખ ટન ખાંડના નિકાસની મંજૂરી આપી છે. પરંતુ નિકાસકારોનું અનુમાન છે કે હાલની સ્થિતિઓને કારણે માત્ર ૫ લાખ ટન ખાંડ જ વિદેશની બજારો સુધી પહોંચાડી શકાશે.

# પહેલા જાણ ન કરી, પછી એકલા છોડી દીધા, યુદ્ધ વચ્ચે મિત્ર દેશો જ અમેરિકાથી નારાજ!

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૬ : ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ હવે ખાડી દેશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમાચાર એજન્સી એપીના અહેવાલ અનુસાર, સાઉદી અરેબિયા, કુવૈત અને બેહરીન જેવા અમેરિકાના સાથી દેશો ટ્રમ્પ પ્રશાસનથી અત્યંત નિરાશ છે. તેમનો આરોપ છે કે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કરતાં પહેલા તેમને અંધારામાં રાખ્યા હતા, જેના પરિણામે ઈરાનના વળતા હુમલાનો સામનો કરવા માટે તેમને પૂરતો સમય મળ્યો નથી. ખાડી દેશોના અધિકારીઓનું કહેવું છે કે આ જંગના કારણે સમગ્ર વિસ્તારમાં અસ્થિરતા સર્જાઈ છે.ખાડી દેશોના અધિકારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું છે કે, અમેરિકાનું ધ્યાન માત્ર પોતાના સૈનિકો અને ઈઝરાયલને બચાવવા પર જ કેન્દ્રિત રહ્યું છે. આ દેશોની ફરિયાદ છે કે ઈરાન તરફથી સતત થઈ રહેલા મિસાઈલ અને ડ્રોન હુમલા સામે તેમનું રક્ષણ કરવા માટે અમેરિકાએ પૂરતા પગલાં લીધા નથી. હાલમાં આ દેશો પાસે મિસાઈલ ડિફેન્સ ઈન્ટરસેપ્ટરનો સ્ટોક પણ ઝડપથી ઘટી રહ્યો છે. સાઉદી અરબના પૂર્વ ઈન્ટેલિજન્સ ચીફ પ્રિન્સ તુર્કી અલ-ફૈસલે તો ત્યાં સુધી કહ્યું કે, આ સંપૂર્ણપણે નેતન્યાહૂનું યુદ્ધ છે, જેમાં તેમણે ટ્રમ્પને બિનજરૂરી રીતે ખેંચ્યા છે.શનિવારથી શરૂ થયેલા આ સંઘર્ષમાં ઈરાને અત્યાર સુધીમાં ખાડીના ૫ દેશો પર અંદાજે ૩૮૦ મિસાઈલ અને ૧,૪૮૦થી વધુ ડ્રોન છોડ્યા છે. આ હુમલાઓમાં અત્યાર સુધીમાં કુલ ૧૩ લોકોના મોત થયા હોવાનું મનાય છે. રવિવારે કુવૈતમાં એક સિવિલિયન પોર્ટ પર થયેલા ઈરાની ડ્રોન હુમલામાં ૬ અમેરિકન સૈનિકોએ પણ જીવ ગુમાવ્યા છે.

# અન્ય સમાચારો

## પશ્ચિમ રેલ્વે બાન્દ્રા ટર્મીનસ - અમદાવાદ વચ્ચે બે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ અને ગંતવ્ય સ્ટેશન | સેવાના દિવસો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૦૨૯ | બાન્દ્રા ટર્મીનસ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | ૦૮.૦૩.૨૦૨૬ | ૦૦:૦૫ કલાકે (રવિવાર) | ૦૮:૪૦ કલાકે (એ જ દિવસે) |
| ૦૯૦૩૦ | અમદાવાદ - બાન્દ્રા ટર્મીનસ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | ૦૯.૦૩.૨૦૨૬ | ૦૩:૨૦ કલાકે (સોમવાર) | ૧૧:૩૫ કલાકે (એ જ દિવસે) |
| સંયોજન : ફર્સ્ટ એસી, એસી ૨ ટાયર અને એસી ૩ - ટાયર કોચીસ | | | | |
| ૦૯૦૪૩ | બાન્દ્રા ટર્મીનસ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | ૦૯.૦૩.૨૦૨૬ | ૧૪:૩૦ કલાકે (સોમવાર) | ૨૨:૫૫ કલાકે (એ જ દિવસે) |
| ૦૯૦૪૪ | અમદાવાદ - બાન્દ્રા ટર્મીનસ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | ૦૯.૦૩.૨૦૨૬ | ૦૩:૫૦ કલાકે (સોમવાર) | ૧૨:૫૫ કલાકે (એ જ દિવસે) |
| સંયોજન : એસી ૩ - ટાયર કોચીસ | | | | |

ઉપરોક્ત ટ્રેનો તે બોરીવલી, વાપી, સુરત, ભરુચ અને વડોદરા સ્ટેશનનની બંને દિશામાં ઉભી રહેશે

સમય,રોકાણો અને કમ્પોઝિશન સબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી.

ઉપરોક્ત ટ્રેનો માટેનું બુકિંગ **તા.૦૭-૦૩-૨૦૨૬** થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડાથી સ્પેશિયલ ટ્રેનોરૂપે દોડાવવામાં આવશે.

**પશ્ચિમ રેલ્વે**
wr.indianrailways.gov.in
લાઈક કરો અને ફોલોવ કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો

## LOST PASSPORT

I SANTOSH KUMAR DUBEY, HAVE LOST MY PASSPORT (NO C9469765 ISSUED ON 27/03/2025 FROM MUMBAI) FROM GARDEN CITY, SAMARVARNI,SILVASSA ON 09/02/2026. WHOMSOEVER FINDS IT PLEASE RETURN AT - ROOM NO 006, SASHIKALP CLASS, OPP GARDEN CITY, SAMARVARNI, SILVASSA, U.T OF DNH&DD.

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૩૨૫/૨૦૨૫

**અરજદાર : આનંદ ગુણવંતરાય દેસાઈ,**
રહે. ૧૦૪/એ, ઈશાન એપાર્ટમેન્ટ, હાલર, વશી ફળિયા, તા.જી.વલસાડ
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, પારડી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **આનંદ ગુણવંતરાય દેસાઈ,** રહે.૧૦૪/એ, ઈશાન એપાર્ટમેન્ટ, હાલર, વશી ફળિયા, તા.જી.વલસાડએ તેમના પિતા **ગુણવંતરાય મણીભાઈ દેસાઈનું** મરણ તા.૦૬-૦૪-૨૦૧૬ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૩૨૫/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૬૫/૨૦૨૬

**અરજદાર : રજનીકાંત ચંદુભાઈ પટેલ**
પટેલ ફળિયા, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **મંજુલબેન ચંદુભાઈ પટેલનું** મરણ તા.૦૯/૦૩/૨૦૦૯ના રોજ મોજે ડહેલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ડહેલીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ડહેલીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ડહેલી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**




**દમણગંગા ટાઈમ્સ**

**ડીસ્કલેમર/ સ્પષ્ટતા**

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

## ગુજસીટોકમાંથી 'આતંકવાદ' શબ્દ દૂર કરી શકે

(જી.એન.એસ),તા.૦૬

ગાંધીનગર : ગુજરાતમાં સંગઠિત ગુનાખોરી સામે કડક કાર્યવાહી માટે બનાવવામાં આવેલા ગુજસીટોક (ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ) કાયદામાં રાજ્ય સરકાર મહત્વપૂર્ણ ફેરફાર કરવાની તૈયારીમાં છે. જેમાં મળતી વિગત મુજબ, સરકાર ગુજસીટોકમાં સુધારા સાથે 'આતંકવાદ' શબ્દ હટાવી શકે છે અને કેટલીક કલમોમાં ફેરફાર સાથે વિધાનસભામાં સુધારા વિધેયક લાવવાની તૈયારીમાં છે. ગુજરાત સરકારે રાજ્યના કેટલાક કાયદાઓમાં સુધારા કરવાની તૈયારી શરૂ કરી છે.

વર્ષ ૨૦૨૦માં ગુજરાત વિધાનસભાએ ''ગુજરાત ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ (નિવારણ) વિધેયક'' પસાર કર્યો હતો, પરંતુ તે કાયદો હજુ સુધી અમલમાં આવ્યો નથી. આ વિધેયક રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલાયો હતો અને છેલ્લા પાંચ વર્ષથી મંજૂરી પ્રક્રિયા અટકી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે વિધેયકમાં રહેલી કેટલીક જોગવાઈઓ અંગે સૂચનો આપ્યા હતા. તેમાં કેટલાક ગુનાઓ માટે કેન્દ્રીય કાયદાઓમાં પહેલેથી જ કડક જોગવાઈઓ હોવાની નોંધ લેવામાં આવી હતી. તેથી હવે રાજ્ય સરકાર આ કાયદામાં જરૂરી ફેરફારો કરીને વિધાનસભાના આગામી સત્રમાં સુધારા વિધેયક રજૂ કરવાની તૈયારી કરી રહી છે. સુધારામાં ગુંડા એક્ટ હેઠળ મિલકત જપ્તી જેવી કેટલીક જોગવાઈઓમાં ફેરફાર થવાની શક્યતા છે. લગભગ પાંચ વર્ષ પહેલાં રાજ્ય વિધાનસભાએ આ કાયદો પસાર કર્યો હતો, પરંતુ તે હજુ સુધી અમલમાં આવ્યો નથી.ગુજરાત સરકારે રાજ્યના કેટલાક કાયદાઓમાં સુધારા કરવાની તૈયારી શરૂ કરી છે. વર્ષ ૨૦૨૦માં ગુજરાત વિધાનસભાએ ''ગુજરાત ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ (નિવારણ) વિધેયક'' પસાર કર્યો હતો, પરંતુ તે કાયદો હજુ સુધી અમલમાં આવ્યો નથી.

## CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM VIPIN KUMAR TO NEW NAME VIPIN KUMAR PRASAD AS PER DOCUMENTS

### પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૧૭/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૨૫/૦૨/૨૦૨૬**

**વાદી : શ્રી આરેફાબેન ઈસ્માઈલ કથરાદા તે અશરફ પટેલની પત્ની,**
**રહે.** સરૈયા, તા.ચીખલી, જી.નવસારી, હાલ રહે. ચાસા મસ્જીદ ફળિયા તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સરૈયા, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **આરેફાબેન ઈસ્માઈલ કથરાદા,** રહે. સરૈયા, તા.ચીખલી, જી.નવસારી, હાલ રહે. ચાસા મસ્જીદ ફળિયા, તા.ચીખલી, જિ. નવસારીનાઓએ તેઓનો પોતાનો જન્મ તા.૧૨/૦૪/૧૯૮૦ના રોજ મોજે. સરૈયા, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૩૫૫/૨૦૨૫

**અરજદાર : અર્જુનભાઈ ભાનાભાઈ દુબળા (રાઠોડ)**
**રહે.** આહુ, દરા ફળિયું,
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, આહુ**
**ગ્રામ પંચાયત કચેરી, આહુ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અર્જુનભાઈ ભાનાભાઈ દુબળા** રહે. આહુ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભાઈ **નામે રમણ ભાણાભાઈ દુબળાનું** જન્મ/મરણ તા.૧૧-૧૨-૨૦૧૫ના રોજ મોજે - આહુ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૩૫૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**ટેરેસ ગળે છે ??**



**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**

**દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ**
**શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-**

The Complete Man Raymond · dinesh SUITING · Siyaram's SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVĀN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon

**LORD'S MEN'S WEAR**
**એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬**

## ગુજરાતના ૩૭ IPSની એકસાથે બદલી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૬ :** ગુજરાત રાજયના ગૃહ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે એકસાથે ૩૭ આઈપીએસ અધિકારીઓની બદલી અને નિમણૂકના આદેશ જાહેર કરવામાં આવ્યા છે. મહિનાઓથી આ મહત્વની બદલીઓની રાહ જોવાતી હતી જેના પર અંતે નિર્ણય લેવાયો છે. કેટલાકની બઢતી કરાઈ છે જયારે કેટલાકને સજાના ભાગરૂપે ડાઉનગ્રેડ કરાતા ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મળ્યો છે. કડક છબી ધરાવતા અને હાલમાં સ્ટેટ મોનિટરિંગ સેલના (એસએમસી) વડા નિર્લિપ્ત રાયની રાજકોટ રેન્જ ડીઆઈજી તરીકે એન્ટ્રી થઈ છે. ૧૦થી વધુ આઈપીએસ અધિકારીઓ લાંબા સમયથી નિમણૂકની પ્રતિક્ષામાં હતા તેમને પણ પોસ્ટિંગ અપાતા પગાર ભથ્થા મળવાથી આનંદ વ્યકત કર્યો હતો. તમામ અધિકારીઓને તાત્કાલિક પોતાના નવા સ્થાને ચાર્જ સંભાળવા આદેશ અપાયા છે.

ડેપ્યુટેશન પૂર્ણ કરીને પરત આવેલા અને લાંબા સમયથી નિમણૂકની રાહ જોઈ રહેલા વરિષ્ઠ આઈપીએસ શમશેર સિંઘને સિવિલ ડિફેન્સ ડાયરેક્ટર અને હોમગાર્ડ્સના કમાન્ડન્ટ જનરલ તરીકે નિમણૂકનો હુકમ કરાયો છે. ઉલ્લેખનીય છે કે શમશેર સિંઘને નિવૃત્તિના ૨૫ દિવસ પૂર્વે જ પોસ્ટિંગનો આદેશ મળ્યો છે. તેઓ ૩૧ માર્ચના સેવામાંથી વય નિવૃત્ત થઈ રહ્યા છે. આ ઉપરાંત આઈજીપી ગગનદીપ ગંભીર હાલમાં એસએમસીનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. ૨૦૦૩ બેચના આઈપીએસ અશોક કુમારને રાજકોટથી ખસેડીને સીઆઈડી ઈન્ટેલિજન્સમાં નિમણૂક અપાઈ છે.

## UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષાનું પરિણામ જાહેર

### ગુજરાતમાંથી ૩૪ ઉમેદવારોની પસંદગી

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ,તા.૬ :** યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ સિવિલ સર્વિસીસ મેઈન પરીક્ષા ૨૦૨૫ના પરિણામો જાહેર કર્યા છે.

આ પરીક્ષા IAS, IPS અને IFS રેન્ક માટે ઉમેદવારોની પસંદગી કરે છે. આ વર્ષે, અનુજ અગ્નિહોત્રીએ સિવિલ સર્વિસીસ પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. રાજેશ્વરી સુવે બીજા સ્થાને છે, અને આકાંશ ધુલ ત્રીજા સ્થાને છે. જયારે ગુજરાતમાંથી કુલ ૩૪ ઉમેદવારો પસંદગી પામ્યા છે. ગુજરાતનો ઉમેદવાર નિસાર દિશાંત સમગ્ર ભારતમાં ૧૯મા ક્રમે આવ્યો છે.

શ્લ્ભ્દ્દ દ્વારા લેવામાં આવેલી સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૫ના અંતિમ પરિણામમાં સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા, અમદાવાદ ખાતે તાલીમ લીધેલા કુલ ૩૪ ઉમેદવારો અખિલ ભારતીય સેવા માટે પસંદગી પામ્યા છે, જે સંસ્થાની નોંધપાત્ર સિદ્ધિ ગણાય છે.

UPSC દ્વારા તા. ૨૩ મે ૨૦૨૫ના રોજ યોજાયેલી સિવિલ સર્વિસ પ્રિલિમ પરીક્ષાનું પરિણામ તા. ૧૧ જૂન ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ભારતમાંથી કુલ ૧૪,૧૬૧ ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા. તેમાં SPIPA ખાતે તાલીમ લીધેલા ૨૭૨ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ત્યારબાદ મુખ્ય પરીક્ષાનું પરિણામ તા.૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ જાહેર થયું હતું, જેમાં સમગ્ર ભારતમાંથી ૨૩૭૬ ઉમેદવારો પર્સનાલિટી ટેસ્ટ માટે પસંદ થયા હતા. તેમાં સ્પીપાના ૮૨ ઉમેદવારોનો સમાવેશ થયો હતો.

ડિસેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલા પર્સનાલિટી ટેસ્ટના આધારે યુપીએસસી દ્વારા તા. ૦૫ માર્ચ ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા અંતિમ પરિણામમાં સમગ્ર ભારતમાંથી ૯૫૮ ઉમેદવારો અખિલ ભારતીય સેવા માટે પસંદ થયા છે. આ આખરી ચયનમાં સ્પીપા ખાતે તાલીમ લીધેલા ૩૪ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

## CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM CHIRAGKUMAR YASHWANTSINGH PARMAR TO NEW NAME CHIRAG PARMAR AS PER DOCUMENTS.

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૩૫૩/૨૦૨૫

**અરજદાર : અર્જુનભાઈ ભાનાભાઈ દુબળા (રાઠોડ)**
**રહે.** આહુ, દરા ફળિયું,
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, આહુ**
**ગ્રામ પંચાયત કચેરી, આહુ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અર્જુનભાઈ ભાનાભાઈ દુબળા** રહે. આહુ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભાઈ **નામે પ્રભુભાઈ ભાણાભાઈ દુબળાનું** જન્મ/મરણ તા.૦૨-૦૯-૧૯૯૩ના રોજ મોજે - આહુ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૩૫૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૩૫૪/૨૦૨૫

**અરજદાર : અર્જુનભાઈ ભાનાભાઈ દુબળા (રાઠોડ)**
**રહે.** આહુ, દરા ફળિયું,
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, આહુ**
**ગ્રામ પંચાયત કચેરી, આહુ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અર્જુનભાઈ ભાનાભાઈ દુબળા** રહે. આહુ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **નામે લાડુબેન ભાણાભાઈ દુબળાનું** જન્મ/મરણ તા.૨૭-૧૦-૧૯૯૦ના રોજ મોજે - આહુ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૩૫૪/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### જાહેર ચેતવણી સૂચના

આથી સર્વ સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે હસ્તાક્ષર કરનારાઓ "શ્રી હરિ કોમર્શિયલ બિલ્ડિંગ" પ્રોજેક્ટમાં આવેલ વિવિધ ગાળા તથા દુકાન એકમોના કાયદેસર ખરીદદારો તથા માન્ય અલોટીઓ છે. આ પ્રોજેક્ટ સર્વે નં. 65/3U-1, ગામ રિંગણવાડા, નાની દમણ, જિલ્લા દમણ સ્થિત આશરે 25,725ચો.મી. બિનખેતી જમીન પર આવેલ છે. નીચે મુજબના વેચાણ કરાર (Agreement to Sell) કરવામાં આવ્યા છે અને વેચાણ મૂલ્યની નોંધપાત્ર રકમ બેન્કિંગ માધ્યમથી ચૂકવવામાં આવી છે:

1. અશોક વિઠ્ઠલભાઈ પરમાર - ગાળા નં. 5 (136.01ચો.મી.) - તા. 26-09-2023 - સહમત મૂલ્ય 75,41,064 - ચૂકવણી 29,10,000
2. પ્રફુલ્લ હરિલાલ ધમેંચા - ગાળા નં. 105 (127.09ચો.મી.) - તા. 26-09-2023 - સહમત મૂલ્ય 70,46,568 - ચૂકવણી 21,10,000
3. મયુર હસમુખભાઈ પંચાલ - દુકાન નં. 17 (41.80ચો.મી.) - તા. 08-01-2024 - સહમત મૂલ્ય 76,50,000 - ચૂકવણી 27,10,000
4. પરેશ બેચરભાઈ સાગર - દુકાન નં. 18 (41.80ચો.મી.) - તા. 08-01-2024 - સહમત મૂલ્ય 76,50,000 - ચૂકવણી 27,10,000
5. મહિલ વલ્લભભાઈ જસાણી - દુકાન નં. 16 (41.80ચો.મી.) - તા. 08-01-2024 - સહમત મૂલ્ય 76,50,000 - ચૂકવણી 26,10,000
6. પંકિતા ગૌરવ જાદવ (સાઈ કન્સ્ટ્રક્શન) - દુકાન નં. 108 (127.09ચો.મી.) - તા. 09-08-2023 - સહમત મૂલ્ય 70,46,568 - ચૂકવણી 10,000
7. પંકિતા ગૌરવ જાદવ (સાઈ કન્સ્ટ્રક્શન) - ગાળા નં. 8 (136.01ચો.મી.) - તા. 09-08-2023 - સહમત મૂલ્ય 75,41,064 - ચૂકવણી 10,000

આથી સ્પષ્ટ થાય છે કે વેચાણ મૂલ્યની નોંધપાત્ર રકમ પહેલેથી જ ચૂકવવામાં આવી છે અને ઉપરોક્ત ખરીદદારોના પક્ષે મૂલ્યવાન કરારાધિકાર ઉભા થયા છે. ખરીદદારો દાવો કરે છે કે કરવામાં આવેલા વેચાણ કરારો તથા આંશિક અમલીકરણ (Part Performance) ના આધારે તેઓ પોતાના સંબંધિત એકમોના કાયદેસર તથા હિતગ્રાહી માલિકો છે અને મિલકત પર તેમના અમલયોગ્ય હકો છે.

અમને જાણ થઈ છે કે શ્રી અશોકકુમાર હરિભાઈ ટંડેલ (પ્રોપ્રાયટર - શ્રી હરિ ડેવલપર્સ) એ પોતે અથવા તેમના પાવર ઓફ એટર્ની ધારક મારફતે તા. 01/03/2025ના રોજ શ્રી વિપુલ અમૃતલાલ શાહના પક્ષે સમગ્ર જમીન અંગે વેચાણ કરાર કર્યો છે, જેમાં અગાઉના અલોટમેન્ટનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

અતએવ સર્વ સામાન્ય જનતા, બેન્કો, નાણાકીય સંસ્થાઓ, ડેવલપર્સ તથા સંભાવિત ખરીદદારોને કડક ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકત અથવા તેના કોઈપણ ભાગ અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર, વેચાણ, ગીરવે રાખવું, ચાર્જ બનાવવો, વિકાસ કરાર કરવો અથવા અન્ય કોઈપણ ડીલિંગ ન કરે.

ઉપરોક્ત મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર સંબંધિત વ્યક્તિના પોતાના જોખમ, ખર્ચ અને પરિણામોને આધીન રહેશે.

તારીખ: 06/03/2026
સ્થળ: દમણ
ખરીદદારો તરફથી
વકીલ મારફતે

**Dr. Avinash Poddar**
**Advocate**
**(Supreme Court, High Courts, Tribunals, Special Courts)**

**Surat Office :** 102, SNS Interio, 2nd Floor, Near CNG Pump, Bhatar, Surat-395007. Ph.: (O) Board Line : +91 7069023232-34
Email: avinash@ashvalegal.com



Jai Jalaram Bapa
**Septic Tank Cleaner**
**ખાળ કુવાની સફાઈ**
**खार कुवे की सफाई**
**TANKER CAPACITY 8000 LITER**
**WATER JETTING, AIR BLOWING, VACUUMING**
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
**Contact: 99046 44348, 98247 28200**

Saturday 07, March 2026

# દમણગંગા ટાઇમ્સ

## આજે ધરમપુરમાં ‘વાચિકમ’ કાર્યક્રમ યોજાશે

**ધરમપુર, તા.૦૬ :** વિશ્વ મહિલા દિવસની પૂર્વસંધ્યાએ ધરમપુરમાં એક અનોખા કલા અને સાહિત્યિક કાર્યક્રમ ‘વાચિકમ્’ નું આયોજન કરવામાં આવ્યું છે. ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરી અને સાહિત્ય પ્રભાત, ધરમપુરના સંયુક્ત ઉપક્રમે શનીવાર તા. ૭ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે ૮:૩૦ વાગ્યે શ્રી લક્ષ્મીનારાયણ મંદિર પરિસર, મોટા બજાર, ધરમપુર ખાતે આ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યની સ્ત્રી કેન્દ્રિત વાર્તાઓ અને કવિતાઓનું ભાવસભર વાચન ફિલ્મ, ટીવી અને નાટ્ય કલાકારો ધ્વનિ ત્રિવેદી, બિનિતા શાહ, રંજનાબેન પટેલ, કેશા દેસાઈ અને હુદી દેસાઈ દ્વારા કરવામાં આવશે.

## પારડીના સરોધીથી આધેડ ગુમ

**પારડી, તા.૦૬ :** પારડી તાલુકાના સરોધી ગામના રહેવાસી પર વર્ષીય એક વ્યક્તિ અસ્થિર મગજના હોય ગુમ થઈ જતાં પારડી પોલીસ મથકમાં જાણ કરવામાં આવી છે. સરોધી માયાવંશી ફળિયામાં રહેતા કિશોરભાઈ સોમા ઉર્ફે શામજીભાઈ હરિજન ઉંમર વર્ષ પર ગત બીજી તારીખે અસ્થિર મગજના હોય પોતાના ઘરે કોઈને પણ કહ્યા વિના કશે ચાલી ગયા હોય જેમની શોધ ખોળ કરતા તેઓ મળીને આવ્યા હોય જેથી એમના ગુમ થયાની પારડીપોલીસ મથકમાં જાણ કરવામાં આવતા પારડી પોલીસે ગુમ જાણવા જોગ દાખલ કરી આ બાબતની વધુ તપાસ કરી છે.

### ઓનલાઈન છેતરપિંડી કરનાર ચણોદનો ઈસમ

## વલસાડમાં સાળીના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરાવી ઉપાડવા જતા ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વાપીના ચણોદ વિસ્તારમાં દોઢ વર્ષ અગાઉ ૧૦.૬૪ લાખ ની રકમ સાળી ના બેંક એકાઉન્ટમાંથી કાઢી લેનાર વાપીના ચણોદ વિસ્તારમાં રહેતા જીજા ને પોલીસે ઝડપી પડ્યો છે. પકડાયેલા આરોપીએ દેશના વિવિધ રાજ્યોમાં ઓનલાઈન છેતરપિંડી કરી હોવાનું ચોંકાવનારી વિગત મળી છે.

વલસાડ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડેનીશ પટેલને ખાનગી બાતમી મળી હતી કે, પારનેરા પારડી ખાતે રહેતા ઈન્દ્રકલા અરવિંદસિંહ ગૌતમના બેંક એકાઉન્ટમાં શંકાસ્પદ વ્યવહારો થઈ રહ્યા છે. પોલીસે ઈન્દ્રકલાને બોલાવી તપાસ કરતા તેમના બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાં દેશના ત્રણ અલગ-અલગ રાજ્યોમાંથી ફરિયાદો નોંધાયેલી હોવાનું જણાયું હતું.પંજાબ માં રૂપિયા ૧,૦૪,૩૩૭ તા. ૨૮/૧૧/૨૦૨૪, ઓડિશા રૂપિયા ૬,૮૦,૦૦૦ તા. ૦૨/૧૨/૨૦૨૪, કેરળ રૂપિયા ૨,૮૦,૦૦૦ તા. ૦૫/૧૨/૨૦૨૪ સાળીને વિશ્વાસમાં લઈ જીજાએ ખેલ પાડ્યો હતો. પકડાયેલા આરોપી ની પોલીસે કડક પૂછપરછ કરતા ખાતાધારક ઈન્દ્રકલાએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, તેના બનેવી સત્યમ વિજયકુમાર સિંગ રહે. નિલકંઠ સોસાયટી, ચણોદ, વાપી એ નવેમ્બર-૨૦૨૪ માં ફોન કરીને જણાવ્યું હતું કે, મારા મિત્રના પૈસા આવવાના છે. જે તમારા ખાતામાં જમા કરવાના છે. જેથી સાળી વિશ્વાસમાં આવી ગઈ અને બેંક ડિટેલ્સ મોકલી આપી હતી. બેંકમાં પૈસા જમા થતા ની સાથે જ સત્યમે પારનેરા બ્રાન્ચ પર જઈ ઈન્દ્રકલા ના ચેક અને એટીએમ દ્વારા તમામ રકમ ઉપાડી લીધી હતી. સાઈબર ક્રાઈમ હોવા તેમ છતાં આર્થિક લાભ મેળવવા માટે સત્યમ સીંગે અજાણ્યા ઈસમો સાથે મળીને ગુનો કર્યો હતો. છેતરપિંડીના નાણાં પોતાના મળતીયાઓ સુધી પહોંચાડવાના મામલે પોલીસે કડક વલણ અપનાવ્યું છે. વલસાડ સાઈબર ક્રાઈમ પોલીસે આરોપી સત્યમ સિંગ વિરુદ્ધ ગુનો નોંધી આ કેસમાં સંડોવાયેલા કેટલાક મોટા સાઈબર માફિયાઓ ના નામો બહાર આવે તો નવાઈની વાત નથી.

## ખેરગામ માર્ગ ઉપર અકસ્માતમાં બાઈક ચાલકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૦૬ :** ચીખલી ખેરગામ માર્ગ ઉપર તલાવચોરા ગામની હદમાં સંજય ફાર્મ પાસે કોઈ અજાણ્યા ફોરવીલર વાહન ચાલકે સ્પેલન્ડર મોટરસાયકલ નંબર જીજે ૨૧ આર ૮૩૧૧ ઉપર સવાર દિનેશભાઈ મીઠલભાઈ પટેલ ઉ.વ ૬૯ રહે. પીપલ ગભાણ ભરવાડ ફળીયા જેઓ મોડી સાંજે સંજય ફાર્મ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન કોઈ અજાણ્યા વાહન ચાલકે દિનેશભાઈની મોટરસાયકલ ને અડફેટે લેતા તેઓને માથાના તથા પગના ભાગે ગંભીર ઈજાઓ થતા તેઓનું તબીબી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

## ઉમરગામ દરિયા કિનારે સ્વદેશી મેળાનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૬ :** વલસાડ જિલ્લાના ઉમરગામ પાલિકા દ્વારા દરિયા કિનારે સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. છ દિવસ સુધી ચાલનારા આ સ્વદેશી મેળાનું ઉદ્ઘાટન ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર અને પાલિકા પ્રમુખ મનીષ રાયના હસ્તે કરવામાં આવ્યું હતું.

સ્વદેશી મેળાનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક લોકોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાનો છે. વોકળ તેમજ આસપાસના વિસ્તારોના સ્થાનિક વેપારીઓ અને કારીગરોને તેમના સ્વદેશી ઉત્પાદનો પ્રદર્શિત અને વેચાણ કરવા માટે આ મેળો મહત્વપૂર્ણ મંચ પૂરું પાડે છે.

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં સ્વદેશી મેળાઓનું આયોજન કરીને સ્વદેશી વસ્તુઓને પ્રાધાન્ય મળે અને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

મેળામાં અંદાજે ત્રીસ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે, જેમાં વિવિધ પ્રકારની વસ્તુઓના સ્ટોલ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. મોટી સંખ્યામાં લોકો મેળાની મુલાકાત લઈ સ્વદેશી ઉત્પાદનોની ખરીદી કરી રહ્યા છે. મેળાને સફળ બનાવવા માટે લોકો એક કદમ આગળ આવી સ્વદેશી વસ્તુઓને પ્રોત્સાહન આપે તે જરૂરી હોવાનું આયોજનકર્તાઓએ જણાવ્યું હતું. કાર્યક્રમમાં ઉમરગામ નગરપાલિકા કોર્પોરેટર સુરેશભાઈ યાદવ, ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંક પ્રેસ વાલા, ગણેશભાઈ બારી સંજાન થી મોહનભાઈ સલાટ, તથા ભાજપ સંગઠનના હોદ્દેદારો અને નગરજનો ઉપરથી રહ્યા હતા.

## ગુંદલાવ હાઈવેથી દારૂ સાથે બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ એલસીબી ની ટીમે બાતમી આધારે વલસાડના ગુંદલાવ હાઈવે પરથી ઈનોવા કારમાં લઈ જવાતો ૧.૫૨ લાખના દારૂ સાથે રાજસ્થાનના બે ઈસમોની ધરપકડ કરી છે જ્યારે દારૂ ભરાવી આપનાર સેલવાસના એક ઈસમને વોન્ટેડ જાહેર કર્યો છે.

વલસાડ એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન બાત ને મળતા વલસાડના ગુંદલાવ ઓવર બ્રિજ પાસે નેશનલ હાઈવે નંબર ૪૮ પર વોચ ગોઠવી ઊભા રહેતા બાતમીવાળી ઈનોવા કાર નંબર-MH-04-DJ-2871 ને અટકાવે તેની અંદર તપાસ દારૂ વડકા ની બાટલી નંગ ૬૨૪ કિંમત રૂપિયા ૧,૫૨,૨૫૬ રૂપિયા કાર ની કિંમત ૩ લાખ એક મોબાઈલ ફોન કિંમત ૧૦,૫૦૦ મળી કુલ ૪,૬૨,૭૫૬ રૂપિયા ના મુદ્દા માલ સાથે આરોપી સોહનલાલ માંગીલાલ માલી ઉ.વ-૩૯ હાલ રહે. શ્રી હરીધામ સો.સા રૂમ નં-જ-૦૧ વિષ્ણુ મંદિરની પાસે,મીરા રોડ, મુંબઈ મહારાષ્ટ્ર મુળ રહે રાજસ્થાન અને ગનપતરાજ ઉર્ફે સોનુ મોહનલાલ પરમાર ઉ.વ-૩૫ હાલ રહે ૭૦૧ સાંઈવર્ષા ટાવર, શીતલનગર, મીરા રોડ ઈસ્ટ, મુંબઈ મુળ રહે રાજસ્થાન ની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધા છે પકડાયેલા બંને આરોપીની પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો મિનલભાઈ જેના ઈસમ રહે સેલવાસ નું નામ બહાર આવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## સોનવાડામાં મહિલાને બિભત્સ ઈશારા કરી ધમકી આપતાં ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ ના સોનવાડા ગામ ના માજી ડેપ્યુટી સરપંચે વિસ્તારની એક મહિલાને તેના ઘરે જઈ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલાએ માજી ડેપ્યુટી સરપંચ વિરોધ વલસાડ જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરી ન્યાયની માંગ કરી છે.

વલસાડ તાલુકાના સોનવાડા ગામના દેસાઈ ફળિયામાં રહેતી અલકાબેન અશોકભાઈ દેસાઈએ વલસાડ જિલ્લા પોલીસ વડા ને લેખિતમાં રજૂઆત કરી કે તા૫/૩/૨૦૨૬ ના રોજ સાંજે પોતાના ઘર આંગણામાં ફૂલ છોડને પાણી પીવડાવતા હતા તે દરમિયાન અચાનક ગામનો અંકિત ઉર્ફે નાગરાજ માજી ડેપ્યુટી સરપંચ પોતાની કારમાં તેમના બે ત્રણ મિત્રો સાથે નશા ની હાલતમાં આવી પહોંચી અંકિત ઉર્ફે નાગરાજે મહિલાને જોઈને ગંદી અને બિભત્સ ગાળો આપી હાથ પગ તોડી નાખી પતાવી દેવાની ધમકી આપી અને મહિલાને ગંદા ઈશારા કરતા ડરી ગયેલી મહિલાએ ૧૧૨ પર ફોન કર્યો હતો. અને મામલો ડુંગરી પોલીસ મથકમાં ગયો હતો.અલ્કાબેને પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે અંકિત પટેલની માતા સવિતાબેન પટેલ અગાઉ સરપંચ તો પુત્ર અંકિત પટેલ અગાઉ ગામ નો ડેપ્યુટી સરપંચ હતો. આ માજી ડેપ્યુટી સરપંચ પોતાની રાજકીય વગનો દુરુપયોગ કરીને તે ગામમાં ગુંડા જેવું વર્તન કરે છે.

આ અગાઉ તારીખ ૨૭/૦૬/૨૦૨૫ ના રોજ પણ અંકિત અને તેની બહેન પ્રિયંકા પટેલે મહિલા સાથે આવું જ વર્તન કર્યું હતું, જેની અરજી ડુંગરી પોલીસ સ્ટેશન મથકમાં અરજી આપવા છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી તેથી આવા ઈસમો ફાટી ગયા છે. આરોપીઓ દ્વારા તેમને શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. આવા ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

## અતુલ કંપનીમાં રાષ્ટ્રીય સુરક્ષા દિવસની ઉજવણી શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** અતુલ લિમિટેડ દ્વારા ૫૫ મા રાષ્ટ્રીય સુરક્ષા દિવસની માસિક ઉજવણીનો ઉત્સાહભેર આરંભ થયો હતો. સુરક્ષા પર્વને સ્ત્રી સશક્તિકરણ સાથે સાંકળી કાર્યક્રમની શરૂઆત મહિલા કોન્ટ્રાક્ટર દ્વારા ધ્વજારોહણ કરીને કરવામાં આવી. હાજર સૌએ સુરક્ષા પ્રતિજ્ઞા લઈ પોતાની કટિબધ્ધતા દર્શાવી હતી. આ અવસરે કંપનીના પર્યાવરણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા વિભાગ દ્વારા ‘મારી સુરક્ષા મારા હાથમાં- હું પણ સેફટી ઑફિસર’ ની ઝુંબેશ શરુ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સુરક્ષા દિવસની આ વરસની થીમને અનુસરી કંપની દ્વારા સમગ્ર માસ દરમ્યાન અનેકવિધ પ્રવ્રુત્તિઓનુ આયોજન થયુ છે. જેમાં સ્લોગન, પોસ્ટર, ઓન લાઇન ક્વીઝ જેવી હરીફાઇઓ યોજાશે, નવતર પ્રયોગરુપે વિસ્તારના અન્ય ઉધોગો સાથે સલામતીને અનુલક્ષી આચારવિચારના આદાન-દાનનો ‘સંવાદ’ કાર્યક્રર્મ આયોજિત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં કંપનીના ઉચ્ચ અધિકારીગણ, કર્મચારીઓ, કોન્ટ્રાક્ટર પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સૌએ મળીને સુરક્ષા સંસ્કૃતિ મજબૂત કરવા માટે સતત પ્રયાસ ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## વલસાડ જિલ્લા ચારણ ગઢવી સમાજના પ્રમુખ, ઉપપ્રમુખની વરણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૬ :** વલસાડના જુજુવા ખાતે શ્રી ચારણ ગઢવી સેવા સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળની એક મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સર્વાનુ મતે નવા હોદ્દેદારોની વર્ણી કરવામાં આવી છે આ ટ્રસ્ટના પ્રમુખ તરીકે વાપીના મૂરજીભાઈ આશારિયાભાઈ ગઢવી અને ઉપપ્રમુખ તરીકે સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના જોગદાન ભાઈ ગઢવી ની નિયુક્ત કરવામાં આવી છે જેને ઉપસ્થિત તમામ ટ્રસ્ટીઓએ નવનિયુક્ત ટીમને તેમજ સમાજની પ્રગતિ માટે અને સમાજના બાળકોને શૈક્ષણિક તથા આરોગ્ય ક્ષેત્રે કાર્યક્રમો કરી આગળ વધાવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. બેઠકના અંતે સોનબાઈ મા અને મોગલમાના જયઘોષ સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

## ગણદેવી નાંદરખાના મિહિર પટેલે યુપીએસસીમાં ૭૦૯ રેન્ક મેળવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૬ :** UPSC(યુનિયન પબ્લિક સર્વિસ કમિશન)એ શુક્રવારે સિવિલ સર્વિસીસ પરીક્ષા-૨૦૨૫નું અંતિમ પરિણામ જાહેર કર્યું હતું. જેમાં સુરતમાં સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧ તરીકે ફરજ બજાવતા મૂળ નવસારી જિલ્લાનાં ગણદેવી તાલુકાના નાંદરખા ગામના ૨૬ વર્ષીય મિહિર પટેલે ઓલ ઈન્ડિયા રેન્ક(AIR)૭૦૯ હાંસલ કરી ઝળહળતી સિદ્ધી મેળવી છે.

હાલ સુરત બહુમાળી ભવનમાં મદદનીશ નોંધણી સર નિરીક્ષકની કચેરી-સુરતના તાબા હેઠળની સબ રજિસ્ટ્રાર કચેરી-ઉધનામાં સબ રજિસ્ટ્રાર(ગ્રેડ ૧) વર્ગ-૩ તરીકે ફરજ બજાવતા મિહિર રાજેન્દ્રભાઈ પટેલના પરિવારમાં મમ્મી ભાવનાબેન અને મોટી બહેન ધ્રુવીબેન છે. તેમણે વર્ષ ૨૦૨૦માં B.E ઈન ITની સ્નાતક ડિગ્રી મેળવી એ જ વર્ષે અમદાવાદ સ્પીપામાં સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારી માટે પ્રવેશ મેળવ્યો હતો. ૧ વાર નિષ્ફળતા, ૩ વાર પ્રિલિમ્સ પાસ કર્યા બાદ પાંચમાં પ્રયાસે મિહિરે AIR 709 મેળવી પરિવાર સહિત



રાજ્યને ગૌરવ અપાવ્યું છે. વીતેલા ૬ વર્ષથી UPSCની પરીક્ષાની તૈયારી કરતા મિહિરે કહ્યું કે, પિતા સ્વ.રાજેન્દ્રભાઈના આગ્રહથી હું નાનપણથી જ નિયમિત ન્યુઝ પેપર વાંચતો હતો. અને તેમાં છપાતા કલેકટર કે કમિશનરના લેખોમાં તેમણે કરેલા અભ્યાસ, સંઘર્ષભર્યા પરિશ્રમથી ખૂબ પ્રેરણા મળતી હતી. કોલેજના અભ્યાસ દરમિયાન જનરલ નોલેજ, કરંટ અફેર્સના વાંચનની ઘરેડ પાડી હતી. તેમણે કહ્યું કે, મારી મમ્મી સરકારી શાળામાં શિક્ષિકા છે અને મારા સ્વર્ગસ્થ પિતા હંમેશાથી મને મોટાં સરકારી અધિકારી બનાવવા માંગતા હતા. પરિવારે સતત મારા ધ્યેય તરફ આગળ વધવાની પ્રેરણા આપી હતી અને આખરે સફળતા મળી છે.

પોતાની વિશેષ તૈયારી માટે તેમણે કહ્યું કે, UPSCમાં સફળતા માટે શિસ્તબદ્ધ નિયમિત તૈયારી, સકારાત્મક અપ્રોચ અને સારું મિત્ર વર્તુળ અત્યંત આવશ્યક છે. શિસ્તબદ્ધ તૈયારી તમને અપડેટેડ રાખે છે. સકારાત્મક અપ્રોચ નિરાશાથી બચાવે છે અને સારું મિત્ર વર્તુળ સતત આગળ વધવા અને વધુ સારું કરવા પ્રોત્સાહન આપે છે. જે UPSC જેવી પરીક્ષામાં સફળતા મેળવવા મૂળ મંત્ર જેવા છે. મિહિરે કહ્યું કે, પરીક્ષાના સમય પ્રમાણે હું સાપ્તાહિક, માસિક અને દૈનિક આયોજન કરી વાંચન કરતો હતો. સાથે જ ભવિષ્યમાં UPSC સહિતની જાહેર સેવાઓને પરીક્ષાઓમાં સિદ્ધિ મેળવવા ઈચ્છતા અન્ય યુવાઓને તેમણે સ્વનિરીક્ષણ અને સતત અપગ્રેડેશન સાથે પરિણામલક્ષી નહીં, પરંતુ પ્રયત્નલક્ષી પરિશ્રમ કરવા શીખ આપી હતી. કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, ડો. સનમ પટેલ, શાંતિલાલ પટેલ, સરપંચ ચંદ્રકાન્ત પટેલ, ઉત્કર્ષ પટેલ સહિત અગ્રણીઓ એ અભિનંદન પાઠવ્યા હતા.

## ઓઝરપાડાનું એકલવ્ય મોડેલ સ્કૂલનું જર્જરિત મકાન નવું બનાવવા માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૬ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ઓઝરપાડા ગામે આવેલી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલનું મકાન અત્યંત જર્જરિત હાલતમાં હોવાથી વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે ગંભીર ચિંતા ઉભી થઈ છે. આ મુદ્દે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના વલસાડ જિલ્લા પ્રમુખ તથા વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા પ્રાયોજના વહીવટદાર, વલસાડ સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક નવી સ્કૂલ ઈમારતનું બાંધકામ શરૂ કરવાની માંગ કરવામાં આવી છે.

માહિતી મુજબ ઓઝરપાડા સ્થિત એકલવ્ય મોડેલ સ્કૂલમાં આશરે ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. હાલનું મકાન ખુબ જ જર્જરિત સ્થિતિમાં હોવાથી ક્યારેક પણ કાટમાળ ધરાશાયી થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કોઈ દુર્ઘટના બને તો વિદ્યાર્થીઓના જીવનને જોખમ ઊભું થઈ શકે છે તેવી વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે. વાલીઓના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોવાને કારણે એક જ રૂમમાં ૨૫થી ૩૦થી વધુ વિદ્યાર્થીઓને રહેવું અને અભ્યાસ કરવો પડે છે, જેના કારણે અભ્યાસમાં વિક્ષેપ ઉભો થાય છે. ઉપરાંત હોસ્ટેલમાં શૌચાલય અને સ્નાનગૃહોની સંખ્યા પણ ઓછી હોવાથી વિદ્યાર્થીઓને રોજિંદી સુવિધાઓ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જાણવા મળે છે કે એકલવ્ય મોડેલ સ્કૂલ તથા કન્યા સાક્ષરતા નિવાસી શાળાના નવા બાંધકામ માટે ધરમપુર તાલુકાના લાકડમાળ ગામે અંદાજે ૮ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે. પરંતુ જમીનની માપણી અને કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ ન થતા હજુ સુધી બાંધકામ શરૂ થઈ શક્યું નથી. આ અંગે NCP વલસાડ જિલ્લા પ્રમુખ અને વિદ્યાર્થીઓના વાલીઓએ તંત્રને રજૂઆત કરી તાત્કાલિક જમીનની માપણી પ્રક્રિયા પૂર્ણ કરી નવી સ્કૂલ ઈમારતનું બાંધકામ શરૂ કરવા માંગ કરી છે, જેથી વિદ્યાર્થીઓને સુરક્ષિત અને સુવિધાસભર વાતાવરણમાં અભ્યાસ કરવાની તક મળી શકે.

## લાકડમાળથી નાનીવહિયાળ મુખ્ય માર્ગનું રિપેરીંગ કામ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૬ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા-ધરમપુર માર્ગ પર આવેલા નેશનલ હાઈવે-૫૬ પર પડેલા ઊંડા ખાડાઓને કારણે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. લાકડમાળથી નાનીવાહિયાળ અને પાર નદી બોર્ડર સુધીના માર્ગ પર ત્રણ જેટલા મોટા અને જોખમી ખાડાઓ પડતા વાહનચાલકો માટે મુસાફરી જોખમી બની ગઈ હતી.

આ માર્ગ નાનાપોઢા, વાપી અને ધરમપુરને નાસિક સાથે જોડતો મહત્વનો માર્ગ હોવાથી દરરોજ સૈંકડો વાહનો અહીંથી પસાર થાય છે. વિદ્યાર્થીઓ, કામદારો, વેપારીઓ તેમજ ગ્રામજનો માટે આ રસ્તો જીવનદોરી સમાન છે. પરંતુ ઊંડા ખાડાઓને કારણે ખાસ કરીને બાઈક સવારો માટે અકસ્માતનું જોખમ વધી ગયું હતું.

સ્થાનિક લોકો દ્વારા આ મુદ્દે અનેક વખત નેશનલ હાઈવે ઓથોરિટી અને સંબંધિત તંત્રને રજૂઆતો કરવામાં આવી હતી, છતાં લાંબા સમય સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. જેના કારણે લોકોમાં ભારે અસંતોષ ફેલાયો હતો.

નાનીવહિયાળના માજી સરપંચ દિલીપભાઈ પટેલ સહિત સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ તંત્રને અલ્ટીમેટમ આપતા જણાવ્યું હતું કે જો સાંજે ૪ વાગ્યા સુધીમાં ખાડાઓની મરામત નહીં કરવામાં આવે તો હાઈવે પર ઉતરી ‘રસ્તા રોકો’ આંદોલન કરવામાં આવશે. આ ચીમકી બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું અને માર્ગ પર ખાડાઓ પૂરવાની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. હાલમાં મરામતનું કામ શરૂ થતા વાહનચાલકોમાં રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે.

## મજીગામમાં ઉછીના આપેલા રૂપિયાની ઉઘરાણી કરવા ગયેલી મહિલા પર હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી,તા.૦૬ :** ચીખલી તાલુકાના મજીગામ ખાતે ઉછીના આપેલા નાણાં લેવા ગયેલી મહિલા ઉપર યુવાને મહિલાના માથામાં કુહાડીના ઘા ઝીકી દેતા મહિલાએ તબીબી સારવાર લેવાની નોબત આવી છે.

ઘટનાની પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના ચીમલા ગામે રહેતા હિતેશ ઈશ્વર કોળી પટેલ ના ઓએ ચીખલી તાલુકાના મજીગામ છાપરા ફળિયા ખાતે રહેતા દ્રસ્ટીક ઉર્ફે જીમી મંગુ પટેલને રૂપિયા ૧૬૦૦૦ ઉછીના આપેલ હોય જે ઉછીના નાણા હિતેશ પટેલની પત્ની પ્રિયંકા મજીગામ ખાતે લેવા ગઈ હતી તે વખતે દ્રષ્ટિક ઉર્ફે જીમીએ પ્રિયંકા પટેલને નાલાયકગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેમ છતાં પ્રિયંકા પટેલે ઉછીના આપેલા પૈસાની માંગણી કરતા જીમીએ ઉશ્કેરાય જઈ પ્રિયંકા પટેલને માથાના ભાગે કુહાડીના જીવલેણ ઘા કરી દેતા ઈજાગ્રસ્ત પ્રિયંકા પટેલને સારવાર અર્થે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. ઘટનાની ફરિયાદ પ્રિયંકા પટેલના પતિ હિતેશ પટેલે ચીખલી પોલીસ મથકમાં આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


## પ્રાર્થના સભા



સ્વ. શ્રી કૃષ્ણ દેવ સત્યનારાયણ ચૌબે
સ્વ. તા.૪.૦૩.૨૦૨૬

**શ્રી કૃષ્ણ દેવ સત્યનારાયણ ચૌબે** (સંઘના પૂર્વ નગર કાર્યવાહક અને સામાજિક સેવા ના કાર્યમાં હંમેશા અગ્રસર) તારીખ ૪.૦૩.૨૦૨૬ બુધવારના રોજ દેવ લોક પામ્યા છે. એમના આત્માને પ્રભુ ચીર શાંતિ આપે એ જ પ્રભુને પ્રાર્થના.

સદ્‌ગતની પ્રાથનાસભા **તા. ૦૮.૦૩.૨૦૨૬ ને રવિવારના રોજ સાંજના ૦૪.૦૦ થી ૦૬.૦૦ કલાક** દરમ્યાન એમના નિવાસ સ્થાન **દેવેન્દ્ર એપાર્ટમેન્ટ, ભોલે બાબા આશ્રમ પાસે, આનંદ નગર, છરવાડા રોડ વાપી** ખાતે રાખવામાં આવેલ છે.

લિ.

**શ્રી કૃષ્ણ દેવ ચૌબે પરિવાર તેમજ દેવેન્દ્ર એપાર્ટમેન્ટના રહીશો**


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**